૧ અથવા **કોલા દેનાં** વાંચતાં: "એ સઘલું, નિચે જણાવેલું બધું" એવો અર્થ થાય છે. ૨ **બરા કૂનિશ્ન.**

૩ **હુમાર ઈ તન્ વ રૂબાન.** ૪ અથવા "કોણ પાસેથી".
૫ **વશ્તમુન્તન્** એ શબ્દ ખાવું અને પીવું એવા બન્ને અર્થ બતાવે છે. ૬ **અકૂમ આ કર્દ.** ૭ **મિન્ બુનીહ્.**

૮ સરખાવો ફા૦ **બાસ્તાંન,** અવસ્તા શબ્દ **બાઇધિશ્ત** ઉપરથી તે નિકલેલો ગણતાં તેનો અર્થ "બચીત, બેશક" એવો થાય છે. ૯ **રન્જગ.**
૧૦ **મિન્ અહુ મીનિશ્ન,** "અંતઃકરણ પૂર્વક વિચારથી". (સરખાવો અવ૦ **અહુ "અંતઃકરણ, જીંદગી".**) એનો અર્થ "જેહનદાર મન અથવા વિચારથી" એમબી થાય.
૧૧ **ગુર્સંગ** "ભુખ્યો".

અને (પોતાની કમાઇમાંથી) ભલાં લોકોને[1] આપેછે, અને તે પોતાના રવાનના પ્યારને ખાતરજ તે આપેછે.

૭ મું. એમ કહેલું છે કે, ખોદા તરફની વફાદારી[2] કોઇબી બીજા તરફની વફાદારી કરતાં શ્રેષ્ઠ છે; પોતા તરફનાં દ્રઢપણાંમાં આત્મા તરફની વફાદારી શ્રેષ્ઠ છે; તથા જે મક્કમપણું એક પુરૂષ પોતાનાં સદગુણી કામોમાં ધરાવેછે,[3] તે બીજી કંઇબી ચીજ તરફની વફાદારીમાં ઉત્તમ છે.

૮ મું. (૧) એમ કહેલું છે કે, અમીશ્રીત ખાસ્યત તે (કહેવાય) કે જે લોભી પણામાં અને હાજતમંદીમાં[4] જાહેર થાય છે.[5] (૨) અને સ્વચ્છ અક્કલ તે છે કે જે ગુસ્સા અને હવસનાં[6] વખતે (જાહેર થાયછે). (૩) અને ખાલેસ અંતઃકરણ તે (કહેવાય) કે જે કીર્તી અને માન[7] આવી પહોંચે, (અને) તેમને કાબુમાં રાખવાનું અને દુર રાખવાનું બનવા જોગ[8] ન હોય, ત્યારે (જાહેર થાયછે). (૪) વળી જ્યારે ખાસ્યતને શણુગારવામાં આવે છે ત્યારે અક્કલ બાહેર આવેછે; અને જ્યારે અક્કલ બાહેર આવેછે ત્યારે અંતઃકરણ જાહેર થાયછે;[9] તેમજ જ્યારે અંતઃકરણ પ્રગટી નિકલે છે ત્યારે પાપ થઇ શકતું નથી; અને પાપ કરવામાં ન આવે તો કોઇને કદીબી નુકશાન થતું નથી.

૯ મું. એમ કહેલું છે કે, જે કોઈ આદમી પોતાની કળા[10] થી પોતાના તનની બાબદમાં મદદ[11] એકઠી કરેછે,[12] અને પારકાને લગતી[13] મતાથી વિચારવંત રહી[14] દુર રહેછે, તે શખ્સ ખચીત પોતાની અંદર ભલી ફરેસ્તાઈ ખસલતો[15] ધરાવે છે.

---

૧ અથવા જો એમ વાંચ્યે કેઃ **"મુન્ મિન્ નશ્શાં વબીહૂનયેન્, ઑલ્ શપીરાંન્ યેહબુનૅદ** તો બોલેબોલ નો અર્થ એમ થાય છે કેઃ "જે કોઇ પોતે જે કંઇ કમાતો હોય તેમાંથી ભલાંઓને આપેછે તે."

૨ સરખાવો ફા૦ **ઉસ્તૂખ્વાનીહ** "પ્રમાણીક નીસ્તા," "ઑસ્તવારી," "મજબુતાઇ", ૩ **યખ્સેનુનેદ.**

૪ DP.અનેK. મુજબ **આર્જૂ;** DM. મુજબ **આઝ્ વ ખ્રૂતૂ નિગૂન્,** "લોભ્યાપણું અને ઉંધી અક્કલ." ૫ **અએવાચ્,** એટલે જ્યારે લોભ અને તંગી હોય ત્યારે ખાસ્યત જાહેર થાય છે. ૬ **અઍશ્મ વ વૅર્ન.** ૭ **નંગ્** નો અર્થ "આબરૂ" તેમજ "શરમ" થાય છે. બીજી રીતે અર્થઃ—"જ્યારે કીર્તી અને નામોશી આવી લાગે;" અથવા **કામ્ વ નંગ્** વાંચતાં "ઇચ્છા અને અપમાન" એવો અર્થ થઈ શકે. ૮ **સ્પૂખ્તન વ જદન્ તૂબાન્.** ૯ અથવા, "આવી લાગે છે."

૧૦ **હુનર.** ૧૧ **અપસ્તાંન** (સરખાવો અવ૦ **ઉપસ્તા** "મદદ".) ૧૨ **લખ્વાર્ કર્દન્** (સરખાવો ફા૦ **બાઝ કર્દન,** "ફળ ઇત્યાદિ ભેગાં કરવાં." ૧૩ **ઝાબ્,** સરખાવો ફારસી **ઝાબ્,** "ગૂણ, મતા, જરો." ૧૪ **પવન મીનિશ્ન.** ૧૫ **યૅઝત.**

૧૦ મું. એમ કહેલું છે કે, દરેકે પોતાનો દરવાજો ખુલ્લો રાખવો જોઇએ, તે એવી મતલબથી કે માણસો ઘરમાં આવે; કારણ કે જે ઘર તરફ માણસો જતાં નથી તે તરફ પવિત્ર યઝદો તેટલા માટે જતા નથી; સબબ એ કે પવિત્ર શકિતઓનું આવવું તે જગાએ વધુ હોય છે કે જ્યાં માણસોની આમદ વધારે હોય; અને આદમીઓનું આવવું એવી જગાએ વધુ હોય છે કે જ્યાં ખોરાક અને પોશાણ મલી શકતાં[1] હોય.

૧૧ મું. (૧) એમ કહેલું છે કે, જે શરાબ પીએ છે તેના બાબમાં નિચલી પાંચ ખાસ્યતો તેની પહરેઝગારીની નિશાની તરીકે જાહેરમાં આવે છે:[2] સંપૂર્ણ જાન-ફેશાની, ભલું મન ધરાવવું, માણસજાત તરફનો પ્યાર,[3] સખાવત, અને સુલ્લેહભર્યો સંબંધ.[4] (૨) તથા જે પુરૂષ દારૂ પીયે છે[5] તેના બાબમાં નિચલી પાંચ ખાસ્યતો તેના દુર્ગુણોની નિશાનીઓ તરીકે જાહેર થાય છે: અભિમાન, કુસંપ, આદમી તરફનો ધીક્કાર,[6] ક્રોધ, અને કંજુસાઇ[7]

૧૨ મું. એમ કહેલું છે કે, જે આદમી બુરો હોય તે પોતાના આત્મા માટે પહેલાં અફસોસ કરે છે,[8] અને પાછલથી તેને લાગે છે કે: "હુ ઠગાયોછું."

૧૩ મું. એમ કહેલું છે કે, એક (કંઇ) થોડું (દરશાવતો) નથી, અને એક હઝાર[9] ઘણું (બતાવતો આંકડો) નથી; એક તે મીનોઇ (ઉપર ધ્યાન આપનારા) ની દોલત છે, અને એક હઝાર તે ખાકી (વળણ ધરાવનારા) ની દોલત છે[10]

---

૧ **અઇધ્ ખૂરિશ્ન્ વ દારિશ્ન્ હુશ્કેખૂન્દ્,** "જ્યાં લોકોને ખુરાક અને ગુજરાનનાં સાધન મલતાં હોય."

૨ "દેખાય છે." ૩ અસલ અર્થ: "આદમી તરફની મીત્રાચારી, પરોપકાર."

૪ વાંચણ: **વ આરત ખ્વીશીહ;** બીજી રીતે લેતાં: **આરત ખ્વાયીશ્** "સુલ્લેહભરી ઇચ્છા;" **વહિશ્ત ખ્વીશીહ** "બેહશતનો સંબંધ," વિગરે.

૫ એ શબ્દો મતલબ પુરી સમજાવવા ઉમેર્યા છે:– **મૂન્ આસ્ વશ્તમૂનેદ.**

૬ "માણસ સામે દુશ્મનાઇ." ૭ એનો સાર એકે દારૂ પીવાથી એક પવિત્ર માણસ ફકત ભલીજ ખાસ્યતો દેખાડે છે, જ્યારે બુરો માણસ પોતાની બદ ખસલતો જાહેર કરે છે.

૮ **શીવન,** "બલાપો, રૂદન."

૯ એ શબ્દ "દશ હજાર" બી વંચાય. ૧૦ એની મતલબ એ કે જે કંઇ એક હોય તે ખાસ કરી થોડુંજ હોય એમ નથી, અને તેજ મુજબ એક હજાર તે કંઇ ઘણુંજ ન હોય; કારણકે મીનોઇને લગતી એક કીંમતી ચીજ ખાકી દુન્યાને લગતી હજારો ચીજોની બરાબર અહિં ગણેલી છે.

૧૪ મું. એમ કહેલું છે કે, દુન્યવી કારોબારમાં હઝારગણું કૌવત બીસાદ વગરનું છે,[1] અને મીનોઇ વહીવતર[2] માં એકગણું જોર વજનદાર[3] છે.

૧૫ મું. એમ કહેલું છે કે, એક હઝાર માણુસો શબ્દોથી કોઇને જેટલું મનાવી[4] શકતા નથી, તેટલું એક માણુસ (પોતાના) કામોથી હઝાર આદમીને (મનાવી) શકે છે.

૧૬ મું. (૧) એમ કહેલું છે કે, જે પુરૂષ પોતાને શરિરીક બાબદમાં હદ બાહેર શણગાર્યા કરે છે, તે આત્મીક રીતે નુકસાન પામે છે[5]; અને તેજ (કારણ ને) લીધે તનોમંદ (શણગારો) માફકસરનાં હોવાં જોઇએ, અને એટલા પ્રમાણમાં હોવાં જોઇએ કે જેથી મીનોઇ દોલતનો નાશ થાય નહિ. (૨) દાણા અને દાનેશમંદ અસ્લી (વડવાઓ) એ જ્યારે તપાસ કીધી હતી ત્યારે તેમને માલુમ પડયું હતું કે ફાની દોલતનો નાશ થાયછે અને મીનોઇ ખજાનો ટકી રહેછે; અને સ્વભાવીકરીતે[6] તેઓએ કબુલ રાખ્યું છે કે બાકી બાજુને વાજબી હદ સિવાય આગલ વધારવાથી[7] એવો વધારો થઇ શકતો નથી કે જેથી તે મીનોઇ બાજુને ઇજા કરનાર અને નાશકારક થઈ પડે નહિ. (૩) અને તે લોકો જે દોલત માફકસર હદનાં પ્રમાણથી બાહેર હોય તેને છોડી દેતા હતા,[8] જેથી દુન્યવી રેલછેલને[9] લીધે જે કંઇ બાકી કરતાં બહેતર હોય તે જતું રહે નહિ.

૧૭ મું. એમ કહેલું છે કે, (સૌથી સરસ) દવા એકજ છે, અને (નમુનેદાર) ધર્મમત[10] એકજ છે; તે દવા હદસરનો ખોરાક છે, અને પેલું ધર્મમત તે પાકીઝગી ઉપર ચાલુ મનન કરવું તે[11] છે.

૧૮ મું. એમ કહેલું છે કે, માફકસર ખાવું શરિર માટે સારૂં છે, અને મસ્લાહેઆસર બોલવું એ આત્મા માટે સારૂં (છે).

૧૯ મું. એમ કહેલું છે કે, ખોરાક પાંચન કરવો[12] તનને માટે ઠીક છે, અને ક્રોધ ગળી જવો આત્માને માટે સારો છે.

---

૧ સરખાવો ફા○ **નાચીઝ,** "કંઇ બીસાદ વીનાનું, નહિ જેવું". ૨ **રાયીનિશ્ન.** ૩ સરખાવો ફા○ **ચીઝ,** જે "કીમતી વસ્તુ" ને અર્થેબી વપડાય છે.

૪ **વરૂયીનીદન્.**

૫ **ગર્બ્તા ફ્રેહીબૂદ આરાઍ ગબ્રા મઈનૂગ વિશૂસ્ત્ ચેહવૂનેદ.** બીજી રીતે લેતાંઃ " દુન્યવી મોજને હદબાહેર ભોગવવાથી, આત્મીક બાબદમાં એક માણુસ નુકશાન પામે છે ". ૬ **ચિમીગ;** સરખાવો ફા○ **ચમી** "ખરી, સાચ્ચી, દુર ન થાય એવી ". ૭ **ગર્બ્તા રાયીનિશ્નીહ્.** ૮ **શેદકૂનાં.**

૯ **રીજગીહ્;** સરખાવો ફા○ **રીખ્તન્** " રેડવું ".

૧૦ **વાચગ્.** ૧૧ **મીનીદારીહ.** ૧૨ સરખાવો ફા○ **ગવારીદન** " પચાવવું ".

૨૦ મું. એમ કહેલું છે કે, અભિમાન[1] ને લીધે (પોતાની) અપકીર્તિ (નિસ્તી)[2] આવે છે; અને આપસ્વાર્થીપણામાંથી દુઃખ કારક નુકસાન ઉત્પન્ન થાય છે; અને હીનપસ્તીભરેલી બંદગીથી દોજખનો રસ્તો (મલેછે); તથા કીનાખોર આદમી (પોતાના) આત્માને (દોઝખથી) છોડવી શકતો નથી.

૨૧ મું. એમ કહેલું છે કે, જે કોઇએ પોતાના આત્માને ખાતર હાલસુધી[3] કંઇ કર્યું નથી, તેણે કશું કામ કીધુ નથી (એમ કહેવાય); વળી જે કોઈ પોતાના આત્મા માટે હવે પછી[4] કંઇ કરતો નથી, તે કશું કામ કરતો નથી (એમ ગણવું).

૨૨ મું. (૧) એમ કહેલું છે કે, **બાખ્ત આફ્રીત** (નિચે મુજબ) કહી ગયો છે કેઃ—કયામત સુધીમાં જેકોઇ આફતોનો ટાલનાર હશે તે કીર્તી અને દુન્યાની બાબદમાં જ્યારે (એક) મેળવે છે[5] ત્યારે (બીજું) ખોહી દેછે,[6] જ્યારે (એક) ખોહીદેછે ત્યારે (બીજું) મેળવે છે." (૨) અને તેણે એમબી કહયું છે કેઃ—"જે કોઈ આ વધારતો નથી તે પેલું મેળવતો નથી, તથા જેકોઇ પેલું જોતો નથી તે આનો વધારો કરે છે;[7] આ (એટલે) ખાકી અને પેલું (તે) મીનોઇ (સમજવું). (૩) તથા તેણે એમબી કહયું છે કેઃ—"જેકોઈ પ્રખ્યાત થવાની આરજુ રાખે છે તે કજસ્પોઠ[8] બને છે; પણ જેને કીર્તી જોઇતી[9] નથી તેને આખરેબી તેની કીર્તી મલે છે. (૪) વળી તેણે એમબી કહયુંછે કેઃ—"દરાખના રોપાની ડાંખળીનાં બનેલાં દોરડાંનાં ટુકડાનાં[10] એક છેડાને[11] દુન્યામાંનો કોઇબી શખ્શ જો મારા હાથ અથવા માથા ઉપર મુકે તોબી તેને ખેંચીને વીટાલવું[12] લોકોથી બનવા જોગ નથી, કારણ જ્યારે તેઓ ખેંચે[13] ત્યારે હું તેમાંથી સરી નિકલી પડું.[14]" (૫) વળી તેણે એમબી કહ્યું છે કેઃ—"જમાનાની દાનેશ[15] જ્યાંસુધી મારા પોતાના ખાલેસ ખવાસની મદદથી અને

---

૧ **મિન્ અવર્તનીહ્** ૨ **અન્બીન્-બૂદગીહ્.**

૩ અસલ અર્થ "હમણાં સુધીમાં;" અથવા " અગાઉ ". ૪ અસલ અર્થ " હાલના વખતથી આગલ ચાલુ ".

૫ **વખ્દૂન્ત.** ૬ **શેદકૂનાંન્દ** (**શેદ્કૂન્ત** જોઇએ.) ૭ **રાથીનેદ;** (બીજી રીતે લેતાં, **લા જીવેદ્,** " જીવતો નથી. ".) ૮ **અવીશૅમ** "નામ વગરનો, જસ વીનાનો". ૯ **બઅૅન્ લા આવાયદ્.** ૧૦ સરખાવો ફા૦ **રિશ્તહી તાક,** "દરાખની ડાંખલી."; **તાક્,** "દરાખનું ઝાડ;" **તાકીસ્તાન,** " દરાખનો બગીચો; " એનો અર્થ " કોઇબી જાતના દોરડાંનો એક ટુકડો " એમબી થઇ શકે. ૧૧ **અમત્ રોયશા-ઇ, મૂન રૅાયશાને** બદલે લખાયો છે. ૧૨ પહલવી **નસ્ખૂન્તન,** " વળ દેવો ". ૧૩ **આહુન્ચૅન્દ્,** અવ૦ **હુંચ્** "ખેંચવું;" ફા૦ **આહુન્જીદન.** ૧૪ **પવન સૂયમ,** ફા૦ **સૂદન,** "ભાંગીને અંદરથી નિકલી જવું." ૧૫ **અવ્બામ મીનિશ્નીહ્,** અસલ અર્થ " વખતને અનુસરતો વિચાર. "

દાદારની પસંદગીથી શોધી નહિ હતી, ત્યાં સુધી મારી પાસે તે નહિ હતી." (૬) વળી તે ઉપરાંત તેણે કહયું છે કે:—"દરેકજણે પોતાના મનની બાબદમાં રૂ પીંજવાનું,૧ સુંથારનું,૨ કપડાંને સફેદી આપનાર ધોબીનું,૩ અને લુહારનું૪ કામ કરવું જોઇએ; કારણકે જેમ રૂ પીંજવાની મતલબ ધુળ કાઢી નાખવાની અને (તેને) નરમ બનાવવાની છે, તેવીજ રીતે દરેક માણુસે પોતાના મનના સંબંધમાં ઇચ્છવું૫ જોઇએ૬, અને તેને નરમ૭ બનાવવું જોઇએ; અને જેવી રિતે એક સુથાર ગમે એવાં ખડબચડા૮ લાકડાંને સપાટ બનાવેછે, તેવીજ રીતે માણુસની જાતે પ્રમાણીકપણાની બાજુએ પોતાનુ ધ્યાણુ ખેંચવું જોઇએ,૯ અને મનને સીધું રાખવું જોઇએ. (૭) અને જે મીસાલે ધોબી કપડાં ધોએ છે અને તેમાંથી મેલ કાઢી નાખી તેને ચોખ્ખાં કરે છે, તે મીસાલે માણુસે પોતાના વિચારોને ઉમંગી અને રોશન કરવા જોઇએ, અને એ મીસાલે માણુસજાતે પોતાના વિચારોને દુર્ગુણવાલા ખવાસ અને ગુનાહથી ધોઇ નાંખી તેમને પવિત્ર રાખવા જોઇએ. (૮) અને જે મીસાલે લુહાર લોઢુ ગરમ કરે છે અને તપાવી લાલ કરે છે, તેજ મીસાલે માણુસ જાતે પોતાના વિચારોને સવાબનાં કામોની દોલતપર તપાવીને ગરમ રાખવા જોઇએ.

૨૩ મું. એમ કહેલું છે કે, તેજ પુરૂષ ઉદારદીલનો છે કે જે લાયક સીવાય૧૦ ભલતાંને ધન આપતો નથી; અને એક માણુસનું ધન નાશ નહિં પામે તેવી રીતે ટકાવવું૧૧ એટલેકે ઘટતી રીતે તેની બક્ષેશ કરવી, જેથી તે માણુસને માટે બીજો ખજાનો પાયદાર રહેવા દેવામાં આવે,૧૨ અને તે માણુસને દોલતને માટે રહેવા દેવામાં આવે.૧૩

૨૪ મું. એમ કહેલું છે કે, જે કોઇ બુરા આદમીઓને કંઇ આપેછે તે ધીકારને પાત્ર છે.૧૪

---

૧ **કૂલ્નાર્ગરીહ્** "રૂ પીંજવાનું કામ;" સરખાવો ફા૦ **કુહ્ન્** "પીંજેલો રૂ." ૨ અવ૦ **દાઉરૂ** ઉપરથી; ફા૦ **દરૂદગર,** "સુંથાર." ૩ ફા૦ **ગાઝરી,** "કપડાં ધોઇ સફેદ કરવાં," "ઉજલાં બનાવવાં." ૪ **આહુંગર.** ૫ **બવીઝૂનસ્ત.** ૬ એટલેકે તેણે પોતાના મનની પવિત્રાઈ અને પરહેજગારી માટે ખાહેશ રાખવી જોઇએ. ૭ **નર્મ કર્દન્** ૮ **અન-હાલ્, ફા૦ હાલહ્,** "સુંવાલું, નરમ." ૯ **મીનિશ્ન્ નક્શાં હીશ્તન્,** "પોતાનું મન અથવા વિચારો ખેંચવા જોઇએ."

૧૦ **અરા મિન્** ૧૧ **પવન્ અન-અર્ઓશગ;** (અસલ અર્થ; "નહિ નાશ પામે એવી યાને અમર્ગ હાલતમાં;" અથવા "એવી રીતે વપડાયલું ધન પાયદાર બનાવવા". ૧૨ **શે દૂકૂનર્યેન.** ૧૩ એની મતલબ એ કે: એવી ગોઠવણ થવી જોઇએ કે જેથી એક દોલત બીજી દોલત ને ઉત્પન્ન કરે, યાને તેને જાલવવા, અને તે સલામત રહે અને તેનેથી ફાયદો મળે એવી રીતે રોકવા, કોઇ માણુસ ચાલુ નેમાયલો હોય.

૧૪ **નંગગર** "જે કોઇ પોતાને શરમમાં યા નામોશીમાં લાવે છે તે.'

૨૫ મું. એમ કહેલું છે કે, જે માણસ ખાલેસ સ્વભાવ મેલવવા માટે, નેક લોકો તરફના પ્યાર, તેઓની મદદ અને મસલેહત માટે આતુર હોય છે, તે પોતાની કીર્તી અને આત્મીક નેફાર[1] વધારે છે.

૨૬ મું. એવું કહેલું છે કે, જે કોઇ બુરા લોકો સાથે ફરે છે તે પોતાના ખવાસમાં ઘણો ખરાબ બનેછે, અને વળી જે બુરા લોકો સાથે ફરે છે તેની સાથે ફરનાર આદમીબી (પોતાના) ખવાસમાં બગડી જાય છે.

૨૭ મું. એમ કહેલું છે કે, જેમ શરીર વેરાણ બીઆબાન[2] માં જેટલું બીહેછે તેટલોજ આત્મા ગભરાટથી[3] બીહેછે; એનો સબબ એકે (એવા) ગભરાટમાં ખાસ કરીને[4] બુરી શકિતઓનું તેનામાં શાથે મળવું થાયછે,[5] અને જયાં બુરી શકિતઓનું શાથે મલવું (હોય) ત્યાં આત્માને પુસ્કળ ઇજા[6] થાય છે.

૨૮ મું. એમ કહેલું છે કે, એક દસ્તુરે કહયું હતું કે: જેવી રીતે પસ્તાવાથી રવાન દરેક ગુનાહથી પવિત્ર બને છે તેવીજ રીતે ઘણે દરજજે સંતોષીપણું આત્માની આગલથી જુલમનાં દુર્ગુણને[7] પાછલ રાખે છે.

૨૯ મું. એમ કહેલું છે કે, તેજ સખી પુરૂષ ઉંચા મરતબાનો ગણાય છે કે જે કોઇબી રીતે[8] પોતાની જાત મહેનત અને તકલીફથી ખોરાકી[9] એકઠી કરવાનો (ઇરાદો રાખે છે), અને તે એકઠો કીધેલો ખોરાક લાયક લોકોને આપેછે,

---

૧ DP. મુજબ **દેહશ્ ઇ મઇનૂગીગ,** અથવા **ગાસ્ ઇ મઇનૂગીગ,** એટલે "મીનોઈ બક્ષેશો," અથવા "મીનોઈ મકાન".

૨ વાંચણ:- **વીયાવાંન્** (અવ૦ **વીવાપ**); ફા૦ **બીઆબાન;** બનવા જોગ છે કે એ બોલ **"નીયાઝાન્,** "હાજતમંદ, ભીખારી," હોય. ૩ વાંચણ:—**અવ્બર્સ,** સરખાવો અવ૦ **બ્રાસ્**; સંસ્કૃત **ભ્રાસ્,** "તમર ખાઇને પડી જવું;" ફા૦ **બર્સ,** "ફાંસીનું દોરડું, ઘોડાને મારવાની આડ," તે ઉપરથી ફા૦ **હુબરહ,** "ગુચવાડો, ઘોંટાલો".
૪ DM. મુજબ:—**પવન્ હેના ચીમ મા બઍન્ હૂબરહ આન્ગૂન્ તર્સેંદ્ ઝક ઈ અમત્ સહુમતૂનૅદ્ ઈ સરીતરાન ચેહવૂનેદ્,** "એનું કારણ એ કે ઘભરાતમાં જ્યારે બુરાઓથી તે રવાન બીધેલું હોય છે ત્યારેજ એટલી બીહક બુરાઓથી તેને હોય છે." ૫ **ચેહવુનેદ્** ૬ **ઝીયાન્ ઇ કબદ્ આઇનીનગ.**

૭ અથવા "જુલમની બદી," એટલે જે દુર્ગુણ આત્મા ઉપર જુલમ કરે છે તે.

૮ **બઍન્ હિચ્ ગઍાન.** જો **બઍન્ હતાન્** લઇએ તો એનો અર્થ "જબાંનની ફસાહત, અથવા સમજણ" થઈ શકે; સરખાવો ફા૦ **હતાંન,** "તેઝ જબાંન ધરાવનાર;" "બોલવામાં ચબરાક". ૯ **પતુગ;** અવ., સંસ૦ **પિતુ, પિથ્વા,** "ખોરાક, પોશાણ".

૩૦ મું. (૧) એમ કહેલું છે કે, આદમી નેકીની બાજુએ[1] ઘણોજ (દલેલો) રહી નેક બદલો[2] મેલવનાર થવો જોઇએ, અને તેણે નેકીનાં કામો કરવા સારૂં જાતી મહેનત કરનાર થવું જોઇએ; ખોદાની મહેરબાનીની[3] ભલી મીનોઇ હસ્તીઓ મારફતે, અને નહિ કે દુન્યવી હસ્તીઓ મારફતે, તેણે શોધવી જોઇએ. (૨) એક એવો મામલો થાય યા આવી પુગે કે, એક શખ્સને પેતાના આત્માંનાં પ્યાર ને ખાતર દ્રવીશીમાં રહી તેને તાબે થવુ પડે,[4] તો (તેવે વખતે) ઉપાય (એછે) કે પોતાની રાજી ખુશીથી તે શખ્સે લાચારીમાં વધારે ચઢતું રહેવું[5]; કારણ તેમ (કરવા) થી શરિરની શાંતી, બેફીકરાઇ, અને રવાનનાં સારા હેસાબ શુમારની હાલત બરપા થાય[6] છે; વળી જે પુરૂષ પોતાના શરિરને સારી રીતે નિભાવતાં ઘણીજ જરૂરી મજાહો કરતાં થોડી અગત્યની[7] મજાહોથીબી વધારે દુર રહેછે[8], તેને માટે દ્રવીશી હાલતમાં ચઢયાતુ રહેવું વધારે બનવા જોગ છે, અને જે કોઇ તેમ કરતો નથી તે દ્રવીશી હાલતમાં ઉંચે મરતબે રહી શકશે નહિ. (૩) અને જે શખ્શ નાચારીથી[9] નહિ, પણ દ્રવીશની જીંદગીથી (નિપજતા) ફાયદાઓને લીધે, દ્રવીશની હાલતમાં વધારે ઉંચી પંકતીએ રહેછે, તે માણસ પોતે અહરમનને (તેને લગતી) પેદાયશો[10] સાથે દુન્યામાંથી બાહેર કાઢે છે;[11] હમેશાં[12] તેવાં કામથી રવાનને

---

૧ **હૂપાર** (અવ૦ **પાર,** "બાજુ, દીશા" ઉપરથી) "ભલઇની બાજુએ."
૨ **નવીદ્વર** (ફા૦ **નવીદ** "બદલો.") ૩ **સેપાસ.** ૪ **પર-યૅગવીમૂનાતન** (**પર-ઈસ્તાદન**) સરખાવો પહલવી **પરિસ્તીદન,** ફા૦ **પરસ્તીદન,** "તાબેદાર રહેવું, પુંજા કરવી." ૫ **લાલા યેગવીમૂનિશ્ન.** ૬ **અવા અઇમારીહ,** અસલ અર્થ "ગણુતી સીવાય નહિ," એટલે "મરણ પછીની ભલી ગણુત્રી સાથના" જેના કામો ભલાઇને ખાતે ગણાય તે. ૭ **માદગૂતર** (**માદીગૂતર** જોઇએ.) ૮ વાંચણ: **હૂગરાઝૅદ,** સરખાવો ફા૦ **ગરાઝીદન,** "દમામમાં ચાલી જવું." બીજીરીતે વાંચ્યે તો **હૂદરાઝીદન** અથવા **અંદર-આઝીદન** લઈ શકાય. **અંદર આઝીદન** એટલે "અંદરખાનેથી બલાપો કરવો;" ફા૦ **આઝીદન** "અફસોસ કરવો, દુખ દેવું." તે પરથી "જુસ્સામાં ખીજવાવું તે." ૯ **લા અચારગીહા.**
૧૦ અસલ લખાણમાં **શૂદગાન** છે, તેને બદલે **વિશુદગાન** જોઇએ, જેનો અર્થ પહલવીમાં "અહરમનની પેદાયશ" એવો થાય છે; અવ૦ **શુત,** "પેદાયશ," ધાતુ: **શુ,** "વધારવું." એજ પહલવી શબ્દને **યેહુદગાન** (યાહુદીઓ) વાંચી શકાય. ૧૧ જ્યારે એક માણસને દ્રવીશની જીંદગી ગુજારવાની હોય ત્યારે તેણે તે હાલત સંતોષીપણે ખમવી જોઇએ, અને મજાહો ખોવા માટે દેલગીર થવું ન જોઇએ; કારણ કે ગરીબાઇની છેક કંગાલમાં કંગાલ હાલતમાંબી આત્માની ઊંચી અને ઘણીજ ઉમદા હાલત ટકાવી શકાય છે. ૧૨ **બઍન કોલા ગાસ,** એનો અર્થ "બધી જગાએ" બી થઈ શકે છે.

કંઇપણ નુકશાન[1] કે બીગાડો થતો નથી, તેમજ જાતી નામોશી[2] હોતી નથી. (૪) દરેક માણસે પોતાને[3] ખુશીમાં રાખવો જોઇએ, અને તેજ પ્રમાણે પ્રમાણીક નીસ્તાથી ખુશાલીને એક બાલકની માફક પ્રીત[4] થી ટકાવવી જોઇએ, અને તે બાબદમાં એવી રીતે જાતી કોશેશ કરવી જોઇએ કે જેથી પોતાના તનમાંથી આનંન્દ કદી દુર થાય નહિ. (૫) અને જો કોઇ એવી ખાહેશ ભોગવવા આતુર હોય, કે જે પાર પાડવાથી પાપ કરવું પડે[5] તો તેવી ચીજ કરવી નહિં જોઇએ; પણ કોઇ બીજીજ ચીજ એવી કરવી કે જે જ્યારે તે પાર પડે ત્યારે તે ખુલાશી વધારે, અને તેમાંથી કંઇ પાપ નિપજે નહિ. (૬) અને ખચીતજ કોઇપણ રીતે શરીરમાંથી ખુશાલી દુર કરવી નહિં જોઇએ; જોકે ઘણા બાલકોની (બાબદમાં) જ્યારે તેઓ કોઇ ચીજની ખાહેશ રાખતાં હોય, અને લોકો તેઓની મરજી પ્રમાણે તે પાર પાડે છે ત્યારે (શરિરમાં) તેનાથી બીમારી[6] ઉત્પન થાય છે; પણ તે બાલકોએ ચાહેલી ચીજનાં ખાસા તરફ જોતાં તે એક ખજુર કે અખરોતનાં મેવા જેટલીજ મીઠી હોય છે, જે આપવામાં આવતાં તે બાલક શંતોષી[7] અને ખુશાલ બનેછે; લોકોએ શંતોષ મેલવવા ના બાબમાં ખુશાલીને ઘણે દરજજે કીમતી ફીલસુફોએ જાહેર કરેલી છે.

૩૧ મું. (૧) એમ કહેલું છે કે, "સત્તા ધરાવતા હો તેવી હાલતમાં, કે વગર બળની દુખ ભરી હાલતમાં[8], ગુસ્સાને મારી નાખો,જેથી બેહમન (ભલું મન) તારાં શરિરમાં વાસો કરે; કારણ કે જે પુરૂષમાં બેહમન રહેઠાણ નહિ કરે તેનું રવાન ગરોથમાનમાં[9] વાસો કરશે નહિ. (૨) બીજાંને દુઃખ અને ઇજા કરવાથી એટલો દુર[10] રહેજે કે જેમ[11] આદમીના મુવેલાં શરિરથી (તું પરહેજ રહે છે તેમ); કારણ કે જે પલીદી અનેરીમન કરનારી અપવિતાઇ શરિરને પોંહોંચે છે, તે ધોઇને સાફ કરવું ઘણું સહેલું છે[12], તેની મતલબ એકે જે કંઈ

---

૧ K. માં **અઈરંગીહ** છે; સરખાવો અવ૦ **ઍરૅધંત**, "ઘંઘીલી હાલત, ફુવડાઈ". ૨ **દૂસૂબીહ**, "અપમાંન; અપકીર્તી." ૩ કલમી કેતાબો મુજબઃ **વ શેમ વ તન**, "અને નામ તથા પોતાની જાત ખુશીમાં રાખવી;" અથવા **વ ચેહ્મતૂન**, "અને આવી પુગવું." ૪ **નિવાઝિશન**; ફા૦ **નવાઝિશ**, "પારકાની ઉમેદો બર લાવવી તે;" "પ્યાર ભરી વલાણુ". ૫ પહલવીઃ **ઈ અમતશ ઑલ કામગ્ સાજેંદ, વિનાસ અઝશ્ શાયદ્ ચેહ્વૂનૅદ્**. ૬ **વિનાસ** નો અર્થ અહીં "બીમારી, ગુચવાડો, નાશ" એવો થાય; અવ૦ ધાતુ **નસ**. "કોહવું." ૭ **ખૂરસન્દીહ**.

૮ અવ૦ **ત્પઍષ**; એટલે, જ્યારે સત્તા ધરાવતા હો ત્યારે ગુસ્સાને મારજો, જ્યારે સત્તા નહિં ધરાવતા હોવો ત્યારે દુઃખને દુર કરવાની કોશેશ કરજો. ૯ અવ૦ **ગરોદેમાન**. ૧૦ **રખીગતર**, હીઝુ–પાઝંદી **રખીગ**; બીજી રીતે લેતાં **રાયગતર**, "ઘણી ગંભીર રીતે," "ઘણી વિચારવંત ઢપથી." ૧૧ **અર્ઘ**. ૧૨ **ખ્વાર્તર્**, અવ૦ **ખ્વાસ**; ફા૦ **ખ્વાર**. અહિં અધીક દર્શક વિષેશણ સર્વોપરીપણું દેખાડે છે.

(બીગાડો) રવાનને પહોંચે છે તે પાછલથી ધોઇ નાખવો યા સાફ કરવો બનવાજોગ નથી, સિવાય કે દર્દ[1] અને સખ્તીથી ભરેલા[2] પસ્તાવાથી, અને શિક્ષા તથા વાજબી નતીજાથી[3] (તેમ બની શકે). (૩) દરરોજ ત્રણ વખત ખોરશેદની સેતાયશ કરવી[4] જોઇએ, અને પોતાને યઝદોને અર્પણ કરી દેવો જોઇએ; ખોદાની હસ્તી અને હમેશની પાયદારી,[5] તથા દેવોની નિસ્તી અને નાશ[6] (દુન્યાને) ખુલ્લાં જાહેર કરી દેવાં[7] જોઇએ, જેથી તે (બુરી હસ્તિઓ) આખરે નાબુદ અને નાશને આધીન થાય. (૪) તથા દરરોજના કાર્યમાં[8], અને હરેક ગુનાહ અને વાંક[9] (થાય) તેને માટે, તારે પસીમાન થવું જોઇએ, એવું વિચારીને કે: 'હું (તે) ફરીથી કરીશ નહિં'; અને વળી તારે તેથી પાછું ફરવું જોઇએ[10] અને પસ્તાવો કરવો જોઇએ. (૫) અને દરરોજ, ઓછામાં ઓછા ત્રણ વખત, તારે તારો પોતાનો હેસાબ[11] એજ બાબદમાં નિચે મુજબ લેવો જોઇએ કે: 'આજે મેં શું ખાધું છે અને શું બંચાવ્યું છે ? વળી જે કંઈ કીધું છે અને તેમજ જે કંઈ ખાધું છે તે મારા આત્માના છુટકારા માટે છે કે નહિ ? અને આ સઘલી બાબદમાં ખોદા મારો મદદગાર છે કે અહરમન ?' (૬) અને જ્યારે શરિરને લગતો હવસ[12] બાહેર પડે છે, અને સાધારણ રીતે મોભાદાર સ્થિતી અથવા ઘણા સુખને લીધે તે હદબાહેર આગલ વધેછે, ત્યારે જો (માણુસો) શરિરની નાપાયદારી[13] અને દુન્યવી દોલતનું વિનાસીપણું પોતાની (નજર) સન્મુખ રાખે તો તેથી એનો ઉપાય ઠીક થશે. (૭) વળી લોકોએ નિચે મુજબ અંદેશો રાખવો જોઇએ, એટલે એમ વિચારવુ જોઇએ કે: 'જે હું બોલ્યોછું તે મારે કરવું જોઇએ;' અને (દરેક) શખ્સે પોતાને માટે એવી પદવી અને સુખ શોધવાં જોઇએ કે જેથી તેઓનું પરિણામબી ફાયદામાં આવે, (એમ કહિને કે:) 'જ્યારે તે (હવસ) મારામાંથી મારાથી કાઢી નખાશે, અને જરૂર તે (હવસ) બાહેર નિકલી જશે, ત્યારે તેમ (હોવાને લીધે) પાછલથી તેને મારાંમાં પંપાલીશ નહિ, એટલે કે જે દર્દ મારાંમાંથી ઉખેડી નખાયુ અને ચાલી ગયું તે (મારાંમાં) પાછું પેવસ થશે[14] નહિ.' (૮) અને માણુસોએ નિચલી ત્રણ ચીજો જે સખ્તી ભરી[15] છે તે કરવી જોઇએ; જ્યારે તે કરવામાં આવે

૧-૨ **બરા મિન ગિરાન્ વ દુશ્વાર** (દુષ્ખ્વાર ને બદલે.) ૩ **પઝંદ,** ફા૦ **પઝંદ.** ૪ હસ્તલેખોમાં, **ચેઝબેખુનંદ** છે: " ત્રણ વખત...તેઓએ બંદગી કરવી જોઇએ;" **ચેઝબેખુની** લઇએ તો:—"તારે બંદગી કરવી." ૫ **હમાઇગીહ.** ૬ **ઝદગીહ,** "ફટકો, માર". ૭ **ગુબિશન્.** ૮ **કરઝગાર્.** ૯ **માનીક,** ફા૦ **માનીદ.** જો **માનીઝ્** વાચ્યે તો તેનો અર્થ " તેવુંજ, સરખું આવતું " થાય છે. સરખાવો અવ૦ **માનયેન્.** ૧૦ **અવખ્શ્,** અવ૦ **અપશ,** "પાછલ;" એને બદલે **અપાશ** અથવા **અપખ્શ** વાંચવુ ઠીક છે. ૧૧ **હમારિશન્.** ૧૨ અવ૦ **વરેન,** "હવસ, જુસ્સો." ૧૩ **ક્સાવંદીહ,** "નાશ પામવું". ૧૪ **લા ચેહુમતૂનેદ્.** ૧૫ **દૂશ્વાર** (**દૂષ્ખ્વાર** ને બદલે) "રાહત વિનાનું, કઠણ".

સારે (કરનાર) શખ્સ તેને લીધે વધુ પવિત્ર બને છે. (૯) એક એ છે કે, જોકે એક માણસથી તેણે ઘણી ધાસ્તી અને ઇજા ખમી હોય તોબી તેની તરફ તે કીનાખોર બને નહિ, તથા તે માણસ તરફ દુશ્મની રાખનારો અને કિનો ઇચ્છનારો થાય નહિ; પણ (તેથી ઉલટું) તે મીત્રાચારીવાળો અને નેક ખાહેશનો રહે. (૧૦) એક એ છે કે, જ્યારે કોઇ માણસ એવી જગ્યાએ આવી પહોંચે કે જ્યાં (મીઝબાન) આદમી પાસે એક ભોજનથી[1] વધુ ન હોય, વલી તેથી વધારે આવી પુગવાની વકી[2] બી ન હોય તો, જેઓ પાસ ખોરાક નથી અને તેની આગલ આવ્યા છે, તેઓને પોતાથી બની શકેર એટલો પોતાનાં ખોરાકમાંથી હીસ્સો આપવો. (૧૧) એક એ છે કે, જ્યારે એક જવાન[3] મર્દ એક એકાંત જગામાં[4] એક એવી નોજવાન બાનુ સાથે[5] આવી મલે, કે જેણી અંજાણી[6] હોય, જે પોતાની (હક્કદાર બાનુ) નહિ હોય, અને તેઓ સાથે ખાણું ખાતાં સંતોષી અને ખુશમીજાજી[7] બને, તથા અરસપરસ એક બીજાને ઘણાં ગમતાં થાય,[8] તોબી આખરે પોતાના રવાનના પ્યારને ખાતર તે મરદ પેલી બાનુ સાથે હમ્બીસ્તર થાય નહિ, અને કંઇબી (હવસી) લાગણીઓ[9] દોરાવે નહિ."

૩૨ મું. (૧) એમ કહેલું છે કે, જીંદગી માટે જે અગત્યની ચીજો છે તેમાં વધુ ફાયદાવાલો[10] ઉદ્યોગ છે; અને રવાનને માટે જે (વધુ ફાયદા ભરેલી) ચીજ છે તે ફરજ[11] છે; ગુજર પામવાના (વખતે) જે (ફાયદા ભરેલી) ચીજ છે તે ભલી કારકીર્દી છે; વળી જીંદગી માટે તંદરોસ્તી અને ખોરાક અને સગવડ અને નચીંતાઈ અને ખુશાળી જરૂરનાં[12] (છે); તેમજ રવાનને માટે ખુબીભર્યાં કામો માટેની જાતી કોશેશ, અને પાંપથી અલગ રહેવું (અગત્યના છે); તથા ગુજર પામવાના વખતે (સારૂ) નામ અને નેક કીર્તી જરૂરનાં[13] (છે). (૨) નિચલી કેટલીક ચીજો, જે ઉત્તમ[14] ચીજો છે, તે આ છે: નિયમીતપણાથી

---

૧ **અએ પિરન્ લેવતા;** અવ૦ **પિતુ, પિથ્વ.** ૨ **શાયદ્.** ૩ **ગર્શન;** એ બોળ ઘણું કરી **ગુશન** વંચાય છે; અવ૦ **વર્શની.** ૪ **પવન વિશગર,** "જંગલમાં." સરખાવો વંદીદાદનો પહલવી તરજુમો, ફરગર્દ ૮ મી, ફ. ૯૫; જ્યાં **વિશગર** શબ્દ અવસ્તા **સ્કર્ઇંધ** માટે વપડાયો છે. એ બોળને **વશકુળ,** " અંગુર, દરાખ " બી વાંચી શકાય. ૫ **અગવીન.** ૬ **અનદીતગ,** " નહિ જોયલી એવી; " એને **ખુસ્તગ** (ફા૦ **ખસ્તહ**) "પરણેલી" વાંચી શકાય. DM. મુજબ **ખ્વાસ્તક્** "દોલતવાન, ધનવાન ". ૭ **સીર વ ખૂરમ્ ચેગવીમુન્દ્.** ૮ **અએવગ્ ઓલ્ તનીદ્ અવીર્ કામગ.** ૯ **કામગ લા રાયીનેદ.**

૧૦ **સૂદ-આઓમંદ્તર.** ૧૧ "ફરજ વધુ ફાયદાભરી છે." ૧૨ અહીં **બએન્** શબ્દ **બએન્ આવાયદ** માટે વપડાયો છે. ૧૩ **આવાયશ્નીગ.**
૧૪ અહીં **શપીર** શબ્દ શ્રેષ્ઠપણું બતાવે છે, અને પહલવી **પાહલૂમ** નાજેવો અર્થ ધરાવે છે.

તંદુરસ્તી, ખોદાની બક્ષેશથી આબાદી, પ્રમાણીક વહેવારથી ખુશી, સંતોષીપણાંથી રાહત, અને નીર્દોષીતપણાંથી નચીંતાઇ; ખુબીવંતા કામોથી, તથા પાપથી પરહેજ રહેવાથી, તથા જ્ઞાનથી[1] (કરવામાં આવેલી) જાતી મહેનત; (અને છેલ્લું) જે ઉમદા નામ અને સારી કીર્તી સવાબના કામોથી (નિપજે છે) તે.

૩૩ મું. એમ કહેલું છે કે, માણસ જાતના બાબમાં આ ત્રણ ચીજો અતીઘણી ધ્યાણ ખેંચનારી[2] છે:– સહન શકિત જે પાપીપણાંથી[3] નહિં હોય, સખાવત જે બદલા[4]ને ખાતર (કરવામાં આવી) ન (હોય), અને જાતી મહેનત જે દુન્યવી ઇનામની[5] (ઉમેદને) લીધેજ (કરવામાં આવી) ન હોય.

૩૪ મું. (૧) એમ કહેલું છે કે, સેપાસદારી અને રક્ષણ કરવું નિચલી (બાબદોમાં જાહેર) છે: જે કોઇ આ શરિરને કીલ્લા[6] માફક બનાવીને તેની ચોકકસ સંભાળ લેછે[7] તે પુરૂષ ભલા મીનોઓને અંદર રાખે છે, અને કોઇબી બુરી શકિત તેની અંદર રહી જતી નથી. (૨) જે કોઇ આદમી હોય તેની પાછલ એવી કંઈ ચીજ રહેવી જોઇએ કે જે આત્માની મુક્તિ દેખાડે[9]. (૩) તેની (જીંદગી) માં એવા સંજોગો[10] ઉભા થાય છે કે જ્યારે એક પુરૂષે

---

૧ મતલબ કે: "સવાબકાર મેહનત અને નીર્દોષીતપણાંમાંથી, તેમજ ખરાં ખોટાંનાં જ્ઞાનથી જે ઉદ્યોગ અને સ્વ-મહેનત પરીણામ તરીકે બાહેર પડે તે.

૨ **હુચીહરતર.** ૩ **બૂર્દીહ્ ઇ લા મિન વહગીહ્,** એટલે કે, જે કોઈ માણસ ખરાબ ઇરાદાથી મુસ્કેલી વેઠતો નથી તે. ૪ **પાહ-દહિશ્ન્,** યાને કે જે સખાવત તદન બીન સ્વાર્થી ઇરાદાથી કીધી હોય; અને કંઇબી બદલા, ખેતાબ, અથવા ઇનામની આશા વગર કીધી હોય તેવી. ૫ **મિઝદ ઈ ગર્યતા,** યાને ઉદ્યોગ અથવા મહેનત ત્યારેજ સદગુણ કહેવાય કે જ્યારે દુન્યવી નહિ પણ મીનોઈ બદલાની આશાથી તે કરવામાં આવે.

૬ **દએઝ.** ૭ **અફ્રશ્ પાસ્ મદમ ક્રાજ્ વબીહુનેદ.**
૮ **અનશૂતાઇહ્ને** બદલે **અનશૂતા-ઇ** જોઇએ. **અનશૂતાઇહ્** એટલે "માણસાઇપણું; આદમ્યત." ૯ અહિં **મૂનશ્** શબ્દ **મા અશ્** ને બદલે છે. બીજી રીતે લેતાં "જે કોઈ શખ્સે રવાનની મુકિત બતાવી હોય તે." DM. મુજબ વાંચણ **મુન-અશ્ બૂઝિશ્ન્ ઇ રૂબાન મહિસ્ત,** "જે કોઈ માણસજાતને લગતો હોય તેણે આખરે પોતાની પાછલ નેકીનાં જેવાં જોઇએ તેવાં કામો મુકીજવાં જોઇએ, જેથી રવાનની ઉત્તમ મુકિત તેને મલે." ૧૦ **અવગામ** અથવા **હંગામ,** "જમાનો, અવસર, વખત."

પોતાને ગોયા બહેરો[1] આંધલો અને મુંગો બનાવવો પડે છે; કારણ કે આંધળી હાલત[2] જ્યારે કોઇ ચીજ ઉપર નજર કરવાથી અને તેની ખાહેશ રાખવાથી રવાનને હરકત થતી હોય ત્યારે સારી છે; બેહેરાપણું (એવા વખતે) સારૂં છે કે જ્યારે એક આદમીને આત્મા સંબંધી પુછપરછ અને જવાબદારી (વધુ) બરપા કરે એવી કોઈ ચીજ સાંભલવી પડતી હોય; વળી મુંગાપણું[3] (એવા વખતે) સારૂં છે કે જ્યારે કોઇને કંઇ એવું બોલવું પડતું હોય કે જેનાથી આખરે નાશકારક રીમની અને છુટકારા ની હાલત[4] બરપા થાય.

૩૫ મું. (૧) એમ કહેલું છે કે, જે કોઈ ભલી કીર્તીને બુરી નાલેશી કરતાં બહેતર ગણતો નથી, તથા નેક લોક તરફની પસંદગીને[5] બુરા લોક તરફની પંસદગી કરતાં, વખાણને ઠપકા કરતાં,[6] આત્માના પ્યારને શરિર તરફના ચાહ કરતાં, અને મીનોઇની આશા ને દુન્યવી ઉમેદો કરતાં (બહેતર ગણતો નથી) તે માણસ જે કંઈ ભલું સરજાયું છે[7] તેને એવી હાલતમાં[8] પોતાને હસ્તક લઇ શકતો નથી;[9] કારણ કે જે હેતુથી તેને પેદા કરવામાં આવ્યો છે તે હેતુ માટે જે શખ્સ મેહેનત કરતો નથી તેના બાબમાં (તો) કોઇબી ચીજ જે તેને પોંહોચે તે ભલી નથી;[10] જીંદગીનું સાર્થક[11] એજ છે. (૨) માણસોએ પોતાના શરિરને પહાડની ટોંચ[12] મીસલ નહિ પણ ચરવાના ખેતર[13] જેવું બનાવવું જોઇએ, જેથી સઘલું પાણી જે તે ઉપર વરસે તે તેમાંજ રહે; પણ સઘલું પાણી જે પહાડની ટોંચ ઉપર વરસે છે તે તે ઉપરથી ઢળી પડે છે,[14] તેમજ જે કંઈ પહાડના શીખર પર ધોલાય છે તે તેજ (જગા)

---

૧ **હુમાનાગ કૂર;** સરખાવો ફા૦ **કૂર.** ૨ ફા૦ **કર.** ૩ ફા૦ **ગુંગ.**
૪ **અઇરિખ્તગ્ વ અબૂઝીશનીગ ચેહ્‌વુનેદ્‌,** અસલ અર્થ: "તે બગડેલો અને મુક્તિ વિનાનો થાય છે;" **અઇરખતગ** (અવ૦ **ઇરિખ્ત,** "નુકશાન, ઇજા;" ધાતુ: **ઇ રિચ્.**)

૫ **પસંદ,** "પસંદગી." ૬ **નિકૂહિશ્‌ન્** (ફા૦ **નિકુહીશ્.**) "ઠપકો, ધીક્કાર." ૭ **હૂ-ઝરખુન્ત,** અસલ અર્થ:-"સારી રીતે પેદા થયલું, સારી રીતે જન્મેલું." ૮ **પવન ઝક આઇનીનગ,** "એવી રીતે;" "એજ મુજબ."
૯ પવન ઓલા નફ્શા કર્દન. ૧૦-૧૦ **લેવીત્ મન્દવમ**
૧૧ નિસંગ અથવા **વસંગ,** "ચોપડી;" "ટુંક સાર." પહેલો શબ્દ અવસ્તા **નસ્ક** ઉપરથી નિકળેલો લાગે છે. એની મતલબ એ છે કે, એક માણસે પોતાની જીંદગીની નેમ અથવા મતલબ જાણવી જોઇએ; અને જે માણસ પોતાની જીંદગીના કાર્યમાં જે કંઈ ભલું યા બહેતર હોય તે પીછાણી શકતો નથી, તે ઉપલી નેમ પાર પાડવા કદી મહેનત કરશે નહિ. ૧૨ સરખાવો ફા૦ **ચકાદ,** "પહાડનું શીખર;" "માથાનું તાલક."
૧૩ સરખાવો ફા૦ **ગઉર્,** "પાણી વિનાની સપાટ જમીન;" અવ૦ **ગર્ઓબર,** "ઢોરને ચરવા માટે જ્યાં લાવવામાં આવે તે જમીન." ૧૪ **શરપ્ ચેહ્‌વુમેદ્,** ફા૦ **શરપ્,** "કુદવું."

ઉપર રહેતું નથી; અને બીજી જગાઓ પર જે વરસાદ પડે છે તેનું પાણી (કાંઇ) તે (શીખર) તરફ (ઉંચે) આવતું નથી. (૩) અને (ઉપર કહેલી) ચારાવાળી જગા એટલે:૧ નમ્નતાઈ અને ભલાં સાથની મીત્રાચારી, અને એવા પ્રકારની નેકી કે જે પારકા તરફ ઇચ્છિવાલાયકર હોય, અને જેથી તે શખ્સ સુખીજ બનેર, અને જે પોતાની અંદર જાલવી રાખી શકે. (૪) અને પહાડનું શીખર એટલે૪: અહંકાર અને ભલાં તરફ દુશ્મનાઇ, અને એવી ભલાઇ કે જે એક બીજા તરફ ઇચ્છિવા લાયક ન હોય, જેનાથી એક શખ્સ દુ:ખી૫ બને, અને જે તેણે પોતાની અંદર જાલવી રાખવી ન જોઇએ.૬ (૫) કોઇબી પુરૂષ બીજાને માટે (કદીબી) એટલો બધો દુ:ખી૭ બનતો નથી, કે જેટલો ભલાઇનો દુશ્મન આદમી૮ પોતાનેજ માટે વીલાપ કરે છે; કારણ કે હમેશાં જયારેબી વૃધ્ધી૯, ભલાઇ અને આબાદી જે સારાં માણસની નેકીથી૧૦ (ઉત્પન્ન થાય છે) તે (પેલો બુરાં મનવાલો) જુવે છે ત્યારે તે બલતાં જીગરનો અને દેલગીર બને છે; તેમ છતાં મીનોઈ હસ્તિઓ તરફની આબાદીને લીધે૧૧ દુન્યામાં હમેશાં વધારો, ભલાઈ અને નેક આદમીની નેકીનો વધારો હસ્તિ ભોગવે છે.૧૨

૩૬ મું. એમ કહેલું છે કે, શ્રેષ્ટ જ્ઞાન તેજ (કહેવાય) છે કે જેથી કોઈ શખ્સ કંઇ ઉમેદ પાર પાડી શકે, અને તે કાબેલ્યત ત્યારેજ સારી (કહેવાય) છે કે જ્યારે૧૩ જે કંઇ તે ન જાણતો હોય તે વિષે એમ સમજે કે "હું જાણતો નથી."

---

૧ **વ ગર્‌ઓબર હના ચેહવુનેદ્,** અને ચરવાની જગાનો અલંકાર એ છે કે."
૨ **ઓલાઈતનીદ્ ખ્વાસ્તન્,** "એક જને બીજા તરફ જે (કરવું) ઇચ્છવા જોગ તે."
૩ **શાદ** "ખુશી," "આનંન્દ." ૪ એટલે પહાડના શીખર નો અલંકાર એવું બતાવે છે કે. ૫ અવ૦ **ત્બિશ્,** તે ઉપરથી પહલવી **બિશતન્,** "ઇજા કરવી."
૬ **ચિકાદ્** અને **ગર્‌ઓબર** વિષેનો વિચાર અહિં ફરીને રજુ થાય છે. દીનકર્દનાં પુસ્તક છઠાંના પહેલા અર્ધા ભાગમાં તે આવી ગયો છે. (જુવો દીનકર્દનું વૉલ્યુમ ૧૧મું, ફ૦૨૦૮મો.)
૭ વાંચણ: **તર્શ્,** ફા૦ **તર્શી,** "દેલગીર," "ગમગીન;" અથવા **તુર્શ,** "ખારૂ," "ચીરડાઉ," "ઇતરાત વાલું." એજ પહલવી શબ્દ **તરીહ** વાંચી શકાય, જેનો અર્થ ધીક્કાર થાય છે (જુઓ **અર્દા વીરાફ નામું,** પ્રકરણ ૨૮ મું, ફ૦ ૮ મો.) ૮ **વેહ-દૂશ્મન.**
૯ **ફ્રાજીહ્.** ૧૦ અથવા "ભલાઇ," "સદગુણ." ૧૧ **વ આવાદીહ્ ઇ યઝદાન્ રાએ,** બોલેબોલનો અર્થ: "અને યજદોની આબાદીને લીધે."
૧૨ એની મતલબ એ કે: જે માણસ ભલાઇનો શત્રુ હોય છે તે નેકીનો વધારો જોઇ હમેશાં તેથી દુ:ખ પામે છે અને કચવાય છે, જ્યારે (લખનારનાં મત મુજબ) ભલાઇ તો ખોદાઈ કરામતથી હમેશાં આગલને આગલ વધતી રહે છે.

૧૩ **મુન** એ શબ્દ **અમત્** ને બદલે આવેલો છે.

૩૭ મું. એમ કહેલું છે કે, એક કમ બુધ્ધીનો પુરૂષ, જો સારી રીતે ધ્યાણ આપનારો નથી હોતો, તે સઘળી મનશકિત વિનાનો છે.૨

૩૮ મું, (૧) (દીનમાં) એમ કહ્યું છે કે, માણસો માટે જે ચીજો ઘણી સારી છે તે (નિચે મુજબ) છેઃ ધર્મ અને ભલો ખવાસ, તથા ડાહપણ, સદગુણીપણું અને કીર્તી. (૨)ભલી ખાસ્યતની મનશકિત૩ (નિચે પ્રમાણે જાહેર હોય છે):—પ્રમાણીક સ્વભાવ, તથા સદગુણી માણસોની સોબત,૪ અને તેમાંથી ભલાઇનું સંપાદન કરવું,૫ અને પોતાના તનમાં જે કંઇ દુર્ગુણો માલુમ પડે તેઓને દુર કરવા. (૩) ડાહપણની પ્રકૃતિ (એટલે) ખોદાઇ હસ્તિ તરફ માન, અને ભલાં તરફથી આવતી નેકીને ટકાવી રાખવી તે. (૪) સદગુણીપણાંની પ્રકૃતિ (એટલે) સચ્ચાઇ અને નેક મનસ્ની (ભલાઇનોજ વિચાર). (૫) એ રીતે ધર્મીપણાંની શકિત (એટલે) યકીન, યકીન એક દોસ્ત જેનો ખ્યાલ આપે છે;૬ એવો મીત્ર કે જે ભલા સ્વભાવનો, પવિત્ર નીતિનો અને સારો માણુસ (હોય), જેને કોઇ પોતાની ઉપર સત્તા રાખનાર બનાવે, અને જેને એક માણુસ એમ કહે (તો વાજબી ગણાય) કેઃ "તુ જેબી કંઈ ખોડખાપણ (મારી અંદર) જુવે તે કહે જેથી હું સુધરી શકુ૭;" અને જ્યારે જે કંઈ તે માણુસ કહે છે તે ઉપર તે ધ્યાન આપે છે અને તેને તાબે થાય છે (૬) સર્વાનુમતે૮ આ સારૂ છેઃ વિચાર, વચન અને કામમાં ખાલેસપણું (ખુલ્લો વહેવાર). (૭) આત્માને નિચલી કેટલીક ચીજોની મદદથી મુકતી બક્ષવી એ અતિષ્ય લાયક કામ છેઃ—આભારીપણું (હેસાનમંદી), સંતોષીપણું, અને માયાલુ વર્તણૂક.૯ (૮) એક માણસે ખોદાતાલા તરફ પુજ્ય રહેવું જોઇએ કે જેથી કંઈ ચીંતા આવી પડે તો ખોદા તેને છોડવે; અને કંઇબી હરકત આવી ન હોય તોબી (ભવિષ્યની મુશ્કેલીનાં સંભવો) આવતા ઓછા થાય,૧૦ એ સબબથી ખોદા સર્વદા હૈયાતી-

---

૧ **મુન** ને બદલે **અમત.** ૨ **અન-ચોક્ષીદારલા હામગ અવઝાર.**

૩ **અવઝાર ઈ હુઍમ** ૪ **લેવતા સાતુન્તન** ૫ **વખ્ખુન્તન** ૬ **હુના ચેહુનેદ્ અઇબ્** ૭ **વઇરાઇયિમ.** ૮ **અઍવગનાગીહા,** એટલે સઘળાનાં સામટાં મત મુજબ. ૯ વાંચણ **નિવાખ્તન** (ફા૦ **નવાખ્તન**) "સંતોષ આપવો," "બીજાની ઇચ્છા તૃપ્ત કરવી." DP. મુજબ **વ ખુરસંદીહ નિવાખ્તન,** "અને સંતોષ સાથે ભેટો આપવી;" "સંતોષીપણે બીજાને ખુશી કરવાં." K. મુજબ જો **વ વિશ્તગીહ** વાંચે તો તેનો અર્થ "અને ભલાઈ" એવો થાય છે, સરખાવો ફા૦ **વશ્ત.** DM. મુજબ **વહિશ્તગીહ** "બેહસ્તને લાયકની ચાલચલણ." ૧૦ **અઍાબશ્ કીમ ચેહુમતૂનેદ્;** અથવા બીજી રીતે "તેની તરફ આવે નહિ."

વાલો રહેશે.[૧] કારણ તેઓ એકની (પાસે) બીજાને ફાયદો કરાવશે; અને વળી એ (કારણ)ને લીધે અહરમન નાબુદ **થશે**[૨] કારણ તે એકજણ પાસે બીજા તરફ ઠગાઈ કરાવશે. (૯) નાશકારક મીનો[૩] (અહરમન) પહેલવહેલાં પોતાનેજ ઠગે છે, અને તે પછી પોતાને લગતી પેદાયશોને; કારણકે જે જે કાંઈ તેણે વિચાર્યું છે, કીધું છે અને કરશે તેને લીધે છેલ્લે સરવાલે તેની પોતાની અને (તે પછી) તેને લગતી પેદાયશોની નિસ્તી થશે.[૪] (૧૦) જે કાંઇ માણસો કરે, અગર તે (કામ) આત્માનો દરજ્જો વધારે નહિ યા ઘટાડેબી નહિ, (તોબી) સંઘળી મતલબ બીનસ્વાર્થી (હોવી જોઇએ).[૫] (૧૧) આ દુન્યામાં જેઓ સ્રૌષને શણગારનારા[૬] છે, જેઓ અહુરમઝદના ફરમાનોને તાબે થાય છે, અને જેઓ ઇરાનની પાદશાહીમાં મલેકો છે, તેઓ ખોદાતાલાના હુકમોને મજબુત રીતે વલગી રહેનારા છે, તેઓ વૃદ્ધી કરનારા માંથ્રોની[૭] રાહબરીના જ્ઞાન પ્રમાણે બોલે છે અને વર્ત્તે છે. (૧૨) **સ્રૌષ-આરાઍ** (સ્રૌષને શણગારનારા) વિષે અવસ્તાના એક ફકરામાં જણાવ્યું છે કે: આ દુન્યામાં દીનની ફરજો બજા લાવવામાં સાથે સાથે મલી કામ કરવાની[૮] (ફરજ) તેઓની છે, ફાયદેમંદ[૯] લોકોની શીલસુરીની તકરારોમાં સંમતી (તેઓનીજ હોય છે), મલેકો માટે આ (કામ) બંધબેસ્તું છે, કારણ કે હેરબદો અને ઘણા મજબુત લોકો[૧૦] અન-આર્ય લોકો સાથ લડાઇઓ લડયા,[૧૧] અને બીજાં મહાભારત આક્રમો[૧૨]

---

૧ **હુમાય ચેહલુન્દ્;** અથવા બીજી રીતે:—"હમેશાં હૈયાત રહેશે."
૨ **અનબીન્ ચેહલુન્દ્** "અનદીથ થશે," "ગુમ થશે." ૩ **અહુરમન.**
૪ **અઝશ્ ચેહલુનૅદ્** "પરિણામમાં નીપજશે." ૫ **હુમાગ્ અખ્વીશ્ મંદવ-બીહ્,** "કામમાં સઘળી નેમો બીનસ્વાર્થી." ૬ **સ્રૌષ-આરાઍ,** "જેઓ તાબેદારીનો સદગુણ શણગારે છે તેઓ" (સરખાવો પહલવી **આરાસ્તન્** "શણગારવું"). એજ શબ્દને **સ્રૌષ-અહુરાય (સ્રૌષ-યશ્રૂબ)** એટલે અશો સ્રૌષ એમબી લઈ શકાય. ૭ એટલે કે જે ફરમાનો અવસ્તા માથ્રવાણીના પવિત્ર લખાણો મારફતે સત્તારૂપે અપાયાં હોય તે. અથવા બીજી રીતે: "માથ્રસ્પેંતની સત્તા (**દસ્તોબરીહ**) સાથના જ્ઞાન મુજબ." ૮ **હમ-બરિશ્નીહ ઇ કારાન.** ૯ **હમ પતકારિશ્-નીહ ઈ ઋતૂ ઈ સુદીમંદાન.** ૧૦ વાંચણ: **હૂઆરીસ્તાન્** (સરખાવો ફા૦ **આરસ્ત,** "શક્તિ, બળ.") અસળ અર્થ: "જેઓ ભલાં કામો માટે લડવા શક્તિવાન હોય તેઓ." ૧૧ એટલે કે: પવિત્ર ખોદા અને તેના હુકમોને તાબેદાર રહેવું એ એક એવો સદગુણ છે કે જે અમીરો, રાજાઓ અને શહાનશાહોએ ધરાવવો જોઇએ; કારણકે તેમની લડાઇઓ અને કાફરો (દુરવંદો) સામેની બીજી લડતો વખતે તેઓની ધાર્મીક ફરમાનો ઉપરની મક્કમ આસ્થા ધર્મગુરૂઓને અગત્યની થઈ પડે છે.
૧૨ **વરઝિશ્ન્ ઈ મસ્.**

કર્યાં (તે) મલેકો (પાદશાહો યા ઉમરાવો) થી અલગ (રહીને) નહિ (હતાં); અને એજ સબબને લીધે એક ભલો પાદશાહ તે આ દુન્યામાં એક **સ્રૉષ-આરાઍ** છે; અને તેથીજ **સ્રૉષ-આરાઍ** ની તાબેદારીનો અર્થ એ થાય છે કે (દીની) ફરમાનો બજાલાવવાં. (૧૩) ભલા લોકોએ ખોદા ઉપર પ્રમાણીકપણે ભરૂસો મુકવો[1] જોઇએ, જેથી કરીને દેવો અને ભુડાંઓ તરફની ઇજાથી તેઓ બચેલા રહે (અથવા હાની વિનાના રહે), અને તેમ નહિ (હોય) તોબી તેઓ નજીવું નુકસાન પામે,[2] અને જ્યારે દેવોબી જુલમી થાય અને નાશ વરસાવે ત્યારે તે (ભલા પુરૂષો) નવેસરથી પાછું સુધારવા[3] મહેનત કરે છે; કારણ કે જેમ એક માણુસ પોતાના ઘર ઉપર (ચોકસાઈ રાખે છે) તેમ તેઓ જે કંઇબી પોતાને લગતું હોય તેની પાસબાની કરે છે.

૩૯ મું. (દીનમાં) એમ કહેલું છે કે, દરેક માણુસ જે કંઈ ધ્યાણુથી નિહાલે છે[4] તેજ જુવે છે, જે કંઇ ધ્યાણુથી સમજે છે તેજ સાંભલે છે, અને જે કંઇ ખરી રીતે ઇચ્છે છે તેજ મેળવે છે; (પણ) મીનોઇ દ્રષ્ટીની બાબદમાં તો જ્યારે રૂહ[5] ભલા યઝદો સાથે તેની જીંદગીને જુદે જુદે તબક્કે દુન્યવી કારકીરદીમાં એક મલતું હોય છે, ત્યારે તે કંઇ ફતેહમંદ નિવડે છે, તેમ સીવાય યઝદો તેને મદદ કરતા નથી.[6]

૪૦ મું. એમ કહેલું છે કે, અહરમનની સખ્ત બેડી[7] આપસ્વાર્થને લીધે અને નાફરમાની[8]ને લીધે છે; અને તેનું શરિર અને જીંદગી ભુડાં જ્ઞાનમાંથી બનેલાં[9] (હોય છે); અને

---

૧ **ઉસ્તખાન્ યેહુવુન્તન** (જુઓ ફા૦ **ઉસ્તખાન્**). ૨ **ફીમ્ વિઝંદ્ યખ્સેનુન્દ્**. ૩ **પવન્ લખ્વાર આરાસતન્**.

૪ **ઘર્ નિગીરેદ્દ, ઘર્ નિયોખ્શેદ્દ,** અને **ઘર્ બવીહુનેદ્,** જેવી શબ્દ રચનામાં જે **ઘર્** શબ્દ વપડાય છે **તે** "નક્કીપણું, ચોકસાઈ, વાજબીપણું" એવી મતલબે આવે છે; સરખાવો અવ૦ **ઘર** "યાદ કરવું, સ્મરણ કરવું." ૫ પહલવીમાં **ગ્રહ્** શબ્દ વારંવાર **નિસ્મ** (એટલે આત્મા, રૂહ) માટે વપડાય છે. સરખાવો ખાલ્દી **નિસ્મ,** અરબી **નસમ.** ૬ **અયોશ્-અશ મઇનૂગ્ અવીગાર્.** અસલ અર્થ:-"અથવા ભલા ફરેસ્તાઓ તેને માટે નકામા (છે)." મતલબ એકે મીનોઇ ભલી હસ્તીઓને નિહાલવી જોઇએ, અને દુન્યવી જીંદગીમાં તેઓની મદદ મેલવવાને સારૂ એક શખ્સે પવિત્ર જીંદગી ગુજારવી અને મીનોઈ સ્વચ્છતા સાથે વિચાર, વચણ અને કામમાં તેમની સાથે સબંધ અને સંમતી ચાલુ રાખવી જોઇએ.

૭ ફા૦ **હમબંદી,** "બેડીથી બંધાયલો, બંધવા જેવી હાલત." ૮ **અ-નયોશીદારીહ્,** અસલ અર્થ: "નહિ સાંભલવું તે, બેવફાઇ, હુલ્લડાઈ, બલવાખોરી." ૯ અસલ અર્થ:"—માંથી હોય છે."

(તેનો) માર્ગ (આચરણ) ક્રોધ ભર્યાં લોકો તરફ (હોય છે), અને (તેની) પડતી અપવિત્રાઇ (રીમની) ને લીધે (હોય છે), અને (તેની) ઉમેદ અશાંતિ[1] અને નાફરમાનીમાં (હોય છે).

૪૧ મું. એમ કહેલું છે કે, લોભનું પરિણામ ભીખ માંગવાર્માં (આવે છે), હવસીપણાનું ફળ પસ્તાવો (હોય છે), અને આપમતલબીપણાનું પરિણામ હાજતમંદી (હોય છે), અને અભીમાનનો નતિજો કંકાસ (માં આવે છે), અને કંકાસનુ પરિણામ નાશ[3] (માં આવે છે).

૪૨ મું. એમ કહેલું છે કે, તે માણુસ ડાહયો ગણાય કે જે એક દુશ્મનને (પાછો) દોસ્તદાર બનાવવો બનવા જોગ નથી એવું જાણીને (એમ વિચારે છે કે) આ બાબદમાં[4] મારે એવી કોશેશ નહિ કરવી જોઇએ કે જેથી તેની તરફથી મને વધુ વખત હાની થાય,[5] પણ મારે એવી રીતે વધારે[6] મહેનત કરતા રહેવું જોઇએ કે જેથી તે (દુશમન) મને કંઇબી ઇજા કરવા શક્તિવાન થાય નહિ.

૪૩ મું. (૧) એમ કહલું છે કે, એક નોકરનો તુમાખી શેઠ[7], તે નોકરનો દુશ્મન જેવો ઘણી નિવડે છે[8], તેનો સબબ એકે તુમાખીપણું એ નબળાં મન[9] (ની નિશાણી) છે, અને હલકાં મનથી અવિચારી (હુલ્લડાઈ ભર્યાં) કામો (થાય છે), અવિચારી કામોથી ઘણી ઝનુની જબાં[10] (જાહેર થાય છે), અને ઘણી ઝનુની જબાન થી તે નોકરો તરફ જુલ્માત, અને ઘણી તથા શેઠોનો ગુસ્સો (બરપા થાય છે), અને તેને લીધે તેઓ (નોકરો) માર ખમે છે;[11] વળી શેઠોના જુલ્માત અને ગુસ્સાથી લોહીનું રેડાવું (ખુનરેજી)[12] અને નોકરોની શિક્ષા (જાહેર થાય છે); અને તેમાંથીજ તેઓની હસ્તીનો છેડો[13] આવે છે (એટલે, નોકરોની હસ્તી નાબુદ થાય છે). (૨) શેઠો, સરદારો, અને મલેકો (અમીર ઉમરાવો)ને માન આપવું, અને તેઓની અંગતસેવા[14] નજદીક રહી

---

૧ **અન્-આશ્તીહ.**

૨ **નીયાઝ-આઑમંદીહ્** (ફા૦ **ન્યાઝમંદી.**) ૩ **અન્બીન્-બૂદગીહ્.**

૪ **પવન્ કેના.** ૫ **વેશ ઝિયાન ઇ હ્લી.** ૬ **અવીરતર.**

૭ અથવા બીજી રીતે તરજુમો એમ થઇ શકે:– "એક તુમાખી નોકરનો શેઠ તે એક વિરોધી નોકરનો શેઠ છે." ૮ **ચેહવુનેદ્,** અસલ અર્થ "થાય છે, બને છે." ૯ **વસ્તારીહ,** (ફા૦ **બીસ્તાર**), "નબલો, અસ્થિર." ૧૦ **રસ્પદગીહ્.** ૧૧ **ગૉપકુનીહેદ્.** ૧૨ **પઝદ્.** ૧૩ **હઇતીહ્ અમત્** (**અમત મૂન** ને બદલે) **અન્બીન્ બૂદગીહ્.** મતલબ એ કે નોકરોની કાપાકાપી અને તેમના મરણો નિપજે છે. ૧૪ **નઝ્દીગ્ માનેશ્** (અસલ અર્થ, "નજદીક રહેવું"); અવ૦ **મન્,** ફા૦ **માન્દન્.**

બજાવવા માટે સૌથી સરસ કળા અને ઉપાય સંબંધી સલ્લાહ[1] (એ છે કે તેઓ સાથે) એક મત રહેવું અને છુપા ભેદો ખાનગી રાખવા; કારણકે ધણીઓના ભરમો, એટલે કે, ધોંટાળાર અને ખામીઓ, જે ખાનગી હોય તે ધણીજ સંભાળથી[3] છુપા રાખવાને (નોકરો) ફરજથી બંધાયલા છે, સબબકે જે ઘોંટાળા અને ખામીઓ અંદરખાને હોય તે જોકે તેઓનાં શરિરમાં બોજા સમાન રહે[4] તોપણ આત્માને તેથી દુઃખ થતું નથી; જ્યારે શેઠોની છુપી વાતો નહિ સાચવવી એ તે માણસના આત્માને ભયંકર આફ્ત સમાન છે, કે જે માણસ શરિરના ગુમ થવા પછી[5] તેને માટે ગુનેહગાર (ઠરેલો) રહેશે. (૩) જે કોઈ પોતાના શેઠો અને સરદારો સાથ દોસ્તી-વાલો અને એકસંપી ન હોય, અથવા શેઠો અને સરદારો જેનાથી દુઃખી થયા હોય, તેને કાઢી મુકવો જોઇએ[6] અને કોઈબી રીતે તેને તેઓ સાથ ભેલાતો[7] રહેવા દેવો નહિં જોઇએ, તેમજ તેઓ તરફ તે આવજાવ રાખનાર[8] ન જોઇએ; કારણ કે નહિતો પેલા સરદારો ધણીજ નામોશી[9]ની હાલત પામશે, અને (પોતાની) શાંતી અને સુખ[10] માટે શકમંદી[11] તેમના મનમાં ઠસેલી રહેશે, અને તેમાંથી ધણું નુકસાન થવાનું[12] સંભવીત છે. (૪) સરદારો તરફની આવક[13] ચોકસ પ્રસંગો[14] પ્રમાણે નહિ, પણ દરરોજની નોકરી માટે (હોય છે), અને માંગવાથી[15] નહિ પણ પોતાની લાયકાતના પ્રમાણમાં ઉમેદવાર[16] રહી (ઇચ્છિવી) જોઈએ. (૫) નરમાશ, સભ્યતા[17], વફાદારી, ખીલેલી વૃત્તિ, ખાલેસ બનેલો સ્વભાવ, દાધ વીનાની હાલત, લોક સાથ સારી વર્તણુક, સરદારોને અનુસરતી રીતભાત[18] એ સઘળાં એક શુધ્ધા માણસ[19]ના વિચાર અને લાગણી સાથ જોડાયલાં હોય છે[20], કે જે પુરૂષ ઉંચી, દરજજાવાલી અને પ્રખ્યાત હાલતમાં હોય.

---

૧ વાંચણઃ **હુન્દર્ઝ**, ફા૦ **અંદર્ઝ**. હસ્તલેખોમાં **અન્દરાઝ** છે, જે કદાચ **અંદર-રાઝ**નું ટુકું રૂપ હોય; અર્થ "(રાજ્યના) છુપા અંદરખાનેના ભેદો." એનેજ **"અંદર-આવ"** વાચી શકાય, જેનો અર્થ "કાસ્પીઅન સમૂદ્રની આસપાસનો મુલક" એવો થાય. ૨ **વિમારીહ**, "માંદગી, દર્દ." ૩ **દાનેશીહાતર**, "ધણીજ દાનેશમંદીથી, ડહાપણથી." ૪ વાંચણઃ **વિઝાર્યેદ**, એ શબ્દ પહલવી **વીખ્તન, બીખ્તન**, એટલે "મરડવું," "વળ દેવો" ઉપરથી નિકલ્યો છે. શરિરને ઇજા થવાનો સબબ એકે ભરમ છુપો રાખવા માટે મન ઉપર કાબુ રાખવો પડે છે, અને ઇચ્છા શક્તિને મજબુત બનાવવી પડે છે.
૫ **અનબીન-બૂદગીહ**. ૬ **રખીગ**, અસલ અર્થઃ "તેમનાથી દુર થવો જોઇએ (અઝશ)." ૭ **લેવતા લા સાતૂનિશ્ન**. ૮ **અએૉબશ લા ચેહમતૂનિશ્ન**. ૯ **ફૂર્દ-માનંદ ઇ ગિરાન**. ૧૦ **અઇરમાનીહ**, સરખાવો અવ૦ **અઇર્યમન**. ૧૧ "શકમંદ હાલત." ૧૨ **અઝશ મદન**. ૧૩ **વિન્દિશ્ન** "પગાર, બદલો, આયપત." ૧૪ અથવા, ટકો, પ્રસંગો." ૧૫ અથવા, "અરજ કરવાથી" ૧૬ **અઇમીદીનિશન**, પહલવી **અઇમીદ** "ઉમેદ, આશા". ૧૭ **ચર્પ-અઍવાઝીહ**. ૧૮ એટલે "સરદારોની નેમ મુજબ ચાલીને." ૧૯ એટલે કે, એક સદ્ગૃહસ્થના. ૨૦ **મીનિશન લા મેદમમૂનિશ્ન પતવંદેદ**.

૪૪ મું. એમ કહેલું છે કે, એક માણસનું જ્ઞાન (ત્યારેજ) સરસ ગણાય કે જ્યારે જે કંઇ તે જાણે તે સંપુર્ણ બારીકી[૧] સાથે જાણે, અને જે કંઈ જાણતો હોય તેનો જાહેર દેખાવ[૨] નહિ કરે, અને જે કંઈ ન જાણતો હોય તે બાબદ તકરાર[૩] ઉભી નહિ કરે.

૪૫ મું. (૧) એમ કહેલું છે કે, એવી હકીકતો હસ્તી ધરાવે છે કે જેનો જવાબ વાળવો અશક્ય[૪] છે; અને એવાં કામો હોય છે જેમાં ફત્તેહ મેલવવી અશક્ય[૫] છે. (૨) **પઓર્યોતકએશી** લોકો આ પાંચ ચીજો સામટી[૬] શિખવી ગયા છે, જેઓ દીન સંબંધી ઉંચુ શિક્ષણ સારી રીતે આપતા હતા,[૭] (જેમકે):—પોતાને ખોદા તરફ રાખી બીજાઓને દીન તરફ (દોરવવા); પોતે હુસ્યાર[૮] બનવું અને પારકા તરફ પરમાર્થી[૯] રહેવું; પોતાની ખામીઓ દુર કરવી,[૧૦] અને (પોતાની) ખીલવણી[૧૧] અંદર ખાનેથી (ચાલુ રાખવી); પોતાની ખામીઓ અને પારકાની ખુબ્બી[૧૨] નેહાલતા રહેવું; ધાર્મીક ફરજો અને મતોનું જ્ઞાન મેલવીને તે પ્રમાણે પોતે[૧૩] કામ કરવું, અને બીજાઓને તેનો હીસ્સો[૧૪] આપવો. (૩) જો કોઈ સંઘળા **અવસ્તા ઝંદ** સાથે મોંઢે પઢી જાણતો હોય, પણ તે છતાં આએ (નિચલી) પાંચ ભેદી બીનાઓ[૧૫] નહિં જાણતો હોય, તો (તેની) ભલી કોશેશો[૧૬] છતાં તેને અથોરનાનનો દરજ્જો ભોગવવા અથવા (ધાર્મીક) ફરમાનો આપવા દેવાં જોઇએ નહિ:—દોલતની ચહડતી અને પડતી;[૧૭] ચોકસ ચીજનું આગલું અને પાછલું (ભવીષ્ય); એક કામનું મહત્વ તેમજ કમીનાપણું; દુર્ગુણોને દુરકરવાનો રસ્તો, અને તેથી દુર રહેવાનો માર્ગ; અને ઉપાય થઈ શકે એવી ગરીબાઈ, અને જેનો તદન ઉપાય થઇ નહિં શકે એવી ગરીબાઈ.[૧૮] (૪) (દોલતની) ચહડતી તે મીનોઈ તરફની નજર; (અને) પડતી તે ખાકી ચીજો તરફ નજર રાખવી

---

૧ **પૂર-બૂજીશ્નીહા,** એટલે "પુરી ખાલી સાથે;" દરેક સવાલના "સંપુર્ણ ખોલાસા સાથે." ૨ **નિમાયિશ્નલા વબીહૂનયૅન.** ૩ ફા૦ **સેતીઝ,** "કંકાસ, કજીઓ, ઝગડો."

૪ **અ-પસખુનીહ્ પસખુન.** ૫ **અ-કર્દારીહ્ પીરૂઝીહ્.**

૬ વાંચણ **હામ;** કલમી કેતાબો મુજબ **હુઍમ** લઇએ તો અર્થ એવો થાય કેઃ "ખવાસની બાબદમાં નિચલી પાંચ ચીજો **પઓર્યોતકએશ્** લોકોએ શિખવી હતી," એટલે એ પાંચ ચીજો લોકોનાં મનપર ઠસાવી હતી. ૭ **અઇર્પતિસ્તાન ન્યૉગ મદમ્ કર્દ્.** ૮ DM. મુજબઃ—**જાુશ-દાર ચેહ્બુન્તન્,** એટલે "(પોતાને) ચાહનાર થવું." ૯ **હુગાર્ ચેહ્બૂન્તન્,** એટલે "ભલાઈ કરવી," "સારી રીતે વર્ત્તવું." ૧૦ અથવા "ખામીઓ કાઢી નાખવી." ૧૧ **વક્ષીહ્,** "વધારો." ૧૨ DP. પ્રમાણે, "પારકાંની ભલાઈ." ૧૩ **બહર્ ઑલ નફેશા કર્દન્,** (અસલ અર્થઃ "પોતે તેમાંથી ભાગ મેલવવો.") ૧૪ **નીમંદ્.** એ શબ્દ ખાસ કરીને એક **પંથકી** પોતાના ગોઠ્યા મોબેદ ભાઈબંધોને જે વહેંચણી આપે છે તેને માટે વપરાય છે. ૧૫ **નીરંગ,** "ચોકસ વખતે પઢવાની બંદગી." ૧૬ **હુતુક્ષીહ્.** ૧૭ **લાલાઈહ્ વ ફ્રૂદીહ્ ઈ અખુન.** ૧૮ **દ્રીગૂશીહ્.**

તે; અને આગળું તે સ્વભાવનો શણગાર, અને પાછળું તે ડહાપણની પુછપરછ;[૧] મોહોટાઈ તે ધાર્મીક કામોનો જખીરો, અને કમીનાપણું તે (પોતાની) પુણ્યવાન હાલત; (દુર્ગુણોનોથી દુર થવાનો) રસ્તો તે નેક આદમીઓ સાથની મસલેહત, અને તે (દુર કરવા) નો માર્ગ (ભલાઓની સલાહ) સાંભળવી તે;[૨] ઉપાય તે જાતી મહેનત અને હદસર રહેવું તે; ઉપાયની ગેરહાજરીમાં સંતોષ અને (ખોદા તરફ) ફીદાગીરી[૩] (જરૂરના છે.) (૫) (નિચલી) દશ ચીજોનો એકી વખતે સાથે[૪] જે ગોર નહિ કરે, પણ તે જુદી જુદી જે કોઈ ધ્યાનમાં ઉતારે તો તે **પસ્‍આવૅાતકુઍશ** નહિ પણ **આશમોગ** (ગણાય):—મીનોઇ અને ખાકી (હસ્તી); તથા શરિર અને આત્મા; તથા જાતી જ્ઞાન, અને કાંને સાંભલીને મેલવેલી તર્કબુધ્ધી; તથા ઉદ્યોગ[૫] અને નસીબ; તથા દીન અને માંથ્ર.

(૬) આખી જગત (દુ:ખની) લડત[૬]થી ભરપુર છે, અને દરેક પેદાયશ (એવી) લડતોમાં મશગુલ[૭] છે; પણ જે કોઇ એમ ધારે છે કે આ દુન્યમાંના સઘળાં આસામીઓમાંથી કોઇબી[૮] તેનું ન્હાનું સરખુ દુ:ખ[૯] દુર કરવા શક્તિવાન નથી, તે પુરૂષ માણુસ જાતનો મીત્ર થવાને લાયક નથી; સારો ખવાસ માણુસજાત તરફની દોસ્તી (દેખાડે છે), અને નેક સ્વભાવનું પરીણામ માણુસજાત સાથની મીત્રાચારી છે. (૭) આદમીઓ તરફની મીત્રાચારી બીગુનાહી (નીર્દોષપણું) છે, કારણ કે એમ થવું ન જોઇએ કે એક માણુસના કામ કરવાને લીધે દ્રૂજ આ દુન્યામાં પાપ કરે (યાને વધે;) અને (તેમ નહિં થવાથીજ) એવો (નિર્દોષ) માણુસ આદમીનો ખેરખાહ છે. (૮) અહેસાન માનવું તે ખોદાની પીછાણુ કરવાથી છે; ખોદાની પીછાણુ તેજ ખોદાની તાબેદારી છે; અને ખોદાને તાબેદાર રહેવું એટલે ગુનાહ વગર રહેવું છે; અને બીગુનાહી દ્રૂજથી જુદા પડવા[૧૦] (ને કહે છે); અને દ્રૂજથી જુદા પડવાનો અર્થ આત્માની મુક્તિ છે.

(૯) ધર્મનું મૂળ સામટી રીતે[૧૧] જોતાં(એમ લાગે)છે કે તે મુળ અહુરમજદછે, અને સઘળી નેકી તેની તરફથી (બાહેર પડે)છે. (૧૦) તેજ પુરૂષ (ખોદા)ને ખુશનુદ કરનારો છે કે જે હમેશાં તેવી ખુશનુદીમાં મશગુલ હોયછે; વળી તે પુરૂષ હમેશાં ખુશનુદ[૧૨] હોય છે કે જે હમેશાં

---

૧ એની મતલબ એકે: ફીલસુફીને લગતી પુછપરછ કરવા અગાઉ અને ધાર્મીક જ્ઞાન સંપાદન કરવા આગમજ પહેલાં ભલો ખવાસ હોવો જોઇએ. ૨ દુર્ગુણો અને ખરાબ ટેવોથી પોતાને પહરિઝ રાખવાનો એ તરીકો છે. ૩ દ્રવીશ જેવી હાલતમાં સંપૂર્ણ સંતોષ અને ભકિતભાવવાલી જીંદગી ગુજારવી જોઇએ. ૪ એટલેકે સંઘલી ચીજોનો સાથે ગોર નહિ કરે. ૫ **કુનિશ્‍ન**, "કામ કરવાનું એત, ચપલતા." ૬ સરખાવો અવ૰ **અર્દ્ઠ** "દુખ દેવું," એ શબ્દને **અલગ** વાંચ્યે તો અરબી **હુલક** માફક "નાશ" "છેડો," એવો અર્થ થઈ શકે. ૭ **હમ-અરેદ.** ૮ **હિચ્ મીન્ દેના મર્દૂમ.** ૯ **કમ-અર્દ.** ૧૦ **મિન્ દ્રૂજ જ્વીત્ યેહવૂન્તન.** ૧૧ **હંગરદીગ.** ૧૨ **શ્નાસગ;** અવ૰ **ક્ષ્નુ** "ખુશી થવું." એટલે કે, જે કોઈ ખોદાને ખુસ્નુદ કરે, અને માણુસની મુક્તિ માટે તેમની મુસ્કલીઓ દુર કરવા ખંતીલી મેહનત કરે તે.

હુસ્યાર (સાવધ) રહે છે; વળી તે પુરૂષ હમેશાં હુસ્યાર રહે છે કે જે પોતે દરેક ચીજ જે તે વિચારે છે, બોલે છે યા કરે છે, તે ગોયા ખોદા તરફથી (મેલવતો હોય.)[૧]

(૧૧) માણુસ જાતના બાબમાં કેટલીક સર્વોત્તમ ચીજો છે, તેઓમાં જેવી કે નિચલી છે: આદમી સાથની[૨] મીત્રાચારી, સુલેહસંપજ માટેની ઇચ્છા[૩], અને સચ્ચાઈ, અને ખેશી-પણાંની જાળવણી,[૪] અને નમન્તાઇ, અને ખોદા તરફ સંપુર્ણ જાનફેશાની[૫], અને સખાવત, અને અહેસાનમંદી, અને દીનને લગતી મસલેહત, અને મધ્યમપણું. (૧૨) અહુરમઝદનો કાયદો[૬] માણુસજાત તરફની દોસ્તી (સાથે સંબંધ ધરાવે) છે; બહેમનનો કાયદો સુલેહસંપજ માટેની આતુરતાઇ, અર્દીબહેસ્તનો કાયદો સચ્ચાઈ, અને શહરેવરનો કાયદો ખેશીપણું જાલવવું, અને સપૅનદારમદનો કાયદો નમન્તાઈ અને સંપૂર્ણ ભકિત-ભાવનું જાલવવું, અને ખોરદાદનો કાયદો ઉદારતા અને અહેસાનમંદી, અને અમેરદાદનો કાયદો ધાર્મીક પુછપરછ અને મધ્યપણું.

(૧૩) આ સંધલી જગતનો[૭] વધારો અને ખીલવણી[૮] તે (કીરતાર) થી છે કે જે, તેને અપમાન (યા અપજશ)[૯] મલે તોબી, હમેશાં ખુશતુદીભર્યો છે; અને આ સંધલી જગતનો ઘટાડો અને નાશ તે (અહરમન)થી છે કે જે, તેને ખુશતુદી થાય[૧૦] તોબી, મારફાડ (યા નાશકરવો) ચાલુ રાખે છે.

(૧૪) આ બે સીધ્ધાંતો (નીતિના તત્વો) સર્વોત્તમ[૧૧] છે:—પોતે જાતે ભલા થવું, અને બીજાં તરફબી તેમજ (ભલાઇથી) વર્તવું.

(૧૫) સર્વે માણુસોએ નિચલી ચાર[૧૨] બાબદો (પ્રમાણે) પોતાની ફરજો મુકરર કરવી જોઇએ:—ફ્રશોગર્દ (કયામત), અને પેદાયશોનું પેદા થવું, અને રીસ્તાખેઝ, અને આખેરીવાલી તનોમંદ હાલત (તનેપસીન). (૧૬) ફરશોગર્દ તે પુરૂષની મદદથી કરવામાં[૧૩] આવશે કે જે

---

૧ અથવા, “ પવિત્ર હસ્તિઓ તરફથી, કે યઝદો તરફથી. ” ૨ **બરા અનશ્-તાઆન્,** સરખાવો ફા૦ **બરાય મર્દુમાન.** ૩ વાંચણુ:—**વ આશ્ત્ ખ્વાયીશ્,** “ શાંતિ સુલ્લેહ માટેની ખાહેશ. ” બીજી રીતે લેતાં: **વહિશત્-ખ્વીશીહ્** “ બહેસ્ત સાથની ખેશી, બહેસ્ત સાથનો સંબંધ.” અથવા જો **વહિશત્ ખ્વાયીશ્** વાંચ્યે તો “ બહેશત માટેની ઇચ્છા, ” એવો અર્થ થઇ શકે. ૪ **ખ્વીશાવંદ્-યારીહ્;** અથવા **ખ્વીશાવંદ્-દારીહ્,** “ખેશીઓસાથે મીત્રાચારી.” ૫ **બૂન્દગ્ મીનિશ્ન્.** ૬ **દાત્ ઈ અહિુરમઝદ્.** ૭ **હમાગ્ દેના દાંમ.** ૮ હસ્ત લેખોમાં આપેલો બોલ **નીયાયીશ્ન્ ,** એટલે “નેમાઝ, ભક્તિ, ” વાંચી શકાય. પણ એની પછીનો શબ્દ **નરફ્સિશ્ન** આવ્યો છે તે ઉપરથી લાગે છે કે પહેલો બોલ **વખ્શિશ્ન્** વાંચવો બેહતર છે. ૯ **બરા અમતશ્ બીશીનદ્,** એટલે “ તે સાહેબ-ને ઇજા અથવા અપમાન કરે તોબી. ” ૧૦ અહી અહરમન વિશે લખાણુ છે. ૧૧ **શપીર.** ૧૨ **દેના ૪ કર્દન્ ખ્વીશ્-ગારીહ્.** ૧૩ **ફ્રશોકર્દ્ હુના ચેહુવૂનૅદ્,** અસલ અર્થ “ ફરશોગર્દ આ છે.”

બુરાઈ (દ્રૂજી)થી અલગ[1] થયલો હોય. (૧૭) પેદાયશોનું પેદા કરવું તે આસામીની મદદથી થશે કે જે પુરેપુરી રીતે એવીજ ચીજ કરે કે જેનો વિચાર કરવો, યા જે માટે બોલવું, યા જે કરવી સારીર હોય. (૧૮) રીસ્તાખેઝ તે માણસની મદદથી કરવામાં આવશે કે જે જાણે છે કે જેણે તેને પેદા કીધો છે[3], તેનાથી પાછો તેને અહિં લાવવામાં આવનારછે. (૧૯) અને તને-પસીન યાને આખેરી વાલી તનોમંદ હાલત તે આસામીની મદદથી બનશે કે જે જાણતો હોય કે જ્યાંથી તે આવ્યો છે ત્યાં (પાછો) તે જનાર છે.[4]

(૨૦) જે કોઈ હમેશાં નિચે જણાવેલી પાંચ ચીજોમાંની કોઇ એક ઉપર ધ્યાણ આપતો નથી, તેની ચાલાકી અને ડહાપણ ગુમ થાય છે,[5] અને તેની (જીંદગીનો) માર્ગ દુખથી ભરપુર[6] બને છે; (તે ચીજો નિચે પ્રમાણે છે):—ખોદાના મોજેજાઓ[7], જેને માટે એક પુરૂષ અહેસાન માને એવા હોય તે; ભલાંની ભલાઇ જે એવી હોય કે (તેમાંથી) ઉંચું શિક્ષણ[8] મેલવી શકાય; પોતાની ખામી જે એક પુરૂષ સુધારી શકે;[9] **પઓર્યોતકએશીઓ**ની કહેવતો જેથી આત્માને છુટકારો આપી શકાય; ધર્મગુરૂનું કામ, લડવૈઆનો પેશો, ખેતીનો ઉદયોગ, અને કારીગીરી જેથી રોટી (યાને કમઇનું સાધન) તેમાંથી મેળવી શકાય.[10]

(૨૧) નિચે જણાવેલી ત્રણ ચીજો છોડી દેતા ના:[11]—ખોદાની બંદગી, પવિત્ર કીધેલી ક્રીયાની ભેટો[12], અને (ધાર્મીક) મંડળી (અંજુમન); (વળી) જે પુરૂષ (તેમાં) આગલ કેમ વધવું તે જાણતો ન હોય તેના બાબમાં બેહતર છે કે આગલ જવા કરતાં (બીલકુલ) જવું નહિ. (૨૨) જે કોઈ ખોદાની આરાધનામાં મશગુલ થતો હોય[13] તેણે મીનોઇ

---

૧ **મૂન્ મિન્ દ્રુજ જવીત્ યેહવુનેદ્.** ૨ અથવા બીજી રીતે તરજુમોઃ "જે કોઈ પોતાના વિચાર, વચણ અને કામો એ બાબદમાં (એટલે **પેદાયશો બનવા** બાબે) વધારે ચહડતાં બનાવે છે તે." ૩ વાંચણઃ **આવોર્દ;** બીજી રીતે **આઝુર્દ** લેતાં "જેને ઇજા થઈ હોય તે પાછો આવવાનું જાણે છે" એવો અર્થ થાય છે. પણ તે અર્થ અહિં લાગુ પડે એવો નથી. ૪ એટલે કે, જેહાનની ફરીથી રચના થશે તેવા છેલ્લાં હંગામ ઉપર સેવટના શરીર સાથે તેને પાછો મોકલવામાં આવશે. ૫ વાંચણ; **તરફ્ત;** સરખાવો અવ૦ **તરેપ્** "છીનવી લેવું" (અવ. **ત્રેફ્યાત,** ઇજ. ૧૧, ફકરો ૫,) ૬ બીજી રીતે અર્થ:—"(બહેસ્ત તરફનો) માર્ગ ભાંગેલો (એટલે નહિ પસાર કરાય એવો) બને છે." ૭ **અફ્દીહ ઇ યઝદાન.**
૮ DM. મુજબ, **હુએમૂનાઇનેદ્** લઇએ તો "એવો કે જેમાં ભરૂસો મુકી શકાય, ભરૂસાને પાત્ર" એવો અર્થ થાય છે. ૯ "અથવા દુર કરે." **૧૦ પતશ્ બવીહૂનેદ્.** ૧૧ **મૂશોદ્,** "કરવા માટે નાખુશ ના થતા;" સરખાવો ફા૦ **મોશ્** "દીલગીરી, બલાપો"; અવ૦ **મૂશ્** "લુંટવું," "ઇજા કરવી." બીજીરીતે **અર્થ:** "નિચલી ત્રણ ચીજો કરતાં આંચકી ખાતા ના." ૧૨ **મ્યઝદ.** ૧૩ **બઓન વઝલૂનેદ્.**

જેહાંનને લગતાં યકીન સાથ તેમ કરવું જોઇએ; કોઇબી રીતે પ્રમાણીક સત્તા[૧૪] જાલવવી જોઇએ, અને સાથે સાથે પરહેજગારી રાખવી જોઇએ.(૨૩) જે કોઇ ક્રીયાની ભેટોને લગતું કામ કરતો હોય તેણે નમ્રતા સાથ તેવી કોશેશો કરવી જોઇએ; કોઇબી સંજોગમાં (હમેશાં) સંતોષી રહેવું જોઇએ, અને પોતાની સાથે ખુશનુદી લાવવી જોઇએ. (૨૪) જે કોઈ મંડલીમાં દાખલ થતો હોય તેણે માણસો તરફની મોહબત સાથે તેમાં જવું જોઇએ, અને સાથે સાથે સાચાં વચણો જાલવવાં (સાચુ બોલવાની ટેવ સાચવવી) જોઇએ; અને પોતાની સાથે સુલ્લેહ શાંતિ લાવવી જોઇએ.

(૨૫) એમ પુછવામાં આવ્યું છે કે: " નેકી (જાતે) ભલી (કહેવાય) કે (તે મેલવવાનું) સાધન ભલું ? " (૨૬) તેનો જવાબ વાલેલો આ છે: " જાણવું કે નેકી માટે જે સાધન અતિ અગત્યનું હોય તો એક આદમીએ સમજવું જોઇએ કે, જે સાંધનથી નેક ફાયદો પોતાનો કરી કબજામાં લાવી શકાય તે સાંધન ઘણું ચહડતે દરજજેનું છે."

---

૧૪ વાંચણ: **ફ્રારૂન-નીરૂગીહ લેવતા.** બીજી રીતે " **ફ્રારૂન-નીરંગીહ લેવતા,** એટલે કે, " વધતાં પવીત્ર ભણતર સાથે સાથે " ભણવાં જોઇએ.

[પુસ્તક છઠાંનું સેવટ.]

દીનકર્દ, પુસ્તક ૭ મું.



પહલવી ઝરથોશ્ત-નામું.



દીબાચો.*

પેદા કરનાર અહુરમઝ્દની ખુશ્નુદી આ દુન્યામાં મઝદયસ્નની દીનની મારફતે છે, કે જે દીન તે ખોદાની સંપૂર્ણ વખાણ[1] અને મહાજ્ઞાનથી આરાસ્તે થએલી છે.

(૧) **સાતમું પુસ્તક** એ મઝદયસ્ની દીનના સર્વથી મહાન્ મીત્ર,[2] તે **સ્પીતમ** (ખાન્દાન)ના ઝરથુશ્ત્ર[3] સાહેબે (દેખાડેલા) મોજેજાઓ વિષે છે; જે જાતની દોસ્તી

---

* દીનકર્દનું **સાતમું પુસ્તક** જેના પહલવી લખનારનો આ દીબાચો છે તેની સેવટે જેમ જુદી જુદી બાબદનાં મથાલાં આપવામાં આવ્યાં છે, તેમ આ પુસ્તકને જુદા જુદા બાબોમાં મેં આ વૉલ્યુમમાં વેહચી નાખ્યું છે; જે બાબો દીબાચા પછી શરૂ થાય છે. જુદા જુદા પૅરૅગ્રાફો અને છુટાં વાકયોની વહેંચણીની બાબદમાં, સરખાપણું જાલવવાને ખાતર, ડા. **વૅસ્ટ**ના વિભાગો ઘણા ખરા મેં દાખલ કીધા છે. જે શબ્દો અસલ પહલવી ઇબારતમાં નથી જણાવ્યા તેઓને ગુજરાતીમાં ઉમેરતી વેલા (   ) આવાં કૌંશમાં મુકવામાં આવ્યા છે. DM. એટલે **દીન્કર્દ**નાં પુસ્તક સાતમાં માટેનો એકપુરો પુરાણો હસ્તલેખ, જે હાલમાં "મુલ્લાં ફીરોઝ" કેતાબખાનામાં છે.

(૧) **સ્પૂર આફ્રીગાનીહ.** ડા. વૅસ્ટ મુજબ: "સંપૂર્ણ ચહઆતાપણાંને લીધે," "તમામ બુલંદીથી."

(૨) "એકજ ખોદાની હસ્તિ માનનારી દીનને સર્વેથી સરસ ચાહનાર," "સર્વેથી સરસ મઝદયસ્ની." સરખાવો અવસ્તા **આક્ત (આક્તિ)** "દોસ્તીવાલો અથવા સુલ્લેહભર્યો આદમી." ડા૰ વૅસ્ટ મુજબ વાંચણ: **મહીસ્ત્ અયાતગ**, એટલે "યાદ આપવામાં સૌથી મોટો."

(૩) DM. માં એ શબ્દ સામાન્ય રીતે "**ઝરતૂહશ્ત્ર**" એવી જોડણીથી લખાયો છે, એ ઉપરથી ફારસી **ઝરદુહશ્ત.**

અને પ્યાર તે મશહુર થએલા[1] મહાન્ નરમાં અહુરમઝદ મારફતે (જાહેર થયાં) હતાં તે વિષે છે; અને પાદશાહ ગુશ્તાસ્પનાં રાજ્યમાં લોકો તેની જેવી વખાણ[2] અહુરમઝદનાં પોતાના ખાસ વચનોથી (કરતાં હતાં) તે વિષે છે; જે (સાતમું પુસ્તક) **નિકીઝ-ઈ-વેહ-દએન**[3] ("ભલી દીનના ખોલાસા" નામની કેતાબ) ને આધારે (લખાયલું) છે.

(૨) પણ એ (ઉપલી વિગતોનું ધ્યાન આપવા) ની આગમજ ખાસ કરીને (નિચલા વિષયો ઉપર) લખવામાં આવ્યું છે:[4]—ભલી દીનના વિશેષ ગુણો[5] કેવા છે? ભલી પેદાયશોની વૃદ્ધિ (તેથી) કેવી છે? મીનોઈ અને ખાકી હસ્તીઓમાં પહેલ-વહેલો (તેને[6]) કબુલ કરનાર કોણ હતો? અને તે પછી જુદા જુદા જમાનાઓમાં,[7] પૂજ્ય ફરોહરવાળા ઝરથુસ્ત્રના જમાના સુધીમાં, ખોદાઈ સંદેશો લાવનારા અને (દીન) સમજાવનારા પએગાંમબરો કોણ કોણ હતા? તે વિષે; તથા તેઓની આદમીઓ વચ્ચેની પએગાંમબરો તરીકેની કારકીર્દીમાં[8] જે જે સખુનો અને કામો મારફતે તેઓમાં આદમીઓનું યકીન મજબુત થયું હતું[9] તેઓ વિષે (મલતું) વર્ણન[10] (અહીં આપવામાં આવ્યું છે).

---

(૧) અવ. **વરેચંઘહુવંત્.**

(૨) **અફ્રશ્ આફ્રીગાનીહ-અસ્તન્**, "તેનું (ખોદાનાં) આશીર્વાદ પામવું," અથવા **અફ્રશ્ વાવ્રીગાનીહ-અસ્તન્**, "તેનામાં મજબુત યકીન."

(૩) **નિકીઝ ઇ વેહ દએન,** એ નામ એવાં પુસ્તકનું ગણી શકાય કે જેનાં જુના ધાર્મીકસત્તા જેવાં લખાણો ઉપર દીન્કર્દનાં મોટા ભાગનો (અને ખાસ કરી તેનાં ત્રીજાં પુસ્તકનો) પાયો રચાયલો હોય. એ નામનો અર્થ: "ભલી દીનને લગતો ખોલાસો યા શરેહ" એવો થાય છે.

(૪) **બરા પિશ્ મિન્ ઝક્......નિપિશ્ત્ ચિમીગ્.**

(૫) **ચીહર.** (૬) યાને: ભલી દીનને.

(૭) પુરી મતલબ લાવવા:—**બઍન્ ઝિમાનગ્ ઝિમાનગ્.**

(૮) **વક્વરીહ્.**

(૯) **વાવરિહ-અસ્ત્ હુવા-અંદ્**, યાને "તેઓ વિશ્વાસને પાત્ર નિવડ્યાં અથવા ઠર્યાં." ડા. વૅસ્ત એને **આફ્રીહ-અસ્ત હુવા-અંદ્** વાંચી, "તેઓ આશીર્વાદ પામ્યાં છે" એવો અર્થ કરે છે.

(૧૦) **અફ્રશાંન્ નિસંગ-ઈ;** સરખાવો અવ૰ **સંઘ્હ્.**

(૩) નિકીઝ-ઈ-વેહ-દએનમાં મઝદયસ્નીની દીનના (આધારે) એવું જાહેર[૧] છે કે: અહુરમઝદની ખાસ્યત એ તેની પહેલવહેલી પેદાયશ બેહમન અમેશાસ્પેંદને સંપૂર્ણ રીતે પોતામાં ધરાવવાથી[૨] ઉપજેલું તેનું જ્ઞાન છે; તથા અમેશાસ્પેંદો અને યઝદો તથા બીજી અણદીઠ દુન્યાંની પવિત્ર હસ્તીઓમાં મીનોઈ હાલતમાં પહેલ-વહેલો વધારો તે જ્ઞાનથી થયો છે, અને તેમાં તેની ખાસ્યત જાહેર થયેલી છે; અને ગેતીની દુન્યામાં ગાયોમર્દ કે જેણે અહુરમઝદ પાસેથી (એ દીનનો) બહોલો અને સંપૂર્ણ સ્વીકાર[૩] પહેલવહેલો કીધો હતો તેમાંથી (ખોદાઈ ખવાસ જણાયો) છે. (૪) વળી તે (ગાયોમર્દ) ધાર્મીક યોગથી પોતાના જમાનામાં જે કાંઈ જરૂર્યાતો (હસ્તી ધરાવતી હતી) તેઓનો ખોલાસો કરનાર[૪] હતો, અને તેટલા માટે તે વખતની બદીઓ (દ્રૂજ)[૪a] ને તે જીતનાર હતો, અને તેઓની સામે થનાર હતો; એ કારણથી તે અહુરમઝદનાં શિક્ષણ ઉપર મનન કરનાર, અને તમામ અહુરમઝદી દીન ઉપર શિક્ષણ (વાઝ) આપનાર પહેલવહેલોજ આદમી હતો.

(૫) ભલી દીનમાં જાહેર થએલું છે તે મુજબ, પેદાયશોની હસ્તી વિષે (નું બ્યાણ આ સાતમા પુસ્તકમાં આવેલું છે) કે જે હસ્તી તેના બનાવનાર[૫] અને પેદા કરનાર તથા કૃપાળુ વૃદ્ધિ કરનાર મીનો (અહુરમઝદ) ની મહેરબાની[૬] ની એક નિશાણ છે તે વિષે; અને માણસ જાતની પહેલવહેલી હાજતો[૭] વિષે, (કે જે) આ (હતી કે): "અમો અહુરમઝદની પેદાયશો સુખી થઇએ;" તથા મુક્તિના ઉપાય (યાને રવાનના છુટકારાનાં સાંધણ) માટેની શ્રેષ્ઠ[૮] માણસની સેવટની[૯] આશા વિષે, જે (આશા)

---

(૧) **હુવા-ત ચીહર.**

(૨) **હુમો-ઇયાફ્તીહ**, "સર્વે સંપાદન કરવું," "સઘળું મેલવવું."

(૩) **પવન હુંગર્દીગ્ વ બુંદગ્ પદીરુફ્તારીહ્.**

(૪) **વિચાર્તારીહ**, સરખાવો **વિચારિશ્ન્**, "ખોલાસો." ૪a "બુરાઈ," અથવા "હવસી તત્વ."

(૫) **સિપાસ્** "ઉપકાર," "મહેરબાની;" સરખાવો ફારસી **સિપાસ.**

(૬) **પેહવૂનીનીદાર્.**

(૭) **નીયાઝ્**, "આરજુ."

(૮) **વ ઝક્-ઈ-અફ્દૂમ**, એટલે કે, ગયોમર્દની મરણ વખતની ઇચ્છા.

(૯) **ગયાન્ ફૂનિશ્ન પાહલૂમ**; સરખાવો અવસ્તા **ગય.**

એ હતી કે: "હવે જ્યારે આદમીની દુન્યામાં બીમારી દાખલ[1] થઈ છે, અને હવે જ્યારે પેદાયશો ઉપર એબ આપનારો[2] (અહરમન) ધસી આવ્યો છે, ત્યારે (આપણી) જીન્દગીનાં કામો સૌથી ઉત્તમ હોવાં જોઇએ." (૬) ગાયોમર્દની ઓલાદથી (ઉતરેલાં) માણસોના બાબમાં આ એકજ ચીજ ભલી છે કે જ્યારેથી તેઓ પોતાની ફરજો બજાવે અને સવાબનાં કામો[3] કરે, ત્યારે દ્રુજનાં જેવી બુરી હસ્તીઓ, જેઓ તેઓનીજ સામે થનારી છે, તેઓને જેર કરવાનું કામ તેઓએ કરવું- પેદાયશને લગતું ધોરણ ઓલાદની સાથે નીસ્બત ધરાવે છે –[4] (એવું સમજીને કે:) "તમારામાંના દરેક જણની ફરજ છે કે દ્રુજને જેર કરવો, કે જે દ્રુજ તમારો પોતાનોજ દુશ્મન છે;" તેમ કરવાથી એબ આપનાર (અહરમન) નું સામે થવાનું જોર બંધ પડે, અને તેનાં પરિણામ લેખે પેદાયશોની પવિત્રાઈ (વધે); સૃષ્ટિના રચનારે તેઓ માટે જે પરિણામ નિર્માન કર્યું છે[5] તે એજ છે.

(૭) ભલી દીનમાં એમબી જાહેર કીધેલું છે કે પોતાના સાચ્ચા સખુનથી ગાયોમર્દ[6] અમેશસ્પેંદોની શાદમાન જીન્દગી[7] પામ્યો, એટલે કે ગરોથમાન[8] ને લગતી

---

(૧) વીમારીનીહ્ અહુવાન્ ઇ અન્શૂતા.

(૨) અઇબ-દદ યા અઇબ્ ગદ્, "નાશ કરનાર;" અવ. અઇબિ-ગઇતિ. બીજી રીતે ખય-બીહ્, "જીંદગીને દુઃખ દેનાર."

(૩) કાર્ વ કૅરફ્ગ્.

(૪) અંદાઝગ્ દહિશ્નીગ્ ઑલ્ પતવંદીગ્.

(૫) ચેહ્રબૂન્ત.

(૬) અવ. ગયૉ-મરૅતન્; જુઓ યઝિશ્ન, બાબ ૨૬,૩૩;૩૦,૪; યશ્ત ૧૩, ૧૪૫. પહલવી ગાયોગમર્દ્. દીનકર્દમાં એને ગીલ્શાહ (તીના-મલ્કા) કહ્યો છે, (જુઓ પુસ્તક ત્રીજું, §§૩૨,૨); અરબી મલીક્-ઉત્-તીન્. બીજાં લખાણ મુજબ એને ગીરશાહ બી કહે છે. પરધાત (પેશદાદ)પાદશાહોમાં ગયોમર્દ પહેલો હતો. જુઓ બુન્દહિશ, બાબ ૩, §§૧૯-૨૩, અને બાબ ૪; "ઝાદસ્પરમના લખાણો," બાબ ૧૦.

(૭) હૂ-અહુઇહ્; બીજી રીતે હુખાનીહ "ખુશાલી અને સુખથી ભરપુર મકાન;" સરખાવો અવ. હુવંઘેહુવીમ (ગેલ્ડનરે), યઝિશ્ને, બાબ ૫૩,૧; અર્થ "આશીર્વાદ પામેલી જીંદગી," "હમેશગીને લગતી જીંદગી." ડા. વૅસ્ટ મુજબ "ભલી મીનાઈ સરદારી."

(૮) સર્વેથી સરસ સુખવાલુ બહેશ્ત, જે અહુરમઝદનું મકાન છે તે.

જીન્દગી પામ્યો. (૮) ગાયોમર્દ પછી સ્પીતમ (ખાન્દાન) ના પૂજ્ય ફરોહરવાળા ઝરથુશ્ત્રના જમાના સુધીમાં જુદે જુદે વખતે જે સઘળાઓ (ભલી દીનને લગતી) બક્ષેશ પામ્યા હતા,[1] તેઓ જ્ઞાનની બાબદમાં એટલી બધી માહીતી પામ્યા હતા,[2] અને તે વખતના આદમીઓની મુકતી માટે (જોઇતી) કામ કરવાની શક્તિ એટલી બધી મેળવી હતી કે તેઓ તેથી મશહુર થયા[3] હતા, અને કીર્તારની સાથની મસલેહત મારફતે, તેમજ ભલી દીનમાં ખોદાતાલાએ ફરમાવેલા હુકમો મુજબ જે કાંઈ ઉમદા (છે તે, યાને) આત્માની બુલંદી[4] મારફતે તે સઘળાઓ પએગાંબર, દીન સ્વીકારનાર, અને દીન ફેલાવનાર[5] ના સામટા (ત્રેવડા) ખેતાબો,[6] જે આગળ જણાવવામાં[7] આવ્યા છે, તેને લાયક થયા હતા.

(૯) જ્યારે ગાયોમર્દ દુન્યવી હસ્તીઓમાંથી ગુજર પામ્યો ત્યારે બીજીવાર **મશ્યે અને મશ્યાની,**[8] ગાયોમર્દની પહેલવહેલી ઓલાદને, દાદાર અહુરમઝદના સખુનોમાં (નિચે મુજબ) જાહેર કરવામાં આવ્યું હતું, એટલે કે જ્યારે તેઓને બનાવ્યાં ત્યારે તેઓને ખોદાતાલાએ કહ્યું હતું કેઃ "તમો આદમીઓ છેઓ, તનોમંદ દુન્યામાં સઘળાંઓના બાપદાદાનાં બાપદાદા થવાને તમુને પેદા કર્યાં છે,[9] અને તેથી તમો માણસોએ દેવની આરાધણા કરવી નહિ, કારણ કે તમુને સરજેલી બક્ષેસોમાં શ્રેષ્ઠ શક્તિ સંપૂર્ણ બુદ્ધિ[10] છે, કે જે સંપૂર્ણ બુદ્ધિ મારફતે (તમારી) ફરજો

---

(૧) **હમાઇ બાહર**; અસલ અર્થ: "(તેમાં) ભાગ પડનારા સઘળાઓ."

(૨) **દાનિશ્ન**, "વિધ્યા," "ફીલસુફી."

(૩) એટલે કે, તેઓ પ્રખ્યાત થયા હતા.

(૪) **ખયા મદમ્ બૂર્દારીહ્.**

(૫) **રાચીનીદાર.**

(૬) **શેમ્ પરૂવસ્તગ્**, "જોઆાં નામો," "જોડયા એલ્કાબ."

(૭) **મનીતૂન્તગ**, એ શબ્દ હુજવારેશ છે. સામાન્યરૂપ **મનીતુન્તન્** "યાદ કરવું," "ફરીથી ગોખવું."

(૮) જરથોસ્તી દીન મુજબ દુન્યાની પેદાયશની તવારીખમાં અહુરમઝદે જે પહેલવહેલું આદમીનું જોડું પેદા કર્યું હતું તે.

(૯) સરખાવો **બુન્દહિશ્**, બાબ ૧૫, ફ઼ ૬, અને તે પછીનું લખાણ.

(૧૦) "સંપૂર્ણ વિચાર," અથવા "સંપૂર્ણ સાવચેતી," એમબી અર્થ થાય.

અને રાસ્તી તદ્દન સમજી શકે." (૧૦) અને તેઓએ અહુરમઝદને પેદા કરનાર તરીકે[1] વખાણ્યો અને શુકર ગુઝારી કીધી, અને (માણસ તરીકે) પોતાનું ખાસ કામ કરવાને તેઓ આગળ ચાલ્યાં,[2] અને તેઓ કીર્તારની મરજી બર લાવ્યાં, અને દુન્યાને ફાયદો કરનારાં ઘણુંક કામો તેઓએ આટોપી લીધાં;[3] દુન્યાની પેદાયશોની ઉત્પત્તિ, તેઓનો સંયોગ, અને સંપૂર્ણ વૃદ્ધિ માટે તેઓએ જાતીભોગ[4] આપ્યો—જે (સઘળાં) કામો માણસ જાતનાં સવાબના કામોમાં ઉત્તમ છે. (૧૧) પરવરદેગારે તેઓને અનાજ વાવતાં શિખવ્યું, જે અહુરમઝદના નિચલા સખુનો ઉપરથી જણાયલું છે: "ઓ મશ્યે! આ (ખેતીનો) બળદ તારોજ છે, આ અનાજ તારો છે, અને બીજાં (ખેતીના) ઓજારો તારાંજ છે; હવે પછી તેઓને વિષે તારે સારી માહીતી મેળવવી."

(૧૨) ભલી દીનથી એમબી જાહેર થએલું છે કે અહુરમઝદે અશોઇની મારફતે ઉંચાં માનને લાયકનાં[5], પવિત્ર રુહાની શક્તિઓમાંની એક, નામે હદીશ[6]ને નિચે મુજબ કહ્યું:—

---

(૧) દાદારીહ્.

(૨) મદમ્ રફ્ત હવા-અન્દ્, સરખાવો ફા. બર રફ્તન્ "સઉથી આગલ જવું."

(૩) પરગાનીનીદ્, સરખાવો ફા. પર્ગાન્ "ઘેરાવો," "હદ."

(૪) વર્ઝીદ ખ્વએતૂગદસ્, અવ. હ્વએત્વદથ; એ શબ્દના અવસ્તા અને પહલવીમાં થયેલા વપડાસ વિષે વાંચો મારો ઇંગ્રેજી રસાલો "અસલી ઇરાનીઓમાં નજદીકના સગાંઓ સાથના લગનનો કહેવાતો રીવાજ."

(૫) અર્જાનીગ્.

(૬) સરખાવો અવ. હદિશ, જેનો વીસ્પરદ, બાબ ૯,૫ માં એશારો મલે છે, જ્યાં તેને અશિવતો અને વાસ્ત્રવતો, એટલે અશોઇવાલો અને ઘાસચારાનાં ખેતરોવાલો કહેલો છે. વળી વીસ્પરદ, બાબ ૧,૭ માં નિચલો એશારો છે:—"હદીશ્ કે જે ઘાસચારાવાલો છે, અને જે ભલી બક્ષીસ કરનારી ગાયનું પાલન કરનાર, અને પશુને પાલનાર પવિત્ર માણસને ખોરાક આપનાર છે." પહલવી તરજુમા મુજબ: હદીશ્ મકાનૂગ્ ખાનગ્ "મકાનોનું રક્ષણ કરનાર ફરેસ્તો હદીશ," એટલે જે ફરેસ્તો ગાયઢોરને ઘાસચારો આપે છે, અને માણસોને ગાયઢોર આપે છે તે. એજ શબ્દને સામાન્ય નામ તરીકે "ખેતીને લગતું મકાન" એવે અર્થે લઈ શકાય. પાદશાહ ઝર્કસીસના પહાડ ઉપર કોતરાવેલા અસલી ઇરાની ભાષાના લેખોમાં એ શબ્દ હધિશ્, "મકાન"ને અર્થે વપડાયો છે:—વશ્ના અઉરમઝદાહ ઇમા હધિશ્ અદમ અકુનવમ, "ખોદાની મેહરથી આ મકાન મેં બનાવ્યું." દીનકર્દ પ્રમાણે હદીશ એટલે જે શક્તિ માણસોને જમીન ખેડવા માટે અને અનાજ વિગેરે જીવવાના સાંધણ મેળવવા સારું બશારત કરે છે તે.

"ઓ હદીશ! તું કે જે પવિત્રાઇની મારફતે ઉંચી લાયકાતવાળો છે, તેણે મસ્યે અને મસ્યાની તથા તેમના ફરઝંદોની આગળ જવું, અને મસ્યે અને મસ્યાનીની[1] મારફતે (તેઓના) અન્નને સારું અનાજની ખેતી કરતાં શિખવવું, અને તેઓના[2] (ફરઝંદોને) એવા આશિર્વાદ દેવા કેઃ 'આએ અનાજ[3] તમારાથી ઉગજો,[4] જેમ તે અહુરમઝદ અને અમેશાસ્પેંદો તરફથી તમુને મળ્યો છે; એ અનાજ દેવો તરફના નાશ તથા હરકત વીના[5] તમારી તરફથી તમારી પોતાની ઓલાદો સુધી પુગે[6] (યાને ચાલુ રહે)!' અને દ્રુજ તથા દેવોને પાછળ હઠાવવા માટે[7] બે અહુનવર તારે પઢવા." (૧૩) અને હદીશ, જે પવિત્રાઇને લીધે ઉંચી લાયકાતવાળો હતો તે મસ્યે અને મસ્યાની તરફ ચાલ્યો, અને મસ્યે અને મસ્યાનીને ખેતી કરવા, અને રોટી માટે અનાજ ઉગાડવા તાકીદ કીધી,[8] અને (તેથી) તેઓએ તેમ અનાજ ઉગાડ્યો; અને તેઓના (ફરઝંદો)ને[9] તેણે નિચે મુજબ આશિર્વાદ દીધાઃ "જેમ અહુરમઝદ અને અમેશાસ્પેંદો તરફથી તમુને આ અનાજ મળ્યો છે, તેમ તે તમારાથી ઉગજો, અને દેવો તરફની કશીબી હરકત વીના તે તમારી ઓલાદના ફરઝંદોને પહોંચજો!" પછી દેવો અને દરુજને પાછળ હઠાવી કાઢવા સારું બે યથાઅહૂવૈર્યો તે પઢ્યો.

(૧૪) અને પવિત્ર યઝદાંનાં શિક્ષણને લીધે, મસ્યે અને મસ્યાનીએ (નિચલા હુન્નરોબી) મેળવ્યાઃ (જેવાકે) વસ્ત્ર બનાવવાં, ગાયઢોર ઉછેરવાં,[10] ઘર બાંધવાં,[11]

(૧[a]) ઝક્ ઇ વર્ઝ્ ઇ જૂર્દાગ્ લખ્મયા મિન્ મસ્યે વ મસ્યાની.

(૨) ઝક ઈ ઑલાશાંન.

(૩) DM. મુજબ હના તર્તા વાંચ્યે તો અર્થ "આ ત્રણ," એટલે "ખેતી, અનાજ અને રોટી."

(૪) મિન લકૂમ્ યેહુમતૂનાદ્.

(૫) અપઈતિયાર્-ગારીહ્, "કંઇબી હરકત વગર." (૬) યેહુમતુનાદ્.

(૭) યૅગવીમૂનિશ્નીહ્.

(૮) જદીત્ મિન્ મસ્યે વ મસ્યાની; સરખાવો અવ, જદ્, "માંગી લેવું," ફા૦ ઝસ્તન્. ડા. વૅસ્ટ પ્રમાણે, વર્ઝ ને બદલે ઑલા વાંચ્યે તો અર્થ એમ થાયઃ "અને તેણે મસ્યે અને મસ્યાની પાસે અનાજ અને રોટી પેદા કરાવ્યાં."

(૯) DM. પ્રમાણે "તેઓને." (૧૦) શપાનીહ્.

(૧૧) અહૂગરીહ્. એ જ શબ્દનું બીજું વાંચણુઃ આહનગરીહ: "લો ખંડ ઘડવાનું કામ,"

શાહરુઆતની સુથારની કારીગીરી,[1] કદીમુલ અયામના લોકોની ખેતી અને ખેતીવાડી, તેમજ (જીંદગીના) પહેલા તબકકા[2] ને (લાયક આવે તેવી) મનની શક્તિઓ મેળવી; અને તેઓ મારફતે સગપણના વસીલાને લીધે આદમી જાતની પેદાયશને લગતાં પ્રમાણોનો વધારો, તેમજ જાતજાતના ધંધાઓનો આ દુન્યામાં પુષ્કળ[3] ફેલાવો[4] થયો.

(૧૫) અને તે પછી પેલું ઉન્નતિ કરનારું[5] ખોરેહ[6] સામ[7] ને મલ્યું, જે તેમનો (યાને મસ્યે અને મસ્યાનીનો) છોકરો હતો, અને જોડ્યાં ફરઝંદોની હાર[8] નો મોટો વડવા[9] હતો; દાદાર અહુરમઝદે તેનાં દેશ પ્રદેશની જે હદ[10] નક્કી[11] કીધી હતી તેટલા વિસ્તાર સુધી તે (સામ) દુન્યાના જુદા જુદા દેશો અને વિભાગોમાં (ફર્યો), પરિણામે વૃદ્ધિ ચાલુ[12] થઈ, અને જુદા જુદા દેશો અને પ્રદેશોમાં માણસોનો પુષ્કળ સંખ્યામાં ફેલાવો થયો.

(૧૬) બીજા જમાનામાં (તે ખોરેહ) દુન્યામાં ખેતી[13] ના કાયદા, દુન્યાની ખીલવણીના કાયદા, પાદશાહીના કાયદા, અને દુન્યાનાં રક્ષણને લગતા કાયદાની ગોઠ-

---

(૧) દઉરગરીહ; સરખાવો અવ૦ દાઉરુ, "લાકડું;" ફા૦ દરુદગરીહ "સુથારનું કામ."

(૨) **ફ્રતૂમીહ.** (૩) **પૂરીગ્** ને બદલે વપડાયો છે.

(૪) **વસ્તરિશ્નીહ્** વાંચવું બહેતર થઈ પડે.

(૫) **મદમ બરિશ્નીગ્.**

(૬) અવ૦ **હ્વરેનો (ખરેનો).** એ ખુરેહની બક્ષેશો કયા કયા જાણીતા પુરુષોને મલી હતી તે વિષે જુઓ **જમ્યાદ યશ્ત.**

(૭) **સામગ્. બુન્દહિશ્**, બાબ ૧૫,૨૫,૩૦ માં **સીયાગમગ્.** મસ્યે અને મસ્યાનીને ત્યાં જન્મેલાં પહેલાં જોડ્યાંમાંનો મર્દ આદમી.

(૮) **હુમપતવંદાન.**

(૯) **મદમ નીયાગ-ઇચ્,** સરખાવો અવ૦ **ન્યાક.**

(૧૦) **ઝક્ દરનાએ;** ફા૦ **દરાના.**

(૧૧) **વિચીદ્** "ચુંટી કાઢેલી," અવ૦ **ચિ.**

(૧૨) **સાતૂનિશ્ન.**

(૧૩) **દાતો ઇ દહ્ગાનીહ્**, "ખેતીના કાયદા," ફા૦ **દેહકાન,** "ખેડુત," "તવારીખનવેશ." છેલ્લા શબ્દને જો **નીયાગાનીહ** વાંચ્યે તો અર્થ "બાપદાદાઓના કાયદો" એવો થઈ શકે. **બુન્દહિશ્,** (બાબ ૧૫) મુજબ બેઉ જણાઓ **સામગ્**ના છોકરાઓ હતા. **અલબીરૂની**બી એમજ કહી ગયો છે (જુઓ પાનું ૨૦૬ મું.)

વણ કરવા માટે પેશદાદયાન[1] વંસનાં વાએગેરેદ[2] અને હોશંગ ને મલ્યું હતું. (૧૭) તેઓએ[3] (પોતાની) એકદીલીથી,[4] દીનની સ્થાપણાથી,[5] અને પોતાના જોડાયલાં બળથી દુન્યાની પાદશાહી અને ખેતી બન્નેને સુધાર્યાં; અને જે સુધારો અહુરમઝદની પેદાયશોના વધારા, બેહતરી[6] અને સંપીલાં બંધણને[7] માટે તેમજ અહુરમઝદથી નિર્માણ થયલી દીનને ખાતર તેઓએ કીધો. (૧૮) વળી તે હોશંગે પેલાં ખોરેહની બરકતથી માઝનના[8] દેવોમાના બે ત્રત્યાંસ ભાગને માર્યા, અને અએશ્મ દેવની બુરી શિખવણીવાલી સાત પેદાયશોનેબી મારી નાંખી.[9]

---

(૧) **પરધાત** એ શાહનામાના **પિશ્દાદયાન** વંસના રાજાઓનો અવસ્તામાં જણાવેલો ખેતાબ.

(૨) DM. વાલી નકલ મુજબ **વાએગેરેદ** તે હોશંગનો છોકરો હતો.

(૩) યાને **વાએગેરેદ** તથા **હઑશ્યંગ.**

(૪) સરખાવો અવ૦ **હુખ,** "દોસ્ત." (૫) **દઍન દાતીહ.**

(૬) **નીવારિશ્ન.** (૭) **પતવંદિશ્નીહ.**

(૮) **ચોજનત્ દુથીશ્ર માઝન્યનાંમ્ દએવનામ્, વરૅન્યનાંમચ દ્રવતાંમ્,** "જેણે માઝંદરાનના અને ગીલાનના દેવોનો ૨/૩ ભાગ નાશ કીધો." પહલવી લખનારાઓ મુજબ, **વરૅન** તે ગીલાનનો પ્રદેશ હતો. જુઓ **ઝમયાદ યશ્ત,** ફ૦ ૨૬, અને **આવાં યશ્ત,** ફ૦ ૩૩.

(૯) અહીં **વરૅન**ના દેવોનો એશારો છે. આએ ૧૮ મા ફકરામાં **વરૅન** શબ્દને ભાવવાચક અર્થે લીધો છે, અને તેને બદલે **અએશ્મ** શબ્દ મુકાયો છે, (અવ. **અએૅષ્મ,** "ગુસ્સાનો દેવ"). માઝંદરાન અને ગીલાનના મુર્તીપુજકો વિષે અહીં એશારો હોય એમ લાગે છે. "સાત જાતના બુરી કેલવણીવાલાં આદમીઓ," તે ગીલાનના સાત સરદારો છે, જેઓને હોશંગે માર્યા હતા. **આમુખ્ત-શૂતગ્** એ **આમૂખ્ત-વિશૂતગાન** ને બદલે છે. **બુન્દહિશ્** (બાબ ૨૮) માંના એક ફકરામાં **અએૅશ્મ** માટે નિચે મુજબ લખાણ આવેલું છે:- **ઑલાશાંન્ હમ અવઝાર્ અએશ્મ શએદા હુવા-અન્દ્; ચીગૂન્ પેમલેલુનેદ અઇધ્ ૭ ઝોર ઇ અએશ્મ ચેહવૂનેદ્, અઇધ્ દામાન્ પદશ્ બરા અવીસાઇનેદ્; વ કયાન્ વીરાન્ ઝિમાનગ્ ઈ નફ્શા મિન ઝક્ ૭ ઝૂર ૭ બરા મખીતુનેદ્, વ અએવગ માનદ્,** "અએૅશ્મ દેવ તેઓની તેજ (ખરાબ) શક્તિઓ ધરાવે છે, જેમ કહેવામાં આવેલું છે કે અએૅશ્મમાં સાત જાતનાં જોર છે, જેથી કરીને તે પેદાયશોનો નાશ કરે છે; તે સાત જાતના બળથી તે પોતાના વખતમાં સાત કયાની બહાદુર વીરાઓને મારશે, અને એકજ બાકી રહેશે."

(૧૯) તે પછી (તે ખોરેહ) તાખ્મુરપને[1] મળ્યું, કે જે (પાદશાહ) હથ્યારથી પોતાને સજતો[2] હતો; અને જે ખોરેહની બરકતથી તેણે દેવો, બુરા આદમીઓ, જાદુગરો અને દાકણોને મારી હઠાવી હતી,[3] તેમજ તેણે બુતપરસ્તીને ઉખેડી નાંખી; અને તેણે પરવરદેગારની આરાધના અને બંદગી તે સાહેબના બંદાઓમાં ચાલુ કીધી; (અને) ત્રીસ શ્યાલા (એટલે ૩૦ વર્ષો)[4] સુધી તેણે અહરમનને ઘોડાના આકારમાં[5] ફેરવીને, તેની ઉપર ઘોડેસ્વારી કીધી હતી.

(૨૦) વળી બીજી વખતે[6] (તે ખોરેહ) વીવંઘહાનના[7] છોકરા યિમ-શએત[8] (જમશેદ)ને મળ્યું, જેથી તેણે અહુરમઝદ સાથે ગોફ્તેગો (થઈ), અને દીનના ચાર પેશાઓ જે ધર્મગુરુ, લડવૈયા, ખેડુત અને કારીગરોને લગતા છે તેઓની તેણે કીધેલી પસંદગીને[9] લીધે એ ચાર ધંધાઓ, મોબેદીનો પેશો, લડવૈયાનો પેશો, મઝેબાની અને હુન્નરમંદોનાં વર્ગો, હસ્તિમાં આવ્યા હતા; અને જેમ કરવાથી તેણે દુન્યાને ખોશહાલી બનાવી, વીસ્તારમાં લંબાવી અને વધારી, અને પોતાના બળના પ્રમાણમાં[10] તેણે આદમીઓને સુધાર્યા;[11] (જેથી કરીને તેઓ)

---

(૧) **તાખ્મૂરપો,** અવ૦ **તખ્મ-ઉરૂપ,** અને ફા૦ **તહમુરસ,** જે અસલ ઇરાનના પેશદાદયન વંસના પાદશાહોમાં બીજો હતો, અને જેને **રામ યશ્ત** (ફ. ૧૧) માં **અજિનવાઓ,** "હથ્યારમાં સજ થયલો" કહેલો છે.

(૨) **ઝયનઆવંદ,** અવ૦ **ઝય,** અને ફા૦ **ઝીન.**

(૩) એ સાથે સરખાવો **રામ યશ્ત,** ફકરો ૧૨ મો; **ઝમયાદ** યશ્ત, ફકરો **૨૯** મો.

(૪) અવ. ** થ્રિસત-ઝિમ,** એટલે ૩૦ વર્ષ સુધી.

(૫) **ફ્રાજ્ વશત્ ઓલ્ અસ્પો કર્પ.** (૬) અથવા "પાછલથી;" "પછી."

(૭) અવ. **વીવંગહવત્** અથવા **વીવંગહંત્**, એ જમશેદના બાપનું નામ છે.

(૮) અવ. **યિમ-ક્ષએત,** સામાન્ય રીતે એ (પેશ્દાદયન વંશનો ત્રીજો પાદશાહ) **જમશેદ**નાં નામથી ઓલખાય છે. વેદશાસ્ત્રમાં એનું નામ **યમ છે,** ત્યાં તેને **વીવસ્વત્** નો છોકરો, સર્વથી પહેલો માનવી, પહેલવહેલો મોહતને આધીન થયલો આદમી, અને બંદગીની શરુઆત કરનાર તરીકે જણાવ્યો છે. અહીં **જમ્યાદ યશ્ત** (૩૧-૪૬)માં આવેલી અવસ્તાની વિગતો સરખાવો. તે ઉપરાંત **બુન્દહિશ્,** બાબ ૩૧, ફ. ૩-૫ માં, અને **વંદીદાદ,** ફરગર્દ ૨ જામાં જમશેદનું દાસ્તાન આવેલું છે.

(૯) **મેકબ્લૂનાં,** "પસંદ કરીને," "કબુલ કરીને."

(૧૦) **પવન્ પતમાન્ ઇ અઑજ્.**

(૧૧) અથવા, "તેણે પેદાયશોના જોરમાં વધારો સુધારો પ્રમાણ મુજબ કીધો." બીજી રીતે વાંચતાં, **અ-તીખ્ન** લેવાઈ શકાય.

સઘલાં અમર્ગ, બુઘાપા વીનાના, ભુખ વગરના, તરસ વગરના, આબાદી ભર્યાં અને પુર સુખશાંતિ સાથનાં[1] થયાં હતાં. (૨૧) અને ભલી દીનમાં દાદાર અહુરમઝદે કહેલા સખુનોમાં નિચે મુજબ જમશેદને જણાવ્યામાં આવ્યું છે:-"ત્યાર પછી મારી જેહાનને તું આબાદ કર[2] [એટલે કે, તેની (પેદાયશોની) સંખ્યા[3] માં તું વધારો કર]; અને તે પછી મારી (વસ્તીવાલી) દુન્યાને આબાદ કર[4] [એટલે કે, કદમાં વધારે ફરબે[5] બનાવ]; અને પછી દુન્યાને ખવડાવવું, પોશણ કરવું, અને તેની સરદારી તથા નેગેહદારી[6] મારી તરફથી તારે કબુલ રાખવાં જોઇએ; અને એવી રીતે તે સઘળું તારે બજા લાવવું[7] જોઇએ કે જેથી કોઇબી આદમીથી બીજાં આદમીને ઇજા યા વેદના કરવાનું કામ બનવાજોગ નહિ રહે."[૮-૯]

---

(૧) પઍારુ-શર્ઍતીહ્, "દોલતથી ભરપુર;" અવ. શર્ઍત, "ધન, દોલત." અથવા બીજી રીતે પઍારુ-શીતી, "રહેઠાણોથી ભરપુર," અવ. શિતી. "રહેઠાણ", (ક્ષિ-"રહેવું" તે ઉપરથી). એ વીસમાં વાકયમાં આવેલી વિગટને પહલવી વંદીદાદની બીજી ફરગર્દ સાથે (ફકરા ૪ થાથી) સરખાવો.

(૨) ફ્રાદીન્, આજ્ઞાર્થ એક વચન; સરખાવો અવ. ફ્રાધ્, "આબાદ કરવું," અવ. ફ્રાધય, ફ્રાધન, "આબાદી," "વધારો."

(૩) એટલે કે, ભલાં પ્રાણીઓની સંખ્યા.

(૪) વારીન્, એ પહલવી શબ્દ અવસ્તા વરેધય (વરૅદ્, "વધારવું" તેનું આજ્ઞાર્થ રૂપ) ઉપરથી બન્યો છે. એટલે કે "મારી દુન્યાને વધારે ને વધારે બોહોલી, ફલદ્રુપ અને રહેવા લાયક બનાવ." અથવા બીજી રીતે લેતાં "મારી પેદાયશોને સારી રીતે ઉછરેલી અને તંદરોસ્ત બનાવ."

(૫) ફા. ફરબેહ, "ચરબીદાર." (૬) મદમ્ નિગાસ્દારીહ્.

(૭) વબીદુના.

(૮) તૂબાન્ ચેહવૂનાદ.

(૯) યિમ સંબંધી વંદીદાદના અવસ્તા અને પહલવી ટેક્ષ્ટોમાં નિચે મુજબ ઉપલાંને મલતું લખાણ છે:-આઅત્ મે ગએથાઓ ફ્રાધય, આઅત્ મે ગએથાઓ વરેધય, આઅત્ મે વીસાઇ ગએથનામ્ થ્રાતાચ હરૅતાચ અઇવ્યાક્તચ (એનો પહલવી તરજુમો) અદીન્ ઝક્ ઇ લિ ગેહાનાન્ ફ્રાખૂઇન્ [અઇધ્ વેશ્ બરા વબીદૂનાં]; અદીન્ ઝક્ ઇ લિ ગેહાનાન્ વારીન્ [અઇધ્ ફ્રપીહ્તર બરા વબીદૂનાં]; અદીન્ ઝક્ મિન લિ મેકબલૂનાં ગેહાનાન્ રાઍ સ્રાયિશ્ન્, પર્વરિશ્ન્, સર્દારીહ વ ફ્રમાન્ યેહબુન્ત, પવન્ નિગાસદારિશ્ન્ વ પાનગીહ કર્દન્.

(૨૨) અને તેણે, જમશેદે, (ઉપલું ફરમાન) સ્વિકાર્યું, અને જેવી રીતે અહુરમઝદે તેને હુકમ કર્યો હતો તેવીજ રીતે બરાબર તે બજાવ્યું. (૨૩) વળી તેજ ખોરેહને લીધે તેણે પૃથ્વીની જમીનને તે (વખતની) અગાઉ જેટલી હતી તે કરતાં ત્રણ ત્ર્યાંસ ઘણી પહોલી બનાવી; અને તેણે પોતાનાં તે રાજ્યમાં માણસો[1] અને ગોસપંદોને મોતથી દુર કીધાં, અને બીજી પેદાયશો (જેવીકે) પાણી, ઝાડપાન, અને ખોરાક, તથા સદા તાજો રહે તેવો ખોરાક[2] તેણે બનાવ્યો. (૨૪) અને ભલી દીનમાં એમબી જાહેર છે કે તેણે, જમશેદે, સદ્દીને ગરો-થ્માન (બહેસ્ત) જેવી ખુશ્નુમા બનાવી; અને માહઝ્ઝાની દાદાર[3] અહુરમઝદના ફરમાનથી તેણે મહરકૂશ[4] ના (સખ્ત) શ્યાલામાં (થનારા) નાશથી પેદાયશોને

---

(૧) અવ. વીર, "મરદાને મર્દો," "પહલવાનો."

(૨) DM. મુજબ: ખૂરિશ્‌ન્ ખૂરિશ્‌ન્ અન-અવ્‌સાયિશ્‌ન્, "નહિ ખરાબ થાય એવા જાત જાતના ખોરાકો." આએ ૨૩ મા ફકરામાં ખૂદાએઇહ અને ખૂરિશ્‌ન્ એ શબ્દો ભુલથી બેવાર લખાયલા લાગે છે; બેવડા થયલા શબ્દોમાંનો એકેકો કાઢી નાખવો બેહતર દીસે છે.

(૩) DM. મુજબ: "કીરતારનાં સઘળાં ફરમાનોને અનુસરીને."

(૪) અવ. મહુરકૂશ્, "ધાટકી," "ભયંકર"; અવ. મહર્ક "મોહત." એ નામ એક એવા દેવનું છે કે જે અહુરમઝદની પેદાયશને કમી કરવા આ દુન્યામાં સખ્ત શીયાળો મોકલે છે. વંદીદાદની ફરગર્દ ૨ જી, ફકરા ૨૨ મામાં:–અઘેમ્ ઝેમો જંઘહેન્તુ; અને વૅસ્તર્ગાર્ડના ફ્રેગમૅંટ ૮ મામાં:–યત્ મહુર્કૂશો અવ-મીર્‌યાઇતિ અદા ઝી અવ દ્રૂજો અવો બવઇતિ સ્‍કૅંદો સ્પયથ્રહે મળે છે. પહલવી લખાણોમાં એ મહુરકૂશનો અર્થ મલ્કૂશાન ઝિમિસ્તાન્ કરી, એને હીણુ–ખ્વાહડી મલ્ગોશ્ (જે સારી મતલબે પાનખર રુતુના વરસાદ માટે વપડાય છે તે) ની સાથે ભેલી નાખવામાં આવ્યો છે. મોટી બુન્દહિશના નિચલા ફકરામાં મલ્કૂસ્‌નો એશારો મલે છે:–"જ્યારે અઉશીદરનો હજારો પુરો થશે ત્યારે તૂર-ઇ-બ્રાતરૂગ-રિશ, જે ઝરથુસ્ત્રને મારનાર ખુની હતો, તેના ખાન્દાનનો ધાટકી રીતે મલ્કોસના હાથે નાશ થશે. તે મલ્કોસ જાદુ અને મુર્તીપુજાનો મઝહબ સાથે લાવશે, અને તે ભયંકર વરસાદ વરસાવશે, જેને મલ્કોસાન કહેવામાં આવશે; ત્રણ વર્ષ સુધી સર્દ શ્યાલાઓ અને ઉકલાતવાલા ઉનાલાઓ સાથ ચાલુ કરાં અને બરફનો પ્રવાહ તે ચાલુ કરશે; સઘળાં માણસોને વધુવાર ગરમીનું કંઈ સાધણુ ન મલવાથી તેઓનો નાશ થઈ નાબુદ થશે, ત્યારપછી આદમી જાતનું ફરીનું બંધારણ જમશેદે બનાવેલા વર મારફતે કરવામાં

બંધાવવા સારું ઇમ-કર્દ-વર (વરે-જમ-કર્દ) બાંધ્યો, અને ભલી દીનમાં જણાવેલા બીજા ઘણા મોજેજાઓ તેણે કરી દેખાડ્યા.

(૨૫) અને બીજી વખતે તે ખોરેહ પરવરદેગારના હોકમથી આસ્પીગાન ખાનદાનનાં ફરેદુન[1] ને મળ્યું, જે વારે તે પોતાની માવતરના[2] પેટમાં[3] હતો; ખેડુતનો પેશો, જે ધાર્મીક પેશો[4] હતો, તેમાં (ભવિષ્યમાં) જે ભાગ તે લેનાર હતો તેથી, અને જમશેદમાં જ્યારે તે ખોરેહ હતું ત્યારે (માણસોની) કીધેલી વહેંચણી[5] ને લીધે, તે ખોરેહ ફરેદુનને મળ્યું, જેથી તે ફત્તેહમંદ નિવડ્યો[6] હતો; વળી ફરેદુન (આવી રીતે) ફત્તેહમંદ નિવડીને (પોતાની) માતાના પેટમાંથીજ ઝહાકને પુરો પડનાર[7] બન્યો, અને તે ઘણો જોરાવર[8] દ્રૂજ (ઝહાક) તેનાથી દુખી[9] અને બેફામ[10] બન્યો.

આવશે; અને એજ કારણથી તે છુપી જગાએ બાંધવામાં આવ્યો છે." એ **વર** જે જમશેદે બંધાવ્યો હતો, અને જે જુના આદમીઓ અને જાનવરોના બરફ અને શીયાલાથી નાશ પામવા પછી નવાં પુરાં પાડવા કામ આવ્યો હતો અને આવશે, તે **નોઆહના** "આર્ક," અને **ક્ષીસુથ્રૉસના** વાહણને મળતો આવે છે. એ ઉપરથી એમ માલમ પડે છે કે જુની **તૉરાત** (બાઇબલમાં) જમશેદનું પાત્ર ઘટતા ફેરફાર સાથ **નોઆહ** પાસે ભજવવામાં આવ્યું છે.

(૧) **થ્રએતઑન**, અવસ્તા પ્રમાણે **આથ્વ્યનો** છોકરો. એ સામાન્ય રીતે **આથ્વ્યાંનનો** એલકાબ ધરાવે છે. શાહનામાના **આબ્તીનનો** છોકરો **ફરેદુન**, તે એજ છે. એને માટે વારંવાર **યશ્ત** ૫, ૯, ૧૩, ૧૪, ૧૫, ૧૭, અને ૧૯ માં, અને **યઝિશનેના** ૯ મા હામાં એશારાઓ મળે છે.

(૨) **બૂર્દાર્**, સરખાવો અવ. **બેરેથ્રિ**, "બચ્ચાંને જન્મ આપનાર માવતર" (વંદીદાદ, ૧૮,૩૮),

(૩) **અઊરુસ્વર**, અવ. **ઉરુથ્વન, ઉરુથ્વરે**, "ગર્ભસ્થાન" (વંદીદાદ ૫, ૫૧, **ઉરુથ્વોહુવ**).

(૪) એટલે કે દીનમાં જણાવેલા ચાર પેશાઓમાંનો તે એક હતો.

(૫) ચાર પેશાઓ જેનું વર્ણન ઉપર આપ્યું છે તે.

(૬) વાંચણઃ **પીરુઝ્ગરીહેદ્**, કર્મણી પ્રયોગ. **વૅસ્ત** પ્રમાણે વાંચણઃ **પીરૂઝ્ગર-શએત**, "ફતેહમંદ ઝલકાત."

(૭) **પસખૂન ગૂફ્તાર**, અસલ અર્થ "જવાબ દેનાર;" એટલે તકરારમાં સામે વાલાને માહત કરનાર, તે ઉપરથી અહીં અર્થઃ લડાઇમાં પુરો પડનાર ફતેહમંદ પુરુષ.

(૮) **વસ-અઓજ્**; પહલવી **વસ**, ફા. **બસ** "ઘણું;" અને અવ. **વજ** "જોર;" એજ શબ્દને **નિસીવીચ્** વાંચી શકાય, જેનો અર્થ "હલકો," થાય, ફા. **નિશીબ**; બીજું વાંચણઃ **નસ્ખુન્-ઇચ્**, "વળી કોહાતવાલો."

(૯) વાંચણ **દર્દીનીહ્**; બીજી રીતે (**વૅસ્ટ** મુજબ) **ગર્દીનીહ્**, "દુર કીધેલું," અથવા "ગબડી પડેલુ," ફા. **ગર્દીદહ**.

(૧૦) **સ્તરૂદીનીહ્**, સરખાવો અવ. **સ્તરેત**, "ગભરાયલો." **વૅસ્ટ**: "ચેત વીનાનો."

(૨૬) નવ વર્ષની ઉમરે પુગ્યો[૧] કે ઝહાકનો નાશ તેણે કરવા મંડ્યો, અને જીત[૨] મેલવી ઝહાકને હરાવ્યો; તેનાથી (ભલી) પેદાયશોનો બચાવ થયો, અને તેઓ રાહત પામી; માઝન્દરાનના સરદારોને હરાવ્યા, તેમનાંથી થયલાં નુકસાન અને ઇજા ખનીરસમાંથી દુર કરવામાં આવ્યાં, અને પોતાના ત્રણ બેટાઓને માટે તેણે ખનીરસનો કેશ્વર બંચાવ્યો. (૨૭) વળી ધર્મનો ત્રીજો પેશો જે ખેતીવાડીનો હતો, તેની મદદથી તેણે મરકીનો[૩] રોગ દુર કરવાને[૪] અને તેના ચેપ[૫] ને દાબી દેવા વાસ્તે માણસોને વૈદક સારવાર (દવા) તેણે શિખવી; અને તેજ પ્રમાણે બીજા ઘણા મોજેજાઓ તેણે કીધા,[૬] અને જેહાનને માટે ઘણાં ફાયદા ભર્યાં પ્રાક્રમો બજાવ્યાં.

(૨૮) અને તેજ ખોરેહ[૭] ફરેદુનની હૈયાતી દરમ્યાન ફરેદુનના છોકરા એરચ[૮] જેને દાદાર અહુરમઝદે મોહોટાઇ[૯] બક્ષી હતી તેથી તેને મલ્યું, અને ખોદા-તાલા તરફની જાનફેશાની (ભક્તિભાવ) નાં તરીકા ને તાબે રહી[૧૦] તે તરીકા તેણે પોતાનાં મુલ્કમાં ફેલાવ્યા, જે ઉત્તમ બક્ષેશ[૧૧] તેના બાપ ફરેદુને તેને માટે ચાહેલી હતી, અને જે તરીકાની બક્ષેશ ફરેદુનના ભલા આષિર્વાદોને લીધે દાદાર અહુરમઝદ તરફથી તેને મલી હતી.

---

(૧) મત્, "આવ્યો."

(૨) જે તે ખોરેહને લીધે મલી હતી.

(૩) **સિજ;** અવ. **દ્દથ્યેજંઘહ્**, "નાશકારક."

(૪) વાંચણુઃ **વીશૂફ્તન્** અથવા **નાહૂફ્તન્**, "નાશ કરવો" અથવા "દાબી દેવું."

(૫) **અપ્દગીહ્**, અવ૦ **અખ્તિ.**

(૬) બહેતર વાંચણુ નિચે મુજબઃ **વ હાનિચ્ અફ્દ ફબદ કર્દ.**

(૭) **આન્ હુમ વક્ષ્.**

(૮) અવસ્તા **અઇર્યુ** અથવા **અઇર્યવ**, શાહનામાનો ઍરચ, જે ફરેદુન પછી કદીમ ઇરાનની ગાદીએ આવ્યો (જુઓ **ફ્રવરદીન યશ્ત**, ફકરો ૧૩૧ મો).

(૯) **અવર બરિશ્નીહ**, યા **મદમ્ બરિશનીહ**, સરખાવો ફા૦ **બર્ બુર્દન**, "ચઢવું."

(૧૦) **અઇરીહ્ દાદ ગુશીદન્** અથવા **અઇરીહ દાદ્ ન્યોશીદન્**; એને બદલે બેહતર વાંચણુઃ **અઇરીહ વ દાદ ન્યોશીદન્**, જેનો અર્થઃ "જાન ફેશાની (પરહેઝગારી) અને કાયદાને (જીગરથી) સાંભળવો તે".

(૧૧) **યાન**, સરખાવો અવ૦ **યાન**; વૅસ્ટનું વાંચણુઃ **જાન**, "જીંદગી."

(૨૯) અને (પછી) તે (ખોરેહ) એરચના માદરની બાજુ[૧] ના એક સગા, અને ફરેદુનની ઓલાદના એક શખ્સને મલ્યું, (એટલે) તે નેર્યોસંગ ફરેશ્તા સાથે માનૂશ્-ગરની તરફ આગલ વધ્યું, અને તેનાથી એરચની ઓલાદનો[૨] વધારો સંપૂર્ણ થવા પામ્યો.[૩]

(૩૦) વળી તે (ખોરેહ) ઇરાનના પાદશાહ **માનૂસ-ચીહરને** મલ્યું, તેથી તેણે મોજેજા જેવા ઘણા ચમત્કારો[૪] કીધા, અને એરચના કીનામાં સેલમ અને તૂજ[૫] ને તેણે માહત કર્યાં, અને પારકા દેશોને ખુલ્લી રીતે જવાબ દેનાર તે નિવડયો[૬]; અને ઇરાનનાં રાજ્યને તેણે સુધાર્યું, અને તેણે ઇરાન દેશને વધારે બહોળો અને ફળદ્રૂપ કીધો; અને **અન-આર્ય** (ઇરાનની બાહેરનાઓ) ની ઉપર ઇરાન દેશને સર્વોપરી બનાવ્યો.

(૩૧) બીજે વખતે **તુમાસ્પ**[૭] ના છોકરા, (અને) માનૂશચીહરના એક ખેશી ઇરાનના પાદશાહ **અઉઝોબની**, આગળ (તે ખોરહ) આવ્યું; તેના

---

(૧) **બએન્ અમ**; એ શબ્દો **બએન્ હમ અઓબામ્** ને બદલે કદાચ આવ્યા હોય. જે માતાનો અહીં એશારો છે તે **ગૂરઝગ** નામની હતી (**બુન્દહિશ,** બાબ ૩૧,૯ માં તેણીનો એશારો મલે છે), જેણી **અઇરીચ**ની એકપુરી છોકરી હતી, અને **માનૂશ-ચીહર**ના બપાવા **માનૂશ્-ઇ-ખૂરશેદ-વીનીગ્**ની મા થતી હતી. પાઝંદ **જામાસ્પ નામા**માં એ નામ બીજી રીતે **વીરગ્** મલે છે. અહીં લખાયલો **માનૂશ્-ગર** શબ્દ તે **માનૂશ-ચીહર**ના પીતા **માનૂશ-ખુર્નાર**નો ટુંકો આકાર ગણી શકાય.

(૨) **નાફ,** અવ૦ **નાફ,** "ઓલાદ," "ફરજંદ." કદાચ એને બદલે અસલ લખાણમાં **ફ્રાજ્ (સાવૂન્ત)** હોય.

(૩) **યેહવૂન્ત પૂર રૂબિશ્નીહ.**

(૪) **કબઇદ્ અફદ્ કર્દ્ કાર્**; અસલ અર્થ: "તેણે ઘણા અજાયબીથી ભરપુર (મોજેજા જેવાં) પ્રાક્રમો કર્યાં."

(૫) અવ૦ **સઇરિમ** અને **તૂર.**

(૬) **ફ્રાખૂ અવો અન-અઇર મતા યેહવૂન્ત પસખુન ગૂફ્તાર.** DM. નાં લખાણ મુજબ:-**ફ્રાખૂઆન ઇ અન-અઇર મતા,** જેનો શબ્દાર્થ "અન-આર્ય મુલકોની આબાદી કરવાને;" અહીં **ફ્રાખૂઆન**ને વર્ત્તમાન કૃદંત લઇ શકાય. બીજાં વાંચણ: **ફ્રાખ્નેન્દ અન-અઇર્ મતા,** અથવા **ફ્રાખનીનીદન્ ઈ અન-અઇર્ મતા.**

(૭) **દીનકર્દ,** પુસ્તક ત્રીજામાં (બાબ ૧૭૬ મો, દસ્તુર સાહેબ પેશોતનજી સંજાણાની આવૃતી, વૉલ્યુમ ૫ મું) **અઉઝોબ**ના અજાયબ જેવાં કામોનું લંબાણ વર્ણન મળે

ખોરેહની જાહોજલાલી[1] ને લીધે તેનો જન્મ એક સરખો મહાન[2] (નિવડ્યો); તે પોતાનાં બચપણમાંજ ઉમરે પુગેલા મર્દ[3] માફકની ચપલતાને અને મર્દનાં કદ[4] ને પોંહોંચ્યો; ખેતીવાડીને માટે ઇરાનના મુલકોમાં તેણે વરસાદના પાણીને (એકઠું રાખવા) તલાવો[5] ખોદાવ્યા; અન-આર્ય લોકોને મારવા તે આગલ વધ્યો, અને (તેઓને) દાબી દેવા અને ઇરાન સરજમીનથી દેશપાર-કાઢવા[6] (મંડ્યો); ઇરાનને તારાજ કરનારાઓને તથા ગામડાંના જાદુગરો[7] ને તેણે માર્યાં, અને તે ખુનીઓના મુરબી[8] તુરકસ્તાનના ફ્રંઆસીયાગ[9] (અફ્રાસ્યાબ) ને બીહવડાવી નહસાડ્યો; તેણે ઇરાન જમીનને ખીલવી અને ફળદ્રુપ બનાવી, અને તે ઉપર ઘણુંક પાણીનાં ઝરા વધાર્યાં, અને કેટલાંક શહેરો[10] સ્થાપ્યાં.

છે. **બુન્દહિશ્‌માં** પણ એને લગતો એશારો મલે છે (બાબ ૩૧ અને ૩૪ માં, જ્યાં તેને **અગાઈમધ્વાક્**ના ત્રણ બેટા માંના એક તરીકે જણાવ્યો છે.) અવસ્તામાં એને **ઉઝવ તૂમારપન**ના નામથી ઓલખ્યો છે (**યશ્ત** ૧૩,૧૩૧); જે શાહનામાનો **ઝૂ-બિન-તહમાસ્પ** છે.

(૧) **પવન ઝક વક્ષ ગદા;** અથવા બીજી રીતે લેતાં **પનવ ઝક્ વક્ષ** ઇ **નિશ્મ**, "તેના આત્માના તે ઝલકાતને લીધે." **વૅસ્ત્** પહલવી **વક્ષ**નો અર્થ "નસીબ," "તકદીર" કરે છે.

(૨) **હમ-દસ્ત્ ઝરખૂનિશ્ન**; ફા. **હમ-દસ્ત,** "એકસરખાં કૌવત, સત્તા અને મોહટાઇનો;" વળી સરખાવો ફા. **હમ-દસ્તાન,** "હાથમાં હાથ મેલવીને," "જોડ્યા," "મલત્યા." **વૅસ્ત: હમ્-જસ્ત,** "ભેગા થયલા."

(૩) **પુર્નાએગારીહ.** (૪) **મર્દ-પત્-માનીગીહ.**

(૫) **વિશાદ વારાન્-માત્**; સરખાવો ફા. **માદહ.**

(૬) **સ્પૂખ્તન બાઇવારીનીદન્**, સરખાવો. ફા. **આવારહ,** "રદ થયલો", "તજી દીધેલો".

(૭) વાંચણ: **દહીગ્-યાતૂગ્**; એનેજ બીજી રીતે લેતાં:- **જહીગ્-યાતૂગ્** વાંચી શકાય, જેનો **અર્થ:** "બેમલહાજાવાલો જાદુગર" (સરખાવો **દીનકર્દ,** પુસ્તક ૩ જું, બાબ ૧૭૬,૨).

(૮) **અબૂઈ ઓલા હમ-ખુન્-તુશ્ગાન્**, ફા. **ખુન્-તુશાહ,** "લોહીનો તરસ્યો."

(૯) **અફ્રાસ્યાબ, તુરાન**નો પાદશાહ, જે ઇરાનનાં પાદશાહ મીનોચેહર સામે ઇરાનની પાદશાહી લેવા માટે ઘણાં વર્ષો સુધી લડ્યો હતો. જુઓ **ઝમયાદ યશ્ત,** ફકરા ૫૬ થી ૬૪; **બુન્દહિશ,** બાબ ૩૧ અને ૩૪.

(૧૦) **રુદાન્ વ રુસ્તાગાન્**; સરખાવો ફા. **રુસ્તા** "બજાર સાથનો કસ્બો," "શહર."

(૩૨) તે પછી તે ખોરેહ કેરેશાસ્પ,[1] જે સામનો છોકરો હતો તેને, રથેશ્તારી (સેપાહગીરી) જે દીનને લગતો બીજો પેશો છે તે (તેની) તકદીરમાં હોવાને લીધે, મલ્યું-જમશેદના ખોરેહના પ્રતાપથી જે ચાર પેશાઓમાં આદમીઓની વહેંચણી[2] થઇ હતી તેમાંનો તે એક પેશો હતો-અને જે (ખોરેહ)ની બરકતથી કેરેશાસ્પે સ્રોબોવર[3] અઝદાહ જે ઘોડાઓ ગલી જનાર અને માણસખાઉ[4] હતો તેને માર્યો, અને ઝેરી એડીવાલા[5] ગંદરેવ[6] દેવને, તથા દેવોથી અને ભલી પેદાયશોને નાશ કરનાર દ્રૂજોથી ઉત્પન થયેલાં આફતોને તેણે દુર કીધાં.

(૩૩) ત્યાર પછી કયાનીઓના વડવા[7] કએ-કબાદને[8] તે ખોરેહ મલ્યું, જેની

---

(૧) અવસ્તા મુજબ થ્રિતનો છોકરો કેરેસાસ્પ, તે ઉર્વાક્ષયનો ભાઈ અને સામની ઓલાદનો હતો. શાહનામામાં એને અસ્રતના છોકરા ગર્શાસ્પ કરીને ઓલખ્યો છે. એનો અવસ્તા ઍલ્કાબ નરેમનઉ છે. એને વિષે અવસ્તા અને પહલવીમાંથી મલતા એશારાઓ માટે જુઓ ડા. વૅસ્તનો "કેરેસાસ્પને લગતી કહાઓ" વિષેનો વધારા તરીકેનો રેસાલો (Appendix,) "Sacred Books of the East," વૉલ્યુમ ૧૮ મું, પાનાં ૩૬૯-૮૨.

(૨) આદમીઓનાં વર્ગો કરવામાં આવ્યા હતા.

(૩) અવસ્તા સ્રવર, (જુઓ યઝિશ્ન ૯,૧૧; ઝમ્યાદ, યશ્ત, ફકરો ૪૦ મો). એ એક રાક્ષસી કદના દેવનું નામ છે (જુઓ S. B. E. વૉલ્યુમ ૧૮ મું, પાનુ ૩૭૪ મું).

(૪) અસ્પ-હન્પાર, ગબ્રા-હન્પાર્; પહલવી હન્પાર્દન, "ગલી જવું," સરખાવો અવસ્તા હામ-પર્, જેમાં પર એટલે "ભરવું."

(૫) દીનકર્દ મુજબ ઝહર-પાશ્નાન્, અવ. ઝઇરિ પાશ્નેમ. મારા ધારવા મુજબ એ અવ. ઝઇરિનો અર્થ ઝેર થવો જોઇએ, અને નહિ કે લીલો યા સોનેરી રંગનો; સરખાવો અવસ્તા ઝઈરિચ, "ઝાડપાનને જેહર આપનારો દેવ." ડા. વૅસ્તનો તરજુમો: "સોનેરી પાટલીવાલો દેવ ગન્દર્રેપો.

(૬) અવ. ગન્દરેવ, દર્યામાં રહેનારા એક રાક્ષસનું નામ છે, જે પાહડ અને ખીણોમાં બી રહેતો હતો (જુઓ યઝિશ્ન ૧૫,૨૮; આવાં યશ્ત, ફકરો ૩૮ મો; જમયાદ યશ્ત, ફકરો ૪૧ મો; તેમજ S. B. E. વૉલ્યુમ ૧૮ મું, પાનુ ૩૭૫ મું).

(૭) ન્યાક, "બપાવો," "મમાવો;" "ઓલાદનો વડો".

(૮) અવ. કવિ-કવાત્ (ફ્રવર્દીન યશ્ત, ફકરો ૧૩૨ મો; જમ્યાદ યશ્ત, ફકરો ૭૧ મો), શાહનામાનો કએકોબાદ. બુન્દહિશ (બાબ ૩૧,૨૪) પ્રમાણે ઉઝવ તુમાસ્પનો પાલક કરી લીધેલો તે બેટો હતો, જે કેતાબનું પહલવી લખાણ નિચે મુજબ છે:-

મદદથી તેણે ઈરાનનું રાજ્ય સુધાર્યું, પાદશાહીને કયાની વંસમાં[1] પોતાની સાથે જોડી (યાને પોતે પાદશાહી પામી કયાની વંસની શરુઆત કીધી), અને બીજાં ઘણુંક સૃષ્ટીને ફાયદો નિપજાવનારાં[2] કીર્તીવંતાં કામો કીધાં.

(૩૪) અને તે (ખોરેહ) તાઝ કે જે અરબોનો પાદશાહ હતો તેના (બેટા) અદર્યંદ્રશ્વાના (છોકરા) પાતખ્સ્રોબને[3] અરદીબેહસ્ત અમેશાસ્પેંદ સાથની મીત્રાચારીના[4] તેનાં સંબંધથી મલ્યું; અને જ્યારે લોભનો (હિશમ) દેવ અમાઉલ-બાતગ્[5] (નામના અરબ) સાથે તે પાતખ્સ્રોબના ટોળાં તરફ, તેનાં ઘણા નરમ[6] ખવાસના વડાના[7] નાશ માટે, ધસી આવ્યો ત્યારે ખોરેહને લીધે પાતખ્સ્રોબને તે વિષે બશારત[8] થઈ હતી; વળી પોતાની રૈયતનો જે ભાગ અરદીબેહસ્ત અમેશાસ્પેંદથી બુલંદી પામેલા દીનના વડા (ઝરથુશ્ત્ર)ની રાહબરી તળે હતો, તે ભાગનો દરજ્જો અને સુખ સંપજણી[9] વધારવા માટે તેને બશારત થઇ હતી; તે એટલે સુધી કે (બાકીના

કવાત્ અપુર્નાએ બઍન્ કસ્પૂતી યૅહવુન્ત, અપ્‌શાંન્ પવન્ રુદ્ બરા શૅદકૂન્ત, પવન્ કવાદગાંન્ બરા અર્સર્દ, અઉઝોબો બરા ખદીતૂન્ત્ બરા યન્સેગૂન્ત, બરા ફ્રારુન્ ફ્રૂઝંદ વિનસ્તગ્ વ વીત્ શૅમ હુન્બેતૂન્ત, "લોકોએ તે બાલક 'કવાત્' ને રેશમી ચાદરે વિંટાલી નદી આગલ તજી દીધું હતું, અને તે જ્યારે બેહોશ હાલતમાં એક બારણાનાં ઉંબર ઉપર પડેલું હતું ત્યારે તેને અઉઝોબે જોયું, અને તેને ઉંચકી લઈ તે બેશુદ્ધ અને ગુમ થયલાં બાળકને તુરત કવાદ નામ આપ્યું." પહલવી કવાદગાન સાથે સરખાવો ફા૦ કીબાદહ, "ઉંબર."

(૧) અવસ્તા તઓખ્મન. (૨) સૂદ-કાર.

(૩) જુઓ બુન્દહિશ, બાબ ૩૧ મો, ફકરો ૬ થો. પાતખ્સ્રોબનો એશારો પહલ્વી વંદીદાદ, ફરગર્દ ૨૦ મી, ફકરા ૧ લામાં મળે છે:-બાહુર-અઑમન્દાન્ (તૂબાનીગાન્ ચીગૂન પાતખ્સ્રોબો.........).

(૪) ડા. વૅસ્ત મુજબ વાંચણ: અયાતગીહ, "યાદદાસ્ત."

(૫) મારા ધારવા મુજબ એ એક અરબ સરદારનું નામ છે જેણે પાતખ્સ્રોબના રાજ્યનો મુલક પચાવી પાડવા કોશેશ કરી હતી. એ સરદાના અરબી અમુલ્-ઉલ-બાતિલ્ નામનું એ પહલવીમાં બીગડેલું રૂપ હોય એમ લાગે છે.

(૬) નર્મ નર્મ. (૭) યાને પાતખ્સ્રોબો.

(૮) પઝ્દીનીદન. (૯) ફ્રિનમિશ્નીહ.

જુદ્દીન) બીજા ભાગ[૧]ની પુંજા કરવાની માછલીની આકૃતિઓ[૨] યા મૂર્તિઓ (પાતખ્સ્રોબની કોશેશથી) નદીમાં જઇ પડી, અને ઝરથુશ્ત્રની દીનની ક્રીયા તરફ તેના ટોલાની વલણ જાહેર થઈ.

(૩૫) ત્યાર પછી તે (ખોરેહ) કર્ય-અર્શાના ભાઇઓને[૩] મલ્યું, જેઓ કબાદની ઓલાદથી ઉતરી આવેલા હતા, અને જે (ખોરેહ)ની બરકતથી બધાઓ જોરાવર,[૪] અને ઘણાજ પરહેઝગાર[૫] થયા, અને તેઓના પ્રાક્રમો અજાયબ જેવાં હતાં; તે (ભાઈઓ)માંનો વડો કાર્ય-ઉસે[૬] (કયકાઉસે) હફ્ત કેશ્વરની પાદશાહી મેળવી, અને ઘણોજ પ્રખ્યાત અને કીર્તીવાન તે થયો.

(૩૬) તેજ વખતે તે ખોરેહ અઓશનર, જે જમશેદનાં ખોરેહની બરકતથી ઘણો ડહાપણવાલો[૭] નિકલ્યો હતો તેને મલ્યું; જ્યારે અઓશનર પોતાની માતાના પેટમાં હતો, ત્યારે પોતાની માવતરને ઘણીક અજાયબી ભરેલી ચીજો તેણીનાં પેટમાં તે દેખાડતો હતો, અને જન્મ પછી દેવયસ્ની (બુતપરસ્ત)[૮] અને ઘાટકી ફ્રાચ્યાના[૯] સવાલોના[૧૦] જવાબ વાલીને અહરમનને તેણે તોડ્યો હતો. (૩૭) અને

---

(૧) એટલે કે:- મુર્તીપુજક અરબ ટોળો.

(૨) **માહીગ્રફ્પં.**

(૩) જુઓ **જમ્યાદ યશ્ત**, ફકરો ૭૧મો; **બુન્દહિશ**, બાબ ૩૧ મો, ફકરો ૨૫ મો.

(૪) અવ૦ **અઉર્વન્ત**, "મજબુત." (૫) **પાહુરીજ.**

(૬) અવ૦ **કવિ-ઉસ**, તે **કવિ-કવાત**નો છોકરો, અને **શીયાવર્શન**નો બાપ. એ કયાની વંશનો બીજો પાદશાહ હતો (જુઓ **આવાં યશ્ત**, ફકરો ૪૫ મો). એણે ગરૂડ પક્ષીઓની પાસે તખ્ત ઉંચકાવી તેમાં બેસી બેહસ્ત તરફ ઉડી જવા કોશેશ કરેલી કહેવાય છે (જુઓ **બેહરામ યશ્ત**, ફકરો ૩૯ મો).

(૭) **પૂરૂ-જીર**, (અવ૦ **પૉઉરૂ-જીર**, **ફ્રવર્દીન યશ્ત**, ફકરો ૧૩૧ મો, અને **આફ્રીને ઝરથુશ્ત્ર** મુજબ એ શબ્દ વંશ બતાવનાર ગણાય છે). **દાદીસ્તાનેદીની**ના ૪૭ માં સવાલ મુજબ **અઓશ્નર** તે **પઉર્વાજીર્યા**ની છોકરીનો છોકરો હતો; જે ઉપરથી **પઉર્વાજીર્યા** એનો મમાવો થાય. વળી એ રીતે પહલવી **પૂરૂ-જીર**નો અર્થ "**પૂરૂ-જીર**ની ઑલાદનો" એમભી થાય. પહલવી **જીર** સાથે સરખાવો ફા૦ **ઝીરક**, "ડાહ્યો," "ડહાપણવાળો." (૮) **દીવી-યસ્તો.**

(૯) અહીં **દીનકર્દમાં** તે એક જુદદ્દીન, યા દીન દુશ્મનનું નામ છે, પણ અવસ્તામાં (**ફ્રવર્દીન યશ્ત**, ફકરો ૧૧૫ મો) **ફ્રાચ્યા** એક નામાંકીત પુરૂષનું નામ છે.

(૧૦) **પ્રશ્નાન.**

કાર્ઍ-ઉસ તરફથી સરદારીની સત્તાઓ[1] તે મેળવવા પામ્યો, અને તે (પાદશાહના) સાત ખંડનાં રાજ્યમાં વહીવટ કરનાર તે થયો; વળી તે વડો ન્યાયાધીશ અને વજીર[2] હોવાથી તેણે સરહદની[3] ભાષાઓ અને માણસ જાતને ફાયદો કરનારાં બીજાં જ્ઞાનની બાબદો (પોતાની પ્રજાને) શિખવી; વળી જે પરદેશીઓ (સાચા માર્ગ ઉપરથી દુર ગયા હતા તેઓ)ને જવાબો આપી પોતાનાં સખુનોથી હરાવ્યા[4] (અને જેર કીધા), અને ઇરાનનાં મુલકોનેબી પોતાની ઘણીજ બોહલી નસીહતોથી[5] નીતિની ઉંચી પંકતીએ લઈ ગયો.

(૩૮) અને (તે ખોરેહ) પ્રખ્યાત[6] કર્ઍ-સીયાવક્ષની આગળ આવી મલ્યું; તેનાથી અંદર (કંગ) ઉપર અજાયબ જેવી રીતે બાંધેલો[7] કંગ-દર્ઍઝ[8] (નો કીલ્લો) હસ્તીમાં આવ્યો[9] અને દીનની પાસબાની અને રક્ષણ, અને તેનો ઘણીક તરેહનો ઝલકાત તથા કીર્તી, અને દીનના ભેદો તેને લીધે (સર્વે જાહેર થયાં); જેના પરિણામ તરીકે તે જમાનાનો સુધારો, ઇરાની રાજ્યનું નવું બંધારણ, પહલવાનોનું[10] એકમેક સાથનું નવું સુલેહ ભરેલું જોડાણ, અને અહુરમઝદની દીનની ફત્તેહ (એ સર્વે) જાહેરમાં આવ્યું.[11]

---

(૧) ફ્રમાતારીહ, "સરદારી;" "રાજ્ય કારોબાર."

(૨) અહૂપત "અમીરનો અમીર;" "વડો સત્તાધીકારી;" ફા૦ ખાન ખાનાન. ડા. વૅસ્ત મુજબ વાંચણ; ગશૂફ્ત, "સમજાવેલું," "ખુલ્લું કીધેલું." બીજી રીતે અફ્રશ્ નાહૂફ્ત આમૂખ્ત વીમૉન્દ ગૂબિશ્નીહ વાંચ્યે તો "અને તેણે છુપી વિધ્યા અને સરહદપરની ભાષાઓ શિખવી" એવો અર્થ થઇ શકે.

(૩) અવ. નએમ, "બાજુ," "હદ."

(૪) અઈરખ્ત હુવા-અન્દ અન-અઇરનો બીજો અર્થ "જે અનાર્ય લોકો બીગડેલા હતા તે." અવ. ઇરિખ્ત.

(૫) હુન્દર્ઝીનીદ, "નીતિમાન નસિહતો કીધી."

(૬) અવ. બામ્ય, "ચલકતું." (૭) અફ્દ-કર્દ.

(૮) અસલ અર્થ "કંગ્નો કીલ્લો." અવ. કંધ તે સ્યાવર્શાનએ પોતાની દેશ નિકાલની મુદતમાં જે શહેર સ્થાપ્યું હતું તે, જે અંતર-કંધ નામના ઉંચા પાહડ ઉપર આવેલું હતું.

(૯) દીસીત, પહલ્વી દીસ, "દેખાવ," "સરખામણી."

(૧૦) સરખાવો અવ અમવત.

(૧૧) અઝશ્ પર્ઍતાગ.

(૩૯) સીયાવક્ષના છોકરા કવઁ-હૉસ્રવને[1] તે (ખોરેહ) ત્યાર બાદ મલ્યું, જેની બરકતથી તેણે તુરાની જાદુગર ફ્રંગ્રાસ્યાગને[2] હરાવી માહત કીધો, તથા તેના બુરા સોબતીઓ,[3] વકચીરના[4] લોકોને -(નામે) કૅરૅસવઝદ, અને બીજા દુન્યાને નાશ કરનારા ઘણીજ ખરાબ જાતના લોકોને - પણ મારી હઠાવ્યા; અને એ (પાદશાહેબી) બુતખાના (મુર્તીના સ્થલો) જે "ચએ-ચસ્ત" સરોવરને કીનારે બીહામની દૂજી (દેવપરસ્તી) ને લગતાં હતાં, તેઓનો નાશ કરવા અને તોડી પાડવામાં ભાગ લીધો[5] હતો. (૪૦) (આ દુન્યાને) ફરીથી (કયામતને વખતે) નવી રચવા (યાને ફ્રશો-ગર્દ કરવા) નાં સાધણો (પુરાં પાડવા તેણે) જે લાયક પ્રાક્રમો[6] કીધાં તેને લીધે તે પોતે (હમનાબી) એક તખ્ત[7] ઉપર (બેઠેલો) છે, જે તખ્ત એક છુપી (નહિ જણાયલી) જગામાં પેલાં ખોરેહના જલકાટથી દીપે છે;[8] જ્યાં[9] દાદારની ખાહેશ મુજબ તેના શરીરની પાસબાની એક અમર્ગ ચોકીબાન હમાનાંબી કરે છે.

---

(૧) અવસ્તા મુજબ એ વાંચણ છે. સામાન્ય રીતે કવઁ-ખૂસ્રો વાંચવામાં આવે છે. ઇરાન અને તુરાન વચ્ચેની ચાલુ લડાઇઓ જે મીનોચેહરના વખતથી તે કવઁખુસ્રોના વખત સુધી થઈ હતી તે અસલી ઇરાનની તવારીખમાં જાણીતી છે. એનું મુખ્ય કારણ અફ્રાસ્યાબે કરેલું સ્યાવક્ષનું ખુન હતું. કવઁકાઉસે પોતાના એ બેટાને દેશપાર કીધો ત્યારે તેણે અફ્રાસ્યાબને ત્યાં આશ્રો લીધો હતો, જેની દીકરી સાથ તે પરણ્યો; પણ સ્યાવક્ષને મલેલાં માનથી કરસેવઝ (અવ. કૅરૅસવઝદ) ને અદેખાઇ લાગી, જેણે જુઠાં બહેતાનો મુકીને અફ્રાસ્યાબને સમજાવી સ્યાવક્ષને મારી નખાવ્યો, જેના કીનામાં કવઁ-ખુસ્રોએ અફ્રાસ્યાબને માર્યો (જુઓ યશ્ત ૯, ૨૨; ૧૯, ૭૭; S. B. E. વૉલ્યુમ ૨૪ મું, પાનું ૬૪ મું).

(૨) અવસ્તાનો ફ્રંગ્રસ્યન, શાહનામાનો અફ્રાસ્યાબ. (૩) હમ્-વિશૂતગ્.

(૪) કદાચ બકચીરનો પહાડ હોય, જેમાં અફ્રાસ્યાબે પોતાને છુપાવાની જગ્યા બનાવેલી હતી, અને જેમાં તે ભરાઈ બેસ્તો હતો (બુન્દેહિશ, પ્રકરણ ૧૨,૨૦). બકચીર એ દાસઁપૅત્ પહાડનું બીજું નામ છે.

(૫) અયૂખ્ત, અથવા અયૂજીદ; અવ૦ યૂજ, "જોડવું;" એ શબ્દ અયૂબીદ વાંચી શકાય, અર્થ: "ઇચ્છેલું;" "માગેલું;" સરખાવો ફા૦ યૂબીદન, "ખાહેશ રાખવી."

(૬) આવાયિશ્નીગીહ.

(૭) સરખાવો ફા. નમીજ, "જગા," "તખ્ત."

(૮) અઍવઝૅંત, ફા. અઍવર અથવા અઍવઝ, "શણગારેલું;" "રચનાવાળું." ડા. વૅસ્ત પ્રમાણે, "નક્કીપણે ચુંટી કહાડેલું."

(૯) અઘ્ય્ પદશ્.

(૪૧-૪૨) અને તે પછી[1] તે ખોરેહ સ્પીતમનાં ખાન્દાનનાં ઝરથુશ્ત્રને તેવણુની દાદાર અહુરમઝદ સાથની ગોફ્તેગો દરમ્યાન પોહોંચ્યું; અને તેવણે તે પ્યારા[2] મહાજ્ઞાની દાદાર પાસેથી, ખુદ (દાદારના) તખ્ત[2a] આગલથી, અથોરનાન, લડવૈયા, ખેડુત અને કારીગરના પેશાઓને લગતાં ખાસ કામ અને જ્ઞાનની બાબદમાં બહોલી અને બારીક વિગતો[3] મેળવી; તેવણે દાદારના ફરમાનથી મઝદયસ્ની દીન કર્ખ-વિરતારપની સન્મુખ રજુ કરવા, તેમજ તે મોતેબર (દીનની) રોશની જે યઝદો અને અમેશાસ્પેંદોના શાહાનશાહ (અહુરમઝદમાં) હતી તેની મદદથી દેશના વિદ્વાનોને ખબરદાર બનાવવા માટે સઘળી જોખમદારી[4] તેવણે કબુલ રાખી હતી; વળી પોતાની પાછળ આવતી ઓલાદોની[5] ફસાહત સાથની ઝબાનની મારફતે ભલી પેદાયશોમાં, ફરશોગર્દ આવે ત્યાં સુધી સાતે કેશ્વરમાં, તેવણે તે દીનની રોશની ફેલાવવા(નાં સાધણો પુરાં પાડવાને)માથે લીધું હતું; અને તે (ખોરેહ) મારફતેજ તેવણુના છોકરાઓ, જેઓ અઉશીદર, અઉશીદર-માહ અને સઓશાંસ (નામના) થશે, તેઓથી અહુરમઝદની ભલી પેદાયશોમાં ફરશોગર્દ (યાને કયામત) બજા લાવવામાં આવશે, જ્યારે તે સઘલી પેદાયશો અમર્ગ થશે; અને જે (બનાવો)ની વિખ્યાતી, કીર્તી અને ચમત્કારને લગતું ઘણુંજ યાદગાર[6] લખાણ એ નિચે મુજબ લખેલું અને મળતું લખાણ છે.

(૪૩) વળી પએગમ્બર ઝરથુશ્ત્રની આગમજ બીજાઓ થઇ ગયા છે જેઓએ મઝદયસ્ની દીનમાં નામ મેળવ્યું[7] હતું; જેમકે જાણીતું છે કે જુદે જુદે વખતે કેટલાક (એ દીનના કાસદો) પવિત્ર યઝદો તરફથી (માણુસજાતના) તે વખતના

---

(૧) **મિન્ ઝક આખર.**

(૨) **આફ્રીનીદ્**, અવ. **ફ્રી**, સંસ. **પ્રી**, "ચાહવું."

(૩) **અઉશ્મૂર્દીગ્**, "ગણેલું;" અવ. **મર.**

(૪) **હામ-બાર**, "સઘળો બોજો યા જોખમદારી;" વળી ફા. **હમ્બાર**નો અર્થ "સોબતીબી" થાએ છે, જે ઉપરથી "તેણે પએગમ્બરી કબુલ રાખી" એમ લઈ શકાય. અથવા **હામ-બહર** વાંચતાં "(અવસ્તા, અથવા દીનનો) આખો ભાગ" એમ થાએ.

(૫) **પતવન્દિશ્ન્.**

(૬) **નિસંગ્ અયાતર (નિસંગ્ અયાદતર** ને બદલે); ફા. **યાદગારતર.** DM. મુજબ **નિસંગ્ આરતર્ (આરતતર** ને બદલે) "ઘણી જ અનુકુલ હકીકત;" "લાયક લખાણુ."

(૭) **અયૂફ્ત-શૅમ (અઇયાફ્ત શૅમ**ને બદલે).

સર્વેથી વડા (રાજ્યકર્તા) સરદાર[1] તરફ આવ્યા હતા; વળી જેમ હાલમાં માણસો ધર્મ સંબંધી પુછપરછ અને શોધખોલમાં (મશગુલ) છે તેમ તે વખતે તેઓ ધર્મને લગતી બાબદોની[2] પુછપરછ અને તપાસમાં ઉંડી રીતે રોકાયલા હતા; તે વખતના લોકોની હાજતો હાલમાં હસ્તી ધરાવતી નથી, કારણ કે સઘળી માણસજાત (હાલનાં જમાનામાં) દીનની સંપુર્ણ વાકેફગારી (અશો ઝરથુશ્ત્રથી) મેળવીને ઉભેલી છે. સ્પીતમ ખાનદાનના પવિત્ર ફ્રવશી (ફરોહર) વાલા ઝરથુશ્ત્રની સ્તુતી થજો!

(૪૪) મઝદયસ્ની દીનના પએગમ્બર, તે આદમીજાતમાં સર્વેથી કામેલ પુરુષ, સ્પીતમ ખાન્દાનના માનવંત ફરોહરવાલા ઝરથુશ્ત્રની નામદારી અને કીર્તી અને મોજેજા દેખાડનારી શક્તિ વિષે દુન્યામાં જાહેર કરવા, અહુરમઝદની આગાહીવાલી દીનના અવસ્તાના કલામોમાંથી (ચુંટી કાઢેલી) વિગતોને આધારે, (નિચે જણાવેલા) દસ બાબો (પ્રકરણો) અતરે લખવામાં આવ્યાં છેઃ-

(બાબ ૧ લો.) તેમાંનો એક[3] તે છે કે જેમાં પોતાની માવતરમાંથી આ દુન્યામાં[4] જન્મ લેવા અગાઉ તે નામાંકીત પુરુષની હાલતનું બ્યાણ (આવેલું છે).

(૨ જો) તે નામાંકીત નરના જન્મથી તે અહુરમઝદ સાથની તેવણની ગુફ્તેગુને પોંહોંચવા સુધીની (મુદત વિષેનો છે.)

(૩ જો) તેવણની (ખોદાતાલા સાથની) ગુફ્તેગુથી તે દુન્યામાં પએગામ ફેલાવવા વિષેની તેવણની કીર્તી[5] સુધી(ની મુદત વિષે), અને કર્વ્-વિશ્તાસ્પના દીન કબુલ કરવા બાબેનો છે.

(૪ થો) એ બનાવની પછીના (યાને) તેવણના પવિત્ર રવાનના સર્વેથી ઉત્તમ મકાન[6] (ગરોથ્માન બેહસ્ત) તરફ ગુજર પામવા[7] સુધીનાં અયામ વિષેનો છે.

(૫ મો) તેવણનાં ગુજરવા પછીનો વખ્ત યાને તાબેદાર[8] પાદશાહ કર્વ્-વિશ્તાસ્પના રાજ્યમાં (પએગમ્બર પછી) જે કાંઈ બન્યું તે વિષેનો છે.

---

(૧) પીશોપાએ. (૨) એટલે મઝદયસ્ની દીન.

(૩) અફ્રશ અએવશ્‌ને બદલે, "તે (પ્રકરણો)માંનું એક."

(૪) લિતમા, "અહીં," "આખાકી દુન્યામાં."

(૫) આફ્રીગાનિહ, "વખાણવાજોગ હાલત,"

(૬) અવ. વહિશ્તૅમ અહૂમ.

(૭) વીખીઝ્ (આખીઝ્‌નું બીગડેલું રૂપ) "ઉંચે જવું;" "ચઢવું."

(૮) રામશાહ.

(૬ ઠો) ઉપલા બનાવ પછીથી તે ઇરાનની પાદશાહીના પડી ભાગવા[1] સુધી (ના વખત બાબેનો છે).

(૭ મો) એ મુદત પછીથી તે ઝરથુશ્ત્રનો હઝારો પુરો થાય અને **અઉશીદર** આવે ત્યાં સુધીની (બાબદો વિષેનો છે).

(૮ મો) ઉપલા બનાવ પછીથી તે **અઉશીદરનો** હઝારો પુરો થાય અને **અઉશીદર**-માહ આવી પુગે ત્યાં સુધી (નું વર્ણન આપે છે).

(૯ મો) એ પછીથી, **અઉશીદર** માહના હઝારાની આખેરી અને **સઓક-શાંસ**ના આવી પુગવા સુધી (ની વિગટો આપે છે).

(૧૦ મો) ફતેહમંદ ફાયદો કરનાર (**સઓકશાંસ**) ના આવી પોંહોંચવા પછીથી તે **ફ્રશોગર્દ** અને **તનેપસીન**ના મોજેજાઓ (દુન્યાને તાજી બનાવી છેલ્લી તનોમંદ હાલત અપાય ત્યાં સુધી); દરેકનાં જુદાં જુદાં[2] વર્ણન સાથે.

બાબ ૧ લો.

તે સર્વેથી બખ્તાવર[3] ફરઝંદના (પોતાનાં) માવતરમાંથી જન્મ પામવા અગાઉ જાહેર થયલા મોજેજા જેવા બનાવો વિષે.

(૧-૩) તે (મોજેજાઓ)માંનો એક જે જાહેર થયેલો છે તે એ કે દાદાર અહુરમઝદે ઝરથુશ્ત્રના ખોરેહને જુદી જુદી ખાકી હાલતોનાં સીલસીલા[4] મારફતે ઝરથુશ્ત્રમાં પસાર કીધું, જ્યારે ખોદા તરફથી હુકમ થયો કે તે ખોરેહ મીનોઈ હસ્તીમાંથી ઉતરી તનોમંદ (ખાકી) હાલતમાં આવ્યું, અને ઝરથુશ્ત્રનાં ખાકી બદનમાં તે રહ્યું; અને ઘણાકોને તે ઉપરથી એક અતી ઉમદા મોજેજો જાહેર થયો,

---

(૧) **હુન્યાપિશ્ન**, અવ. **સ્ચપ** અથવા **સ્કપ્** "ભાંગી જવું;" "નાશ થવું." સરખાવો ફા. **અન્જનીદન**, "ભાંગવું," એટલે "કટકા બુકલા થવું."

(૨) ઉપલા ફકરા એકથી દસમાં હવે પછી આ સાતમાં પુસ્તકનાં દીબાચા પછી આવેલા ૧૦ બાબોનાં મથાલાં આપવામાં આવેલાં છે. (૩) ફા. **ફરૂખ**

(૪) **માદ્-ગશ્ત વારગ**, "ખાકી હાલતોની હાર;" સરખાવો ફા. **માદહ**, "ખાકી;" અને **ગશ્ત**, "હાલત," "સંજોગો;" અને **વારહ** "હાર," "માળા." ડા. વૅસ્ત, "**માદયાતો ઈ ખલ્કી** (અરબી શબ્દો છે), **અર્થ**: "પેદાયશોની તનોમંદ હાલત."

જેમકે દીનમાં એમ કહે છે કે: "જ્યારે અહુરમઝદે ઝરથુશ્ત્રને માટે ખાકી બદન[૧] તૈયાર કીધું, ત્યારે પેલું ખોરેહ[૨] જે તે વેળા દાદાર અહુરમઝદની નજદીક[૩] હતું તે ઝરથુશ્ત્રનાં ખાકી શરિર તરફ દોડ્યું, (પહેલાં) મેષ[૪] રાશિ તરફ ગયું, અને મેષ રાશિ તરફથી અનન્ત રોશનીઓ (અસર રોશની) તરફ (વલ્યું[૫]), અને અનન્ત રોશનીઓ તરફ રહી તે ખુરશેદ (ખુરશેદ પાયા)ના રહેઠાણ તરફ (ગયું), અને ખુરશેદ તરફથી નિકલી માહ-પાયા (ચન્દ્રમાહ)ના મકાન તરફ દોડ્યું, અને તે માહ-પાયામાંથી થઈ સ્તરપાયા (સેતારાઓના મકાન[૬]) તરફ ગયું, અને તે સેતારા-ઓમાંથી નિકલી ઝોઇશના[૭] ઘરમાંનાં આતશ તરફ ગયું, અને તે આતશ તરફથી બાહેર નિકલી ફ્રાહીમ-રવાનાં-ઝોઇશની[૮] બાનુને પહોંચ્યું; જ્યારે (આખરે) તે બાનુએ તે છોકરીનો જન્મ આપ્યો કે જેણી (ભવિષ્યમાં) ઝરથુશ્ત્રની માતા (દુગ્દોવ) થઈ."

(૪-૫) તે (ખોરેહ)[૯]માંથી રોશની એકી વખતે જમીનમાં અને આકાશમાં ગઈ ત્યારે તે ખોરેહનું ઉડવું[૧૦] દુરથી[૧૧] જાહેર થયું, જેથી ફ્રાહ્ત-રવાનાન-ઝોઇશના ગામ (પરા)માં રહેનારાઓ તે જોઇને એવું કહેવા લાગ્યા કે: "જુઓ, આ આતશ પોતીકી મેલે બલે છે," [એટલે કે, તેમાં બાળવાના લાંકડાંનો[૧૨] ખપ પડતો ન હતો];

---

(૧) સરખાવો ફા. દેહ, "શરિર".

(૨) ગદા અદીન, અસલ અર્થ "ત્યાર પછી તે ખોરેહ."

(૩) પીશ્ નએમ, "બાજુમાં;" અવ. નએમ, "બાજુ."

(૪) વાંચણ: મએષ, "મેષ રાશિ." ડા. વૅસ્ટ: મક્ષ, "જંતુ."

(૫) વાંચણ: ગુરિખ્ત, "દોડી ગયું."

(૬) મેષ રાશિની અંદર આવેલા કદાચ તે સેતારાઓ હોએ.

(૭) પાઝંદમાં લખાયલું એ નામ અવસ્તા ઝાવિષીને મળતું છે. ઝાવિષ એ પએ-ગાંમબરના માદર દુગ્દોવના બાપનું કુટુંબી નામ છે (જુઓ વંદીદાદ, ફર્ગર્દ ૧૯ મી, ફકરો ૬ ઠો).

(૮) પાઝંદમાં લખાયલું એ નામ પએગાંમબરના મમાવાનુ છે (જુઓ બુન્દહિશ, બાબ ૩૨,૧૦).

(૯) મિન ઓલા, એટલે "તેમાંથી."

(૧૦) પર્ષન, અવ. ફ્રષ્મન, "આગલ જતું;" ફા. પર્ષ, "ઉડવું."

(૧૧) વાંચણ: અદીન્ રખગીગ્; પહલવી રખીગ્, "દુરનું." ડા. વૅસ્ત મુજબ વાંચણ: ખસૂરાગીગ્, "સસરાનું;" સરખાવો ફા. ખસૂર.

(૧૨) દાસ્મગ્ અથવા હિઝમગ્; અવ. અએસ્મ, ફા. હીઝમ, "બાલવાતું લાકડું."

તે પછી તેઓ (પોતાનાં તાલુકાનાં) હાકેમ[1] પાસે ગયા, અને તેને એવું સમજાવ્યું,[2] એટલે કે (પેલી રોશની વીશે) એવું બોલ્યા કેઃ "ગેતીની દુન્યાની સંપૂર્ણ કીર્તી (હવે હસ્તીમાં) આવશે, તનોમંદ હાલતની મારફતે જીંદગીની કીર્તી જાહેર થશે,[3] એટલે કે, તે ખોરેહને લીધે આ દુન્યામાં સઘળી જાતનાં ઉદ્યોગો ચાલુ થશે[4]."

(૬) અને એમબી જાહેર થએલું છે કે તે ખોરેહની બરકતથી દેવો પેલી કન્યા (ઝરથુશ્ત્રની માએ) ને ઈજા કરવામાં નહિ ફાવવાથી, તે દેશમાં ત્રણ (નિચલાં) ભુરાં પરાક્રમો[5] તેઓએ બરપા કીધાંઃ–ભયંકર શ્યાલો, સઘળી જાતના મરકીનાં રોગો,[6] અને (એવાજ) જુલમ ગુજારનારા દુશ્મનો[7] (આફતો) પેદા કીધાં; વળી તેવા દેવોથી દેશના લોકોના મનપર[8] એવું ઠસાવવામાં આવ્યું કે આવાં આફતો[9] આ છોકરીના જાદુઈ મંત્રને લીધે દેશ ઉપર ઉતર્યાં છે; જેથી તે દેશના લોકો તેણીના માબાપ[10] સાથ સખત કજીઓ[11] કરવા લાગ્યા કે એજ છોકરીનાં જાદુની અસરથી આવી આબદા[12] ઉત્પન્ન થઈ છે, વાસ્તે તેણીને ગામ બાહેર કાઢી મુકવી.[13]

---

(૧) **કારનામગ** ઇ **અર્તખ્શીર** ઇ **પાપગાન**નો મારો તરજુમો જુઓ; ત્યાં **ક્ર્અૅત** શબ્દ (બાબ ૧૧,૫.) મારા ધારવા મુજબ હીંદી ખેતાબ "રાજા" ને મળતો આવતો અર્થ ધરાવે છે.

(૨) **ચશીનીદ.**

(૩) **ખયા મિન તન ગદા**; ડા. વૅસ્ટઃ–"તનોમંદ હસ્તીની સંપૂર્ણ કીર્તી તે શરિર વીનાની એલાહેદી જીંદગીની કીર્તી છે."

(૪) એટલે કે, સઘળી જાતનો ઉદયોગ આબાદીભર્યો થશે.

(૫) સરખાવો અવ. **દુએન**; અહીં એ શબ્દ "કુદરતની આફતકારક મુશીબતો" બતાવે છે.

(૬) એજ શબ્દને બીજી બે રીતે વાંચી શકાયઃ **વિસ્પ દીવ**, "સઘળા દેવો;" અથવા **વ દીવ સીજ**, "અને મરકીનો દેવ."

(૭) DM. મુજબ **"દુશ્મનો"**, "ખરાબ રોગો."

(૮) **પવન મીનિશ્ન્ રમીતૂન્ત**, અસલ અર્થ "લોકોના મન ઉપર નાંખવામાં આવ્યું."

(૯) **દેના વિઝન્દ.**

(૧૦) **ઝરખૂન્તીનીતારાન**, "જન્મ આપનારાં."

(૧૧) **રકફ્ત પતકારીદ.**

(૧૨) **અન–બસાનીનીદન**, ફા. **બસાન** "મલતું આવતું" "સરખું."

(૧૩) અહીં **કર્દન્**–ઇ ને બદલે **કર્દનશ** બહેતર.

(૭-૮) અને તે છોકરીના બાપે પોતાની છોકરી સામે જે જાદુગરીનો ગેરવાજબી આરોપ મુકાયો હતો તે વિરૂદ્ધ ગામનાં લોકોને ઘણાંક કારણો[1] આપી, નિચે મુજબ કહ્યું:-"જ્યારે આએ છોકરી મારાં કુટુંબમાં[2] અવતરી ત્યારે તેણીનું સઘલું ચલકતું નુર તેણીની પીઠ પાછલથી[3] આતશની ખુલ્લી રોશ્ની માફક બાહેર નિકલતું હતું, એટલે કે, તેણીનાં આખાં બદનમાંથી અંધારી રાત્રે મોતેબર રોશ્ની પ્રગટી નિકળતી હતી; જ્યારે ઘરના છેક અંદરનાં ભાગમાં, જ્યાં કંઇબી આતશ (યા ચેરાગ) ન હતો ત્યાં એ છોકરીને બેસાડવામાં આવતી ત્યારે તે રોશ્ની તેણીમાંથી પ્રગટી નિકળતી હતી; જ્યારે ઘરમાં જ્યાં આતશની મોટી રોશ્ની બળતી હતી ત્યાં તેણીને બેસાડવામાં આવતી, ત્યારે તે આતશ વધારે રોશ્ની આપતો હતો; એટલે કે જ્યાં ગંજાવર આતશ બળતો હતો ત્યાંબી તેણીના શરીરમાંથી (નિકળતી) રોશ્નીને લીધે, તે આતશની રોશ્ની વધારે આંજી નાંખનારી ભભુકાદાર બનતી; આવી નુરમંદ યા ખોરેહમંદ જાદુગરણી કદીબી કોઇએ જોઈ નથી."

(૯) વળી તે પછી દેવો, અને કવીઓ અને કરપો,[4] જેઓ તે ગામને લગતા હતા તેઓની ઉશ્કેરનીને[5] લીધે તે ગામનાં રહેવાસીઓ (છોકરીનાં બાપનું કહેણુ સાંભળી) સંતોષ પામ્યા નહિ; (નિરાશ થઇને) તે કન્યાના બાપે કુટુંબના મુરબી પઇતીરીતરાસ્પ, જેવણુ સ્પીતામના દેશમાં અરગ[6] (નદી)ને કીનારે

---

(૧) કબદ ચીમ.

(૨) અથવા "મારામાં," "મારા ઘરમાં." (૩) મિન આખર.

(૪) અવસ્તામાં જણાવેલા કવી અને કરપન, જેઓને હોરમઝદ યશ્ત (§ ૧૦) મુજબ "દીનની બાબદમાં આંધળા અને બેહરા" તરીકે જણાવ્યા છે, યાને જેઓ "યકીન વીનાના અને જુદ્દીન હોય તે." તેઓને દીનકર્દમાં યાતુગ "જાદુગરો," અચશ્ત "અપવિત્ર;" અને મર, "ઘાટકી" ના વિશેશણો લગાડ્યાં છે (જુઓ પુસ્તક ૭ મું, બાબ ૩ જો; ફકરા ૪,૨૦; બાબ ૪ થો, ફ. ૨૧,૬૭). ચોથા બાબમાં કીક અને કરપો વિષે પુશ્કળ એશારાઓ મળે છે.

(૫) સારીનિશ્ન; ફા. સાર, "ઉશ્કેરની," "જુલ્મ."

(૬) અવ. રંઘા નદીનું પહલવી નામ (જુઓ યશ્ત ૫ મી અને ૨૨ મી). એ શબ્દ બુન્દહિશમાં અરગ અથવા અરંગ લખ્યો છે, જેનાં બાબ ૭, § ૧૫માં લખ્યું છે કે: "અને અર્દવીસૂરની ઉત્તર તરફથી બે નદીઓ વેહવા માંડી, અને તેમાંની એક પૂર્વ તરફ તથા બીજી પશ્ચીમ તરફ ગઇ, જેમનાં નામ અરગ અને વેહ છે."

આવેલાં શહેરમાં[1] વસ્તા હતા, તેમને ઘરે તેણીને જવા હુકમ કીધો; અને તેણીએ પોતાના પીતાનાં હુકમને કબુલ રાખ્યો.[2] (૧૦) દેવોનું તે કારસ્તાન[3] તે છોકરીને તેણીનાં બાપીકા ઘરમાંથી બાહેર કઢાવવાની[4] બુરી નેમથી[5] કરવામાં આવ્યું હતું; (પણ) ખોદાતાલાએ તેવા સંજોગ વચ્ચે પઓરૂશાસ્પના બાવા પઈતીરીતરાસ્પને ઘર પેલી છોકરીને મોકલાવીને, તેણીને પઓરૂશાસ્પ જેવણ ઝરથુશ્ત્રના પીતા (ભવિષ્યમાં થનાર હતા) તેમની સાથ પરણવાનું કારણ આપ્યું.

(૧૧) એક (મોજેજો) એવો જાહેર થયેલો છે, કે તે વખતે પેલાં કુટુંબ તરફ જવાથી સ્પીતામના દેશમાં સર્વેથી બુલંદ દરજ્જો[6] તે છોકરી પામી, અને ત્યાં એક ઉમદા મોજેજો તેણીને બતાવવામાં આવ્યો, અને જે તે છોકરીએ પોતાની નજરે જોયો, જેમકે દીનમાં કહે છે કે:–"જાણવું કે પવિત્ર ફરેશ્તાઓ તરફથી તેણીને સંભલાયલો અવાજ[7] એવી મતલબનો હતો કે: 'તેઓના ગામ તરફ તું જા, તે ગામ સપાટી[8] ઉપરથી ઘણું નિચું[9] અને પહોળાઈમાં બહોલું છે,[10] જ્યાં ગાય ગોસ્પંદના ટોળાં[11] મોટી સંખ્યામાં[12] સાથે ફરતાં કીધાં છે; દયાળુ દાદારે તારીજ મદદ માટે તે ગામને એવુ બનાવ્યું છે.'" (૧૨) જે સાંભળી તે કન્યા થોભી ગઈ, અને તેણીને પણ તદન એમજ લાગ્યું કે:–"(તેઓનો) એશારો[13] કાંઈ એવી મતલબની સલાહ[14] મને આપવા માંગે છે કે

---

(૧) સરખાવો ફા. **રૂસ્તાક**, "ગામડું," "વેપારનાં મથક સાથનો કસ્બો."

(૨) **પદીરૂફ્ત**, "કબુલ રાખ્યો," "સ્વીકાર્યો."

(૩) બેહતર વાંચણ: **ક્ષૂપ**, અવ. **ક્ષૂપ**; ફા. **આશુફ્તન**.

(૪) **અઉઝ-સાયગીનીદન**, સરખાવો અવ. ઉઝ અને ફા. **સાયીદન**, "સાયા તલે રાખવું," "પરવરશી કરવી;" યાને તેણીના બાવાના **આશ્રા** અથવા સાહ્યા તળેથી તેણીને છુટી પાડવાની નેમથી. (૫) **દૂશ્-પર્ગિહા.**

(૬) **મહમ્ બાલિસ્ત જીવાગ્ યેગવીમૂનાદ.**

(૭) **વાન્ગ**, ફા. **બાન્ગ**. (૮) **બાલાએ**, "ઉંચાઈએ."

(૯) **ગદ્પ્તર**, સરખાવો પહલવી **ગદ્પ્ કર્દન્** "ગળી જવું."

(૧૦) **ફ્રાખૂતર પવન પાહુનાએ.**

(૧૧) **ઝીન્દગ્ ગઓસ્પેંદ્**, "જીવતાં મેંઢાં, બકરાં, તથા ગાય ઢોર."

(૧૨) **ફ્રેહિસ્ત.**

(૧૩) **અઉશ્મૂરિશ્ન**; "ગણતરી," "બશારત;" ફા. **શમૂર્દન**.

(૧૪) DM. મુજબ: **વ લિ હુના ગૂબિશ્ન બરિશ્નીહ**, "અને મારી તરફ આવાં વચણનું સભળાવું."

"મારૂં કામ મારા પીતાએ કરેલો હોકમ બજાવવાનું છે." (૧૩) પછી તે કન્યા દીનના તરીકા પ્રમાણે તન પાક કરીને[1] તેઓ આગળથી વિદાય થઈ; તેણી પતીરીતરાસ્પને ગામ આવી, જ્યારે પેલું ખોરેહ પતીરીતરાસ્પના છોકરા પઓરૂશાષ્પને મલ્યું.

(૧૪) એક (મોજેજો) નિચે મુજબ જાહેર છે કે દાદાર અહુરમઝદે ઝરથુશ્ત્રના ફ્રોહરને તેવણના માબાપની અંદર ખેતીવાડીને લગતા એક ચમત્કારથી[2] હોમ (ના છોડવા) ની અંદર પસાર કરી મોકલ્યું. (૧૫) બીજું એમબી દીનમાં જાહેર કીધેલું છે કે જ્યારે (આ દુન્યાની હસ્તીનો) ત્રીજો હઝારો તેની સેવટની હદે પહોંચ્યો[3] ત્યારે, (એટલે કે) એબ-આપનાર (અહરમન) ની હસ્તી વીનાનાં[4] મીનોઈ હાલતના ત્રણ હઝાર વર્ષો પુરાં થતાં, એટલે કે પેદાયશો મીનોઈ હાલતમાં હતી તે પછી, અને દુજના આવી પુગવા અગાઉ, અમેશસ્પંદોએ ઝરથુસ્ત્ર (ના તન)ને બનાવવાની સામગ્રીઓ તૈયાર કીધી; અને મોહું તથા જબાંન ધરાવનાર, ફસાહતથી બોલનાર[5] અને બેહસ્તી મકાનોને[6] લગતાં તેનાં ફ્રોહરને તેની અંદર મુક્યું. (૧૬) ત્યાર પછી પવિત્ર યઝદોએ તેઓની ખુદ ચશમની તપાસ ઉપરથી આગલા ત્રણ હઝારાઓની ખુલ્લી યાદ આપનારા તરીકે ઝરથુસ્ત્રને જોયો;[7] અને અમેશસ્પેંદોની સાથના રહેઠાણ અને રક્ષણથી[8] તેવણ એક અમેશસ્પંદ[9] જેવાજ ત્યારે દેખાતા હતા. (૧૭) અને જ્યારે ત્રીજો હઝારો પુરો થયો ત્યારે, યાનેકે (અમેશ-

---

(૧) ફ્રાજ્ યદા શુસ્ત્: સરખાવો ફા. દસ્ત્ બ આબ્ રસાનીદન, "ધાર્મીક રીતે નહાન નહાવું તે." એનો ભાવાર્થ એ કે પોતાના બાહેર નિકલવા આગમજ તેણીએ નાહિ ધોઈ સ્વચ્છ બની, પાધ્યાબ કુસ્તી કરીને દીનના તરીકા મુજબ બંદગી કરી. પહલવીનો બોલેબોલનો અર્થ: "તેણીએ પોતાના હાથ બીલકુલ ધોયા."

(૨) પવન અફદ્ વર્ચ-કર્દીગ્. (૩) બરીન ચેહવૂન્ત.

(૪) અન્-અઇબ-દદીગ્. (૫) ફ્રાજ્ ગૂફ્તાર્.

(૬) વ ગર્દૂન્ કદગાન; ફા. ગર્દૂન, "આસ્માની ગોળાઓ." "બેહસ્તનાં તબકાઓ." બીજાં વાંચણો એમ થઈ શકે:-વ યલ-તન કદગાન, "અને તે ગામડાંના લોકોમાં ઘણાં માતેલાં શરિરવાળો;" અથવા "વીરતન કદગાન, યાને "બુદ્ધીવાન શકિતઓ સાથનું તન."

(૭) જ્યારે ઝરથુસ્ત્ર તદન મીનોઈ (ફ્રોહરની) હાલતમાં હતા ત્યારે.

(૮) સરખાવો ફા. કરીચ, "ઝુંપડું", "છાપરૂં;" અને હમ-કરીચ, "એકજ ઘરમાં સાથે રહેનાર સોબતી." કદાચ બીજું વાંચણ: પવન હમ-કર્પીહ થઇ શકે, જેનો અર્થ: "શરિરીક સંબંધથી," અથવા "એકસરખુ શરિર ધરાવનાર."

(૯) એક મીનોઈ હસ્તી જેવા.

સ્પંદોએ) ઝરથુસ્ત્રને (માટેની સામગ્રીઓ) ઘડી તે પછી, અને તેમને આ ખાકી દુન્યામાં મોકલવામાં આવ્યા તે અગાઉ, અને એબ આપનાર (અહરમન)ની આ દુન્યામાંની હસ્તીના ૩૦૦૦ વરસ પુરાં થયાં તે પછી, ખોદા તાલાએ બેહમનની સાથે મલીને અર્દીબેહશ્ત અમેશાસ્પેંદ સાથે મસલહત ચલાવી (જે નિચે મુજબ હતી):–"તેની માતા તમુને એવી ઉંચી (લાયકાતવાળી) માલુમ પડે છે કે જેણીને ઝરથુશ્ત્રને આપી શકયે?" (૧૮) જવાબ આપતાં **અરદીબેહશ્ત** બોલ્યાઃ "ઓ વૃદ્ધિ કરનાર[1] કીરતાર! તમો પોતે તે વિષેબી જાણો છેઓ; ઝરથુશ્ત્ર જેને આપણે પેદા કરીએ છીએ, (અને જેને) તમોએ અને અમે પેદા કરીઓ છે, તેને માટે, ઓ અહુરમઝદ! તમો વાકેફગાર છેઓ; અમો જેઓ અમેશાસ્પેંદો છઇએ, તેઓને તમો તે જગા બતાવો, કારણ તેનું જાહેર કરવું તમુને રોશન છે, ઓ વૃદ્ધિ કરનાર મીનો અહુરમઝદ! તમોજ તે જાણો છેઓ."

(૧૯) અને ત્યાર પછી અહુરમઝદે બેહમન,[2] અર્દીબેહશ્ત, શાહરેવર, સ્પંદારમદ, ખોરદાદ અને અમેરદાદ (અમેશાસ્પેંદો) સાથે નિચે મુજબ વાદવિવાદ ચલાવ્યોઃ "ઝરથુશ્ત્રને નિચે (ગેતીની દુન્યામાં)[3] લઈ જવાનો મારો વિચાર નથી, કારણકે તનોમંદ હસ્તીવાલી દુન્યાને માટે તે મોઢાં સાથનો, જબાન સાથનો અને એક સફાઇદાર વકતા થવો જોઇશે. (૨૦–૨૧) જો આપણે ઝરથુશ્ત્રને તનોમંદ હસ્તીવાલી નિચલી દુન્યામાં મોઢાં અને જબાંન સાથનો તેમજ એક ફસાહતથી બોલનાર અને મીનોઈ મકાનનાં[4] તરીકે લઇ જઈશું તો, એટલું તો ચોક્કસ છે કે લોકો મારા તે અશો આદમીનાં[5] પેદા થવા વિષે એવું જાહેર કરશે કે તે નેક નામવાલા આદમીને પાણી, જમીન, અથવા ઝાડપાન અને જાનવરો સાથે આપણે બનાવ્યો હશે;[6] તેટલા

---

(૧) **અવઝૂનીગ,** એ શબ્દ અવ. **સ્પૅન્ત** અથવા **સ્પેનિશ્ત**ના પહલવી **અર્થ** તરીકે વપરાય છે.

(૨) DM. મુજબ **વોહુમન વહિશ્ત–ઇ,** યાને "બેહસ્તને લગતો વોહૂમન (બેહુમન)." અહીં **અર્તવહિશ્ત** શબ્દ લખવા જતાં **અર્ત** લખવા આગમજ **વહિશ્ત** નકલ નવેશથી લખાવાથી આ ભુલ થયલી લાગે છે, જે ભુલ છેકી નાખવામાં આવી નથી.

(૩) અહીં નિચે પૃથ્વિની જમીન ઉપર.

(૪) DM. મુજબ **વીર્–તન–કર્દ;** સરખાવો અવ. "**વીરો તનુ કૅરૅત,** "એક બહાદુર પહલવાની નરથી જન્મ પામેલો."

(૫) સર્વેથી સરસ અશો નર તરીકે મેં ચુંટી કાઢેલો.

(૬) **હુમ–તાષીત;** અવ૦ **તષ,** "ઘડવું," "બનાવવું."

વાસ્તે આપણે પઑરૂશાસ્પના ગામમાં તે પુરૂષને લઇ જઇએ કે જેથી (મીનો અને ગેતીની) બેઉ તરફથી ઉંચી તોખમ ધરાવનારા ઝરથુશ્ત્ર તરીકે તેને લોકો બોલાવશે; એક બાજુ નૅર્યોસંગ (ફરેશ્તો) જે અમેશસ્પેંદોથી ઉતરેલો છે તેની મીનોઇ તોખમનો, અને બીજી બાજુ જમશેદ જે આદમી જાતથી પેદા થયો હતો તેની ગેતીની તોખમનો."[1]

(૨૨) તે પછી અમેશસ્પેંદોએ થડમાંથી એક હૉમનું ઝાડ, જે માણસની ઉંચાઈ જેટલું, શોભીતું,[2] ઉંચા રંગનું, અને જ્યાં તાજું ત્યાં રસદાર[2] એવું હતું તે ઉખેડી, કાપીને સમારી તૈયાર કીધું, અને તેનાં થડમાં ઝરથુશ્ત્રના ફ્રેોહરને (તેઓથી) ઉતારવામાં આવ્યું, જે ફ્રેોહરને અમેશસ્પેંદોએ અનન્ત રોશનીઓમાંથી આગલ ચલાવી[3] તેમાં (તે થડમાં) મોકલ્યું, અને ત્યાં તેને તેઓની આસ્નીદેહ અક્કલ (જાતી જ્ઞાન)ની મદદથી તે પેદા કીધું; કારણકે જ્યારે તે ફ્રેોહરને લઇ જવામાં આવ્યુ હતું ત્યારે તે અમેશસ્પેંદો તેની આસપાસ જણાતા હતા, અને સઘળી તરફથી તદન હીલચાલ કરતી[4] દીવાલો માફક તેઓ (તેની આસપાસ) દેખાયા હતા. (૨૩) હમેશાં તે હોમ, જે જગાએથી તેનો રસ બાહેર આવતો હતો તે જગાએ કુદરતી રીતે[5] તે મોઢાં સાથનો હોએ તેમ દેખાતો હતો, એટલે કે (તે જગાએ) હોમ હમેશાં તાજો રહેતો હતો.

(૨૪) અને જ્યારે પેલા એબ–આપનારા[6] અહરમન સાથની દુન્યવી હસ્તીનાં ત્રણ હજાર વર્ષમાંથી ત્રિસ[7] વર્ષ બાકી રહ્યાં હતાં, ત્યારે બેહમન અને

---

(૧) યાને કે મીનોઇ દુન્યા તરફ જોતાં ઝરથુશ્ત્ર નૅર્યોસંગ ફરેસ્તાથી ઉતરી આવેલા હતા, અને બાકી હૈયાતીમાં જમશેદની ઓલાદના હતા.

(૨) **ખૂપ્, મદમ્ ગર્ઑન, વ તર્ અઇધ્ તર્**; સરખાવો અવ૦ **ગર્ઑન** અને ફા૦ **તર**.

(૩) **સાતૂનીનીદ.**

(૪) અસલ અર્થ; "આસાયશ વગરની."

(૫) **આવાયિશ્નીગ્**, "જેમ જોઇએ તેમ," "સ્વભાવીક રીતે".

(૬) વાંચણ: **આન અઇબ–દદીગ**, "પેલા એબ–આપનાર અહરમન(ની હસ્તી સાથના)." બીજી રીતે વાંચ્યે તો: **અન–અઇબ–ગતીગ**, "એબ આપનારની હસ્તી વીનાની.". ડા૦ વૅસ્ટ મુજબ: **હૂ–અઇબ–ગતીગ**, "સારી રીતે (અહરમનથી) હરકત પામેલી."

(૭) **DM.** હસ્તલેખ મુજબ ૩૩૦ વર્ષો છે; પણ એ મુદત તવારીખના નિયમ વિરુદ્ધની લાગે છે. ડા૦ વૅસ્તબી ૩૦ વર્ષ લે છે.

અર્દીબેહશ્ત અમેશસ્પેંદો પોતાના પુર દમામમાં સજ થયા,[1] તથા પોતે શરિર ધરાવનારી હસ્તીઓમાં ફેરવાઈ ગયા; અને જ્યાં બે પક્ષીઓ તેઓને તાંહ બચ્ચાં થાએ તે માટેની આરજુ[2] સાથે બેઠેલાં હતાં ત્યાં તેઓ આવી લાગ્યા; સબબ એ કે પક્ષીઓનાં ન્હાનાં બચ્ચાંઓને તેમના માલામાં[3] ભરાઈ સાંપો સાત વર્ષ ઉપર ખાઈ ગયા[4] હતા. (૨૫) (જ્યારે તે પક્ષીઓ બચ્ચાંની ઉમેદ સાથના) પોતાના એવા ખ્યાલમાં (હતાં) ત્યારે બેહમન અને અર્દીબેહશ્ત તેમની આગલ આવી પુગ્યા, અને પેલાં પક્ષીઓએ નિચે મુજબ તેઓની સાથે વાત કીધી: "સલામ આલેકુમ![5] અમોને એ હોમ ગમે છે.[6]"

(૨૬) તે (અમેશસ્પેંદો) નો એવી રીતનો પુર દમામવાળો (ગેતીનો) દેખાવ, અને તે પક્ષીઓની હોમ માટેની એટલી બધી આતુરતાઇ, એ બેવડા ચમત્કારો હતા. તે પક્ષીઓમાં જે નર હતો તેણે પોતાના બને પગ[7] વડે હોમને (તેઓ પાસેથી ગોયા) ઝુંટવી લીધો, અને જે બીજું પક્ષી (માદા) હતું તે હોમને લઇ ઉડી ગયું, અને તેઓએ તે હોમનો રોપો પેલાં ઝાડની ઉપર આવેલા (પોતાના) માલાની[8] અંદર ખોસ્યો, અને સાંપોની કોટરેલી કહણુ જે ઝાડમાં અંદર હતી તેની ઉપરના ભાગમાં તે રોપને મુકયો, કે જેથી તે સાંપો મરી જાય. (૨૭) તે માલો જે પેલાં પક્ષીઓનાં (મારી નાખેલાં) બચ્ચાંઓનો હતો તે તરફ઼ ઝરથુશ્ત્રની ફ્રવષી[9] આગલ વધી,[10] અને તુરતજ તેને લીધે વળી પેલા સાંપો (જે) ઝાડમાં હતા તેઓ

---

(૧) **ફ્રાજીહ ઓલ હુમ આરાસ્ત.** બીજી રીતે "પોતાની ઉંચે દરજાની શકતીઓ સાથે તૈયાર થયા." ડા૦ વૅસ્ટ મુજબ "પોતાની સર્વોપરી જાહોજલાલી તૈયાર કીધી."

(૨) **બરા ખ્વાયઇશ્નીહ**, અસલ અર્થ: "બેટાની ખાહેશ રાખતાં."

(૩) વાંચણ: **આશ્નો, ફા. આષ્યાનહ,** "માલો", "પક્ષીનું રહેઠાણ", તે ઉપરથી માળામાંનાં બચ્ચાં. ડા. વૅસ્ટ એ બોલ **અદાન** વાંચી તેનો અર્થ "નાદાન" કરે છે.

(૪) ફા૦ **ગૂદન,** "ફાડી ખાવું," "ગલી જવું."

(૫) **ફ્રનામિશ્ન**, સંસ્કૃત **પ્રનામ,** "સલામ", "દોઆ".

(૬) એટલે કે, પેલા અમેશસ્પેંદોએ હાથમાં પકડેલા હોમ માટે માંગની કીધી.

(૭) અવ૦ **પઇતિશ્તાન.**

(૮) સરખાવો સંસ્કૃત **આસન**, ફા૦ **આષ્યાનહ.**

(૯) **ફ્રવશ,** એ શબ્દ ફરોહર માટે પહલવીમાં કોઈ કોઇવાર વપડાતો મલે છે, જે અવસ્તા શબ્દ **ફ્રવશી**નું બરાબર પહલવી છે.

(૧૦) **ફ્રવફ્ત** યા **ફ્રઑફ્ત,** અવ૦ **ફ્ર** અને **વપ,** "પાંથરવું", યાને કે તે ફરોહર પંથરાઇ ગયું, બહોલું બન્યું.

સીધા પોતાની કૈજે પોહોંચ્યા,[૧] ગોયા ઝરથુશ્ત્રનાં તે ફરોહરે તેમના જડબાંને[૨] તોડી નાંખ્યાં હોય તેમ તેઓ નિચે પડી ગયા અને મરી ગયા; અને તેજ કારણથી વલી હજીબી તે સાંપો તેઓનાં તોખમમાં લાલ લોહીથી ભરેલા છે,[૩] અને તે એવી સાંપની જાતને માટે અગત્યનું છે.[૪] (૨૮) ઉપર કહેલો હોમનો રોપો પેલાં ઝાડની ટોચ ઉપર એક કલમની માફક સાથે જોડાઈ ગયો,[૫] ત્યાં કે જ્યાં પક્ષીઓનાં માળા હતા; અને તે હોમ સદા લીલો અને સોનેરી રંગનો ત્યાં ઉગી નિકલ્યો.

(૨૯) જે બાનુ કે ઝરથુશ્ત્રને જન્મ આપનાર હતી તેણીના પઓઁરૂશાસ્પ તરફ લગનનાં ગાંઠથી જોડાવા માટે આવી પુગવા પછી, બેહમન અને અર્દીબેહશ્ત અમેશ-સ્પેંદ પોતાના ઉત્તમ દમામમાં સજ થઈ પઓઁરૂશાસ્પની નજદીક આવ્યા, અને સ્પીતામના (ખાન્દાન) ના ઢોરોની ઘાસચારાવાલી જમીન[૬] જ્યાં હતી ત્યાં (આવી) તેઓ પોતે જે હોમ લાવ્યા હતા તે હોમના ઝાડ તરફ પઓઁરૂશાસ્પ અને તે બાનુનું ધ્યાણ ખેંચ્યું. (૩૦) ભલાં રૂહોને લાયકની મીનોઇને લગતી ઉમેદો સાથે, અને જેઓને ખોદાઈ દીનનું એવું મીનોઇ જ્ઞાન[૭] હોય છે કે ભલાં રૂહો હમેશાં પરમાર્થી છે તેવા લોકોની ઉમેદો સાથે, પઓઁરૂશાસ્પ દાઇત્ય નદીના પાણી[૮] તરફ આગળ ચાલતો હતો તેવામાં પેલાં ઝાડ ઉપર જ્યાં હોમ, પક્ષિઓનાં માલાના અંદરના ભાગમાં, ઉગેલો હતો તે ઉપર નજર પડી. (૩૧) ત્યારે પઓઁરૂશાસ્પે તે જોઈ નિચે પ્રમાણે દરયાફત કીધોઃ—"હું (આ ઝાડની) ઉપર ચહડું,[૯] (પણ) ઉંચાઈ

---

(૧) બોલેબોલનો અર્થઃ "તેઓ દેવો (ખરાબ હસ્તીઓ) તરફ સીદ્ધા ધસ્યા."

(૨) અવ૦ **ઝફરે, ઝાંફનુ.**

(૩) **મદમ પવન જાન-ગીર** વાંચ્યે તો "તેને લીધે હમનાબી તેઓ જીંદગીનો નાશ કરવાને લોહીના તરસ્યાં છે" એવો અર્થ થઈ શકે.

(૪) **વ ઝક્ સ્રાતગ્-ઇ બરા આવાચીદન.**

(૫) અથવા, "હોમની કલમ પેલાં ઝાડની ટોચ ઉપર લગાડવામાં આવી હતી."

(૬) સરખાવો અવ૦ **ગઓઁયોઇતિ**, સંસ **ગાવ્યૂતિ**, "ઢોરને ચરવાની ખેતરવાલી જગ્યા." **ખુરદેહ અવસ્તા**ના પહલ્વી તરજુમામાં **ગાવ્યૂતિ** વાંચણ મળે છે.

(૭) વાંચણઃ **દએઁન-દાનેશ્; DM.** મુજબ કદાચ **મઇનૂગ્ સ્નવિશ્નીહ,** "આત્મીક શ્રવણ," "બશારત".

(૮) અથવાઃ **અવો મયા ઇ શએત,** "ચલકતાં પાણીઓ તરફ."

(૯) વાંચણઃ **મદમ-ઇચ-અમ રૂબિશ્ન.** કદાચ બીજી રીતે **મદમ-ઇચ મૂરૂ બરિશ્ન્** હોય, જેનો અર્થ "હોમને પક્ષીઓના રેહઠાણ સુધી ઉંચે લઇ જવામાં આવ્યું છે." અથવા

એટલી બધી છે કે મારાથી હોમ સુધી પોહોંચી શકાય એમ નથી,[1] તેટલા વાસ્તે તે ઝાડને મારે કાપી નાખવું પડશે; સબબ કે જો તે વિચાર એક કોરે મુકયે તોબી[2] ઓ અહુરમઝદના હ્અૉમ! તું સદાનો એવો તાજો હોય એમ દેખાય છે, જેથી તે ચીજનો ફાયદો તારાથી નેક છે."

(૩૨) તે પછી પઔૉરૂશાસ્પ આગળ વધ્યો, અને કુસ્તીનો પવિત્ર કમરબંદ તેણે ભલાં લોકોનો (પોશાક) જે નરમ સુદરેહ તે ઉપર બાંધ્યો[3] તેટલાંમાં હીંયાં એક સરસ મોજેજો પઔૉરૂશાસ્પને જાહેર થયો. (૩૩)જે (મોજેજા) વિષે એમ દીનમાં કહે છે કે પઔૉરૂશાસ્પ જ્યારે ભલા લોકનાં નરમ સુદરેહ ઉપર કુસ્તી બાંધતા હતા ત્યારે તે વખતના અરસામાં તે હોમ[4] નો રોપો (પક્ષિઓને લગતાં) ઝાડના સઉથી ઉંચા ત્રીજા ભાગ[5] પરથી (નિચે) ઉતર્યો, અને તે ઝાડના મધ્ય ભાગ ઉપર જ્યાં પઔૉરૂશાસ્પને જવાની ખાહેશ હતી ત્યાં આવ્યો. (૩૪) તે જોઈ પઔૉરૂશાસ્પ પાધ્યાબ કુસ્તી કરી[6] ને તે ઝાડ ઉપર ચહડી તે (હોમ) આગળ પહોંચ્યો, તેણે તે પછી

ત્રીજી રીતે" **મા-ઇચ મૂરૂ અરિશ્ન હ્અૉમ** લઇએ તો: "પક્ષીઓ તરફ ઉંચે હોમને લઇ જવાનું કારણ શું હશે?" એવો અર્થ થાય. DM.નાં હસ્તલેખમાં આવેલો **અફ્રૂમ** શબ્દ કદાચ **હ્અૉમ**નું બીગડેલું રૂપ હોય.

(૧) અથવા: "એટલી બધી ઉંચાઇ એ હોમને પોહોંચવાનું બનવા જોગ નહતું તેને લીધે." **લા હુનહાઝીદ** (**લા–હુન્દાઝીદન્** ને બદલે) સરખાવો ફા. **હુંદાખ્તન,** "પહોંચવું."

(૨) **મા જવીતર મિન ઝક.**

(૩) વાંચણ: **અફ્રશ નર્મ વેહાન વસ્તર્ગ્ મદમ્ યાવસ્ત્ પતાસીગ્.** DM. મુજબ વાંચણ: **ઓલા–શાન વસ્તર્ગ,** "તેઓનું પેહરણ," અથવા **ઓલા યઝદાન વસ્તર્ગ,** "તેનો પવિત્ર જભો (યાને સુદરેહ)" એમ લેવાય. **યાવસ્ત્** શબ્દ અવ. **અઈવ્યાસ્ત,** "કુસ્તી બાંધેલો"; અથવા અવ, **યાસ્ત** (ધાતુ **યાઑન્ઘ** "પહેરવું")ને મળતો છે. એ શબ્દને DM. મુજબ **શૂસ્ત** "પાણીથી ધોયાં, સાફ કીધાં" લઇએ તો તે અર્થ અહીં લાગુ પડે એમ નથી. જો **શુસ્ત** વાંચ્યે તો એ શબ્દને ફા૦ શબ્દ **શસ્ત** "કુસ્તી" સાથે સરખાવી શકાય. **પતાસીગ** શબ્દ **પઇતી–યાસ,** "પહેરવું" ઉપરથી લઈ શકાએ; અસલ **પતીયાસીગ** "જે કંઈ સુદરેહની ઉપર બાંધેલું યા પહેરેલું હોય તે." આખાં વાકયનો અર્થ એ છે કે: "તેણીએ નાહિ ધોઇને કુસ્તી કરી અને બંદગી કીધી."

(૪) ડા. વૅસ્ટ એ શબ્દને **વોહૂમનો** વાંચે છે. (૫) સરખાવો અવ. **થ્રિથ.**
(૬) **લાલા યાવસ્ત વસ્તર્ગ,** એટલે કે, કુસ્તી કરી બંદગી કીધી.

આખો માલો[1] નિશ્ચેવેરથી કાપ્યો,[2] અને પોતાના ટેકાથી તે માલાને ધરી રાખ્યો;[3] જેવી રીતે એક પુરૂષ પોતાના મીત્રનો બેટો જે બે ત્રણ વર્ષની ઉમરનો હોય તેને ખોરાક ખવડાવવા[4] માટે લઈ જાય, તેવી રીતે (તેણે તે માલાને ટેકવી રાખ્યો). (૩૫) એમ કરવા પછે તેને ખુશાલી[5] પેદા થઈ, અને પેલા પવિત્ર અમશાસ્પેંદોએ લાવેલા હોમને પોતાની પ્રતાપી મોહોરદારની નજદીક લઇ જઇને, તેણે તેણીને નિચે પ્રમાણે કહ્યું:–"ઓ દુગદાઉબ! જ્યાં સુધી તે પવિત્ર હોમ તેના (નિર્માન કીધેલાં) ખાસ કામ અને ધાર્મીક ગુણને[6] માટે લાયક થાય (વપડાએ), ત્યાં સુધી તમારે એટલી તેની ઉપર નજર રાખવી."

(૩૬-૩૮) એક (બીજો) મોજેજો એ (હતો), કે જે વિષે એમ જણાવવામાં આવ્યું છે કે ઝરથુશ્ત્રના તનનું તત્વ, પાણી અને ઝાડપાનોમાં થઇને (તેમના) માબાપના શરિરમાં આવી પોંહોંચતાંજ, ઘણાકોને દાદાર અહુરમઝદે એક મોતેબર ચમત્કાર દેખાડ્યો હતો, જેમ દીનમાં જાહેર કીધું છે કે:–"જ્યારે અહુરમઝદે ઝરથુશ્ત્રનું ખાકી બંધારણ બનાવ્યું, ત્યારે ઝરથુશ્ત્રનાં તનનું તત્વ જે અહુરમઝદની નઝદીક હતું[7] તે ત્યાંથી પેલાં ખાકી બંધારણ તરફ ગયું; ત્યાંથી આગળ વધી ખોરદાદ અને અમેરદાદ[8] તરફ ગયું, અને ત્યાંથી તે વાદળાંઓ[9] સુધી દોડ્યું; તે પછી વાદલાંઓમાંનું પાણી ફરી ફરીને[10] મોટાં ટીપાંઓમાં ગરમ ગરમ[11] નિચે ટુટી પડ્યું,[12] અને તેને લીધે ગાય ઢોર[13] તથા માણસોની ખુશાલી (વ્યાપી રહી)–તે ટીપાં

---

(૧) **આસન ઝક્–હર્વિસ્પો.** (૨) **અઝદ્રુન્તન** "અનાજ કાપવો", "પાક એકઠો કરવો." (૩) **પવન અવાગીહ પવન અવાગીનીદ્**; અસલ અર્થ "પોતાની મદદથી ટેકો આપ્યો; અવસ્તા **અવ** "મદદ કરવી." એટલે કે, "પોતાની પીઠ ઉપર તે ટેકવીને લાવ્યો." (૪) સરખાવો ફા૦ **તુષહ વ ગૂશહ**, "ખોરાક અને રહેઠાણ." (૫) **હૂ–રવાખ્મીહ**; અવ. **રવંઘહ.** "સુખ," "ખુશાલી." (૬) **કાર્ વ દીના.**

(૭) **પીશ્ નર્અમગ ઈ અઉહરમઝદ.**

(૮) યાનેકે, પાણીઓ અને ઝાડપાન તરફ.

(૯) **હૂ–અબ્ર**; અવ૦ **અબ્ર**, ફા૦ **અબર.** (૧૦) સરખાવો ફા. **નઉ–બ–નઉ.**

(૧૧) એ વાંચણ DM. મુજબ છે. પણ **ગર્મૂગ્**નો અર્થ "વરસાદની કમાન" બી થાય છે. ડા. વૅસ્ટ એને **બુન્દગ્ ગર્મૂગ્** વાંચી તેનો અર્થ "પુરતું ગરમ" કરે છે.

(૧૨) **ફ્રુદ દેશ્નૂનાં** (**ફ્રુદ દેશ્નૂન્ત્** ને બદલે) "નિચે લાવવામાં આવ્યું." વરસાદની રૂતુ નહિ છતાં ફરીફરીથી તેમ બન્યું.

(૧૩) સેમેટીક શબ્દ **ફીરા**, ઘણો ખરો ઘેટાં બકરાંને માટે વપડાએ છે.

છુટા ફરીને ચરતા[1] અને ફલંગ મારી દોડતા[2] એક ગોધાનાં તોખમ જેટલાં મોટાં હતાં—જે વરસાદનાં ટીપાં પડવાથી સઘલી જુદી જુદી જાતના છોડવાઓ ઉંચે ઉછડી આવ્યા; જ્યારે (વરસાદના ટીપાંઓ) એક છોડવા ઉપરથી બીજા ઉપર, અને સુક્કાં ઝાડ ઉપર પણ પડ્યાં[3], ત્યારે તેને તેજ વખતે ઝરથુશ્ત્રનું બાકી તત્વ તે પાણીમાંથી ઝાડપાનમાં દાખલ થયું હતું."

(૩૯) (બીજો એક) મોજેજો જે જાહેર થયલો છે તે એ કે વરસાદનું પાણી નિચે પડવા[4] પછી ઝરથુશ્ત્રનું તત્વ તેમનાં માબાપનામાં દાખલ થાય એવી ધારણાથી અમેશસ્પેંદો તરફથી પઓઁરૂશાસ્પને છ સફેદ ગાયો, જે પીલા કાણવાલી (હતી તેઓ)ને પેલા છોડવાઓ તરફ હંકારી લઈ જનાર બનાવ્યામાં આવ્યો. (૪૦) અને અહીં એક ઉમદા મોજેજો જાહેર થયો, જેમ દીનમાં જણાવ્યું છે કે: "તે છ ગાયોમાંની બે ગાયો જે ગર્ભવંત નહતી[5] તેઓમાં પવિત્ર દુધ[6] આવ્યું, અને પેલા છોડવામાંથી થઈને ઝરથુશ્ત્રનું તત્વ પેલી ગાયોમાં ગયું, અને તેઓનાં દુધમાં ભેલાયું." (૪૧) અને તે પઓઁરૂશાસ્પને ગાયોને પાછી હાંકી લાવનાર તરીકે (અમેશસ્પેંદોએ) બનાવ્યો, જેણે દુગદાઉબને નિચે મુજબ કહ્યું: "ઓ દુગદાઉબ! પેલી ગાયોમાંની બે જે હમેલદાર ન હતી, તેમજ જેઓએ બચાંને જન્મ આપ્યો નથી, તેઓમાં દુધ ભરપુર આવ્યું છે, તે ગાયો જે આએ દુન્યાની કોઇબી ગાયોની મગરૂરી સમાન, એટલે સર્વેથી સરસ છે, તેઓને તું દોહ."[7] (૪૨) દુગદાઉબ ઉઠી ઉભી થઈ, અને દુધ દોહવવાનું વાસણ[8] જે ચારે બાજુથી[9] (દોરીથી) સીકડેલું[10] હતું, તે લઇને

---

(૧) વર્તિશ્ન્. (૨) અથવા ઝરીતૂન્તાર, "બેહુતનાં"; પહલ્વી ઝરીતૂન્તન એટલે "બી વાવવાં" "ખેતી કરવી."

(૩) સરખાવો ફા૰ શસ્તન, "નાંખવું."

(૪) સૂબ્–આરિશ્ન; બેહતર વાંચણ: સૂબ્–આવરિશ્ન, અથવા સૂબ–બારિશ્ન; સરખાવો ફા. સૂબ, "પાણી" અને બારિદન, "વરસવું," એટલે "વરસાદનાં પાણીનું વરસવું."

(૫) અ–ઝર્ખૂન્તગ્, "જેને કદી ફરજંદ થયાં નહતાં."

(૬) હુ–પર્અમ; જે પવિત્ર પરિણામ નિપજાવવા માટે એ દુધ પેદા કર્યું હતું તેને લીધે તે દુધને "સારૂં (પવિત્ર) દુધ" કહેવામાં આવ્યું છે.

(૭) અવ. દુઘ, સંસ. દુહ, ફા૰ દૂશીદન "દોહવવું," "દુધ કાઢવું."

(૮) દીગ્, "દેગ", "તામરી"

(૯) અવ. ચથ્રુશ. (૧૦) નિઊઝીહેદ, સરખાવો ફા૰ અઊઝીદન, "સીકામાં ટાંગવું," "લટકાવવું."

પેલી (ગાયોમાં) જે ઉમદા દુધ હતું તે દોહ્યું, અને તે દુધમાંનો ઘણો ભાગ પવિત્ર અમેશાસ્પેંદો અને યઝદોની યાદ કરી તેઓને અર્પણ કરવા (આસપાસ)[1] ઢોલી નાખ્યો, અને તે દુધમાં ઝરથુશ્ત્રનું બાકી તનનું તત્વ હસ્તી ધરાવતું હતું.

(૪૩) જ્યારે પેલો દુશ્મન (અહરમન) પેલાં દુધને નાબુદ તથા નકામુ બનાવવા કોશેશ કરતો હતો ત્યારે એક (બીજો) મોજેજો જાહેર થયો, જેમકે દીનમાં કહ્યું છે કે:-"એ ઉપરથી તુરતજ તે વખ્તે દેવોની એક મજલસ બોલાવવામાં આવી,[2] અને પેલો દેવનાંમ દેવ (અહરમને) તે મજલસને નિચે મુજબ કહ્યું[3] કે: 'તમો દેવો તદન આંધળા છેઓ; એક તાજો અને વળી ઉંચો ખોરાક બની ચુકયો છે, યાને કે જે બનાવતમાંથી તે આદમી કે જે અશો ઝરથુશ્ત્ર થશે તે બનાવવાની શરૂઆત થઈ ચુકી છે;[4] તમારામાંથી કોણ તેનો એવી રીતે નાસ કરવા કબુલ થાઓ છેઓ કે જેથી તે પુરૂષ માણુસાઇમાંથી જતો રહે,[5] એટલે કોણ તેને તદન નિર્બળ કરે."[6] (૪૪) ચીશ્મગ[7] જે બુરાં જ્ઞાનથી ભરપુર[8] હતો, તે નિચે મુજબ બોલ્યો: "હું તેનું મોત લાવવાનું માથે લેઉં છું;" અને પછ દેવો જે ચીશ્મગને લગતા કરપો હતા તેમની સાથે (ઝરથુશ્ત્રને મારવાને) તે ધસ્યો. (૪૫) અને તેણે તે સ્પીતામનાં ગામને થોડે ભાગે ખણીખોદી નાંખ્યું, અને થોડે ભાગે ફેરફાર કરી તે ગામને નુકશાન

---

(૧) **ઓલા યઝદાંન બરા યેહબૂન્તન્.** ડા. વૅસ્ટ મુજબનું વાંચણ લેતાં: **ઑલા-શાંન્ બરા યેહબૂન્ત,** "તેઓએ જે આપી દીધું તેનું."

(૨) સરખાવો અવ. **દ્વત** (ધાતુ દ્વ, "ખરાબ આદમીઓનું ઉચ્ચારવું," "બુરાં માણસનું બોલવું").

(૩) DM. **દવચીત્,** (પહલવી **દ્રાચીદન** ના શબ્દરૂપ પ્રમાણે) "મોટેથી બુમ પાડી કહ્યું" (ખાસ કરી બુરા લોકોની બુમ).

(૪) **અઇધ્ સાખ્તન્ હન્ખેતૂન્ત.**

(૫) વાંચણ: **અન-મર્દૂમ,** જ્યાં સુધી તેનું માણુસાઇપણું તદન જતું રહે ત્યાં સુધી. ડા. વૅસ્ટ:-**અવો મર્તૂમ,** "માણુસજાત માટે" એમ વાંચે છે.

(૬) **અદ્દક્ષ ખ્વાર્તર અકાર કર્દન.**

(૭) એ નામ **બુન્દહિશમાં** પણ (બાબ. ૨૮, ફકરો ૧૮૫) મળે છે; "**ચીશ્મગ્ ઝક મૂન ઝિન્દગ વખ્દૂનેદ વ વાત્ ગેર્દગ-ઇચ વબીદૂનયૅન, ઑલ પતીયારગીહ ઇ અવર વઝલૂનેદ,** "**ચીશ્મગ** એટલે તે દેવ કે જે જીવતાં આદમીઓને પકડે છે, પછી વંટોળ્યો પેદા કરે છે, અને તેઓનો નાસ કરવા માટે તેઓ ઉપર તે ફુંકાવે છે."

(૮) **દૂશ્-દાનાગ્.**

કીધું; ધંધાદારી કામ કરનારાઓને અને દોસ્ત આશ્નાઓને[1] તેણે જુદા પાડયા, તે ગામનાં લોકોનાં કદાવર બાંધાને[2] તેણે તોડી નાખ્યો, તેમ જ તેઓની જે અસંખ્ય ખુબીઓ[3] હતી તે સઘળીનો નાસ કીધો, એટલે કે તેનાથી આખાં ગામને પાએ-માલ[4] કરવામાં આવ્યું હતું.

(૪૬) એવું જાહેર થયેલું છે કે ત્યાર પછી પઑરૂશાસ્પે પેલો હોમ દુગદાઉબ પાસેથી પાછો માંગ્યો, અને તે તેણે છુંદયો (કમ્બીદ) અને પેલાં ગાયનાં દુધ સાથે ભેળી નાખ્યો કે જેમાં ઝરથુશ્ત્રનું ખાકી તત્વ આમેઝ થયેલું હતું; અને અહીં ઝરથુશ્ત્રનું ફ્રેરોહર અને તેમનું ખાકીતત્વ બેઉ સાથે જોડાયલાં બન્યાં.

(૪૭) એક મોજેજો એવો જાહેર થયેલો છે કે જ્યારે હોમ અને દુધ એ પ્રમાણે સાથે ભેલવામાં આવ્યાં,[5] અને અહુરમઝદની એક ફતેહ દેખાડનારૂં તે (મિશ્રણ) બન્યું,[6] ત્યારે પઑરૂશાસ્પ તથા દુગદાઉબ તે પીણું તુરત ગટગટાવી ગયાં;[7] અને હીઆં ઝરથુશ્ત્રનાં ખોરેહ, ફ્રેરોહર, તેમજ ખાકીતત્વનું જોડાણ સામટું બેઉ માબાપમાં[8] ઉતર્યું. (૪૮) દીનમાં કહેવામાં આવ્યું છે તે મુજબ, એક મોતેબર ચમત્કાર તે પછી તે બેઉ જણાને જાહેર થયો:–"એ પછી તેઓ બેઉ જણા પહેલીજવાર એક પુત્ર માટે ખાહેશ રાખતાં હમ્બીસ્તર થઈ જોડાયા,[9] જ્યારે બદકારીની[10] ઘાટકી જબાનથી[11]

---

(૧) **હમ–પત્–ખૂર્**, અવ૦ હમ+પઇતિ+ખરેથ, "જેઓ સામ સામે બેસી ખોરાક ખાતા હોય તે." ઉપલી પહલવી એબારતમાં એ શબ્દ અવ૦ **પઇતિશ્–ખરેન** સાથે સરખાવી શકાતો નથી, કારણ કે તેનો અર્થ અવસ્તામાં "જડબું", અથવા "ગાલ" થાય છે.

(૨) અવ. **સ્તુન**, "સ્થંભ."

(૩) **અમાર** (અવ. **મર**, "સંખ્યા ગણવી") **અફ્રાઉન્ટહ**.

(૪) **લખ્વાર–કર્દ**, સરખાવો ફા૦ **બાઝ કર્દન**, "તોડી પાડવું" "ભાંજી નાંખવું."

(૫) **અગવીન ઑલ હમ–મદ્.**

(૬) **ઑલ અઉહુરમઝદ વીનદીહ પેગવીમૂનાદ**; અવ૦ **વિન્દ**, "જીતવું."

(૭) **ફ્રાજ ખ્વારીદ.** (૮) **બઑન ૨ અબૂ.** અહીં "**દો અબૂ**" શબ્દોને ડા૦ વૅસ્ટ સાથે લઇને **ગબ્બરા** "આદમી" વાંચે છે.

(૯) **લાલા નીવઝીદ હવા–અન્દ**, સરખાવો અવ૦ **નિ–વઝ** અથવા **ઉપ–વઝ્**, "લગનના ગાંઠથી જોડાવું," "બગલગીરી કરવી."

(૧૦) **વિનાસ–ગારીહ.**

(૧૧) **મર ગુબિશ્નીહ**, સરખાવો અવ૦ **મઇર્ય**, "સાંપ," "અઝદાહ."

દેવો પોકાર[1] કરવા લાગ્યા કેઃ 'ઓ[2] પઓરૂશસ્પ! તું આએ શું કરે છે?' જે ઉપરથી[3] શરમીંદા આદમીઓની માફક તેઓ ચમકીને ઉઠયાં.[4] (૪૯) અને બીજી વખતે તેઓ હમબીસ્તર થયાં કે તેઓને દેવોએ બુમ પાડી બદકારીની ઘાટકી જબાનથી ઉપર પ્રમાણે કહ્યું, જે ઉપરથી શરમીંદગીભર્યાં આદમીઓની માફક તેઓ પાછાં ચમકીને ઉઠયાં. (૫૦) અને ત્રીજી વખત તેઓ એક પુત્રની ખાહેશ ધરાવતાં હમબીસ્તર થયાં કે દેવોએ બદકારીની ઘાટકી જબાનથી (ઉપર મુજબ) પુકાર કર્યો, અને તેથી શરમીંદાં થએલાં માણસો માફક તેઓ ચમકીને પાછાં ઉઠયાં. (૫૧) અને તેઓએ (દેવોનાં એ પોકાર) વિષે એક બીજા સાથે વાત કીધી, અને પોતાનાં ભલાં કામમાં પાછાં મંડયા, અને તેઓએ ખાવંદ અને ઓરત તરીકે ફરજ અદા કીધી;[5] યાને કે તેઓ એકમેકને પાસામાં દાબી રાખીને બોલ્યાં કેઃ 'આ નેમ પાર પાડયા વીના[6] આપણે થોભીશું નહિ–ગમે તે બી થાય, ગમે તો રાગ કે નઓંદર બેઉબી સાથે થઇને આવે[7] તોબી આપણે અટકવું નહિ.' (૫૨) પછી તે આદમીના તનનું બંધારણ થયું કે જે પવિત્ર ઝરથુશ્ત્ર તરીકે (જન્મ પામનાર હતો); અને એ પ્રમાણે (આ દુન્યામાં) ઝરથુશ્ત્રના ખોરેહ, ફ્રોહર અને ખાકીતત્વ (ત્રણે)નું જોડાણ તેમના માદરના હમેલ (ગર્ભસ્થાન) માં[8] થયું."

(૫૩) એક (વધુ) મોજેજો જે જાહેર થયેલો છે તે એ છે કે માએના ગર્ભ[9]માં ઝરથુશ્ત્રનો હમેલ રહેવા પછી દેવોએ ઝરથુશ્ત્રનું મોત તેમના માદરનાં હમેલમાંજ

---

(૧) સરખાવો અવ૦ **બુસ**, "બુમ પાડવી," ફા૦ **ખ્રૂસીદન**. DM. મુજબ **ખ્રૂસીચ** અથવા **હર્વિસ્પ.**

(૨) **હુના** શબ્દ અહીં **અઓં** ને બદલે વપડાએલો છે.

(૩) **પવન ઝક.** (૪) સરખાવો અવ૦ **ઉસ્પત.**

(૫) વાંચણઃ **હાર–સુફ્ત,** અસલ અર્થ "મોટીમાં નાકાં પાડ્યાં," "મોટી વિધ્યાં.

(૬) **અ–વઝિશ્નીહ.**

(૭) એ એક અસલી ઇરાની કહેવત છે; એનો ભાવાર્થ એક પુરૂષનું કોઇ ચીજ કરવા માટેનુ મક્કમપણું, અને બાહેરની અસરોને તાબે રહી તે છોડી ન દેવાની ખાસ્યત દેખાડે છે. **રાગ વ નઓંદર,** ફારસી ભાષાની રૂઢી મુજબ, "કંઈ અપસુકન ભરી ચીજ, યા ભલતી ન ધારેલી આફત" એવો અર્થ ધરાવે છે.

(૮) સરખાવો અવ૦ **અરેથ્રિથ;** જુઓ **યઝિશ્ન**, હા ૨૩ મો, ફકરો ૧૦ મો.

(૯) **અમીતર અશકુમ,** સરખાવો ફા૦ **શેકમ,** "પેટ."

નિપજાવવા નવેસરથી ભયંકર કોશેશો કીધી; અને તેમને જન્મ આપનાર (માતા)ને[1] તીક્ષ્ણમાં તીક્ષ્ણ તથા સખ્ત દુખાવા સાથનાં દરદો મારફતે માંદગીભર્યાં કીધાં, (જેથી તેણી એટલી બધી દુઃખી થઈ કે) આખરે તેણીએ દુઃખોના[2] ઉપાય માટે જાદુગર વૈદોની સલાહ લેવા ઇચ્છા દેખાડી. (૫૪) અને આ વખતે એક મહાન મોજેજો જાહેર થયો, જેમકે (તે વિષે) દીનમાં કહ્યું છે કે: "એજ વખતે એક (મીનોઈ) અવાજ પવિત્ર યઝદી રૂહો તરફથી ત્યાં તેણીને આવ્યો; દક્ષિણ દિશાએથી, અહુરમઝદ તથા અમેશસ્પેંદો તરફથી, નિચે મુજબ (સંભલાયું) કે:-'અએ કન્યા![3] જો[4] તારે કેડે આગલ જવુંજ હોય તો તે (જાદુગરો) તરફ ના જા, કારણ કે તેઓ તરફની કોઇબી ચીજ,[5] જે તેમની જાદુઈ વૈદક સારવારથી સારૂં કરવાને (વપરાય છે), તે,[6] જીવલેન હોય છે; તારા બેઉ હાથો બરાબર પાક કર,[7] યાને પવિત્ર સ્નાન (નહાન) લે, અને તે પવિત્ર હાથોથી સુક્કાં લાકડાં લાવ, અને તારાં બાળકની સલામતી ખાતર તે ઉપર આતશ સલગાવ અને ગાયનાં ઘીની[8] અંદર ગોશ્ત પકાવ;[9] અને તારા (ગર્ભની સલામતી) ખાતર આતશ રોશન કરી તેનો સેરવો[10] તે આતશ ઉપર બનાવ; અને તે ખાતરજ વખતસર તે સેરવો તારે પી જવો,[11] અને તેથી તું સાજી થશે." (૫૫) તે ઉપરથી તે અબળાએ તનને પવિત્ર કર્યું,[12] અને જેમ તેણીએ સાંભળ્યું હતું તેમજ બજાવ્યું, અને (તેથી) તેણી તંદરૂસ્ત થઈ.[13]

---

(૧) ઝક્ ઝીઅશ બૂર્દાર.

(૨) ડા૦ વેસ્ટનું વાંચણ DM. મુજબ: ખ્વાયિશ્નીહ, "ઇચ્છવાજોગ (દવા યા ઉપાય)"; પણ અન-આસાનીહ બોલ અહીં વધારે બંધબેસ્તો લાગે છે.

(૩) સરખાવો અવ. ચરાઇતી, ચરાઇતિકા.

(૪) મૂન શબ્દ અહીં અમતને બદલે આવેલો છે.

(૫) યાનેકે "તેઓ તરફથી મળતી દરેક ચીજ.

(૬) પવન યાતુગ બઝેશ્ગીહ બઅૅશાઝિશ્નીહ.

(૭) ફ્રાજ્ યદા ખલ્લૂન; અસલ અર્થ "હાથ બરાબર ધો;" ફા૦ દસ્ત શુસ્તન "કોઇ ચીજનો ભોગ આપવો," "કોઇ ચીજ ઉપરથી હાથ ઉઠાવવો," "તજીદેવું."

(૮) માષ્યા, "માખણ". (૯) સરખાવો ફા. બ્રિશ્તન, "પકાવવું." (૧૦) સરખાવો ફા. તાબેશ, તાબીદન, "રસ નિચવવો," અથવા "મજબુત બનાવવું." બી થઇ શકે.

(૧૧) પાઅૅમેશ, સરખાવો ફા. બાદ પએમૂદન, "દારૂ ગટગટાવી જવો."

(૧૨) ફ્રાજ યદા ખલ્લૂન્ત. (૧૩) સરખાવો "ઝાદસ્પરમના ચુંટી કાઢેલાં લખાણો," બાબ ૧૪ મો, ફકરા ૫.

(૫૬) જ્યારે ઝરથુશ્ત્રના જન્મ પામવાને ખોરશેદની ચાલ પ્રમાણે[૧] ત્રણ દીવસ રહ્યા હતા ત્યારે એક મોજેઝો ઘણાકોને જણાયો, જે એવો હતો કે હમેશના કુદરતી ધારા મુજબ ખોરશેદ ઉગતી વેળા તેની આબાદી ભરી રોશની[૨] જમીન ઉપર પહેલાં પંથરાય છે, અને તે પછી ખોરશેદનો આકાર જાહેર થાય છે, અને જેમ દીનમાં કહ્યું છે તે મુજબ: "તે છેલ્લી ત્રણ રાતો દરમ્યાન જ્યારે ઝરથુશ્ત્ર પોતાની માએના પેટમાં હતો ત્યારે, યાને કે તે જન્મ પામ્યો તે અગાઉની ત્રણ રાત દીવસો સુધી, પઑરૂશાસ્પનું ગામ આખુ રોશનીથી ઝલકી રહ્યું હતું. (૫૭) તે ઉપરથી સ્પીતામના કુટુંબના ઘોડાના સરદારો અને ત્યાંના ગાય ઢોરના રખેવાલો (ગભરાઈને તાંહથી) નાહસી જતાં[૩] બોલ્યા: 'અલબતે પઑરૂશાસ્પનું ગામ આથી નાસ પામવુંજ જોઇએ, અને મોટાં રોશ્નીનાં ભદકાં જે દરેક ખુણે ખુણે[૪] હમણા જણાએ છે, તેના ગભરાતથી પઑરૂશાસ્પનું આખું ગામ ડરી ગયું છે.'[૫] (૫૮) તે પછી (જ્યારે તેઓનો ગભરાત કમ થયો ત્યારે) ગામની અંદર પાછા દોડી આવતાં તેઓ એમ બોલવા લાગ્યા કે: 'પઑરૂશાસ્પના ગામનો નાશ થનાર નથી, જો કે દરેક ખુણામાં અને દરેક ખાંચામાં પસરી રહેલી ભભુકદાર રોશનીનાં ઘભરાતથી તે ગામના લોકો બીહ ગયાં છે; એ ગામમાં અને પેલાં ઘરમાં પેલા ખોરેહમંદ[૬] પુરૂષનો જન્મ થયો છે.'"

(૫૯-૬૦) (બીજા) મોજેજાઓમાં નિચલો પણ એક હતો, કે જ્યારે ઉમદા ખોરેહવાળા તે નરના જન્મ બાબેના મોજેજા જેવાં કાર્યની ખબર પહેલાં (આ દુન્યામાં) આગળ વધી, ત્યારે તે જમશેદ અને બીજા પ્રખ્યાત નરો જેમને પવિત્ર યજદાં તરફથી ઉંચી કીર્તીએ પહોંચાડવામાં[૭] આવ્યા હતા, તેઓના વચણોની મારફતે તે ખબર ફેલાઈ હતી; જે વચણોમાં જમશેદે દેવોને કહ્યું હતું કે: "અહીં (આ દુન્યામાં) પવિત્ર અને અશો ઝરથુશ્ત્ર જન્મ પામશે, જે પુરૂષ તમો દેવોની અંદર, તમો જે

---

(૧) **આઇનીનગ ઈ હુવરે-શઍત**, અસલ અર્થ "ખોરશેદનો આયનો", અથવા "સૂર્યનો આરસીનો તકતો;" ફારસીમાં ખોરશેદ ને **આઈનહ-ઈ-આસ્માન**, "આકાશનો આયનો" કહે છે. અહીં એવો ભાવાર્થ છે કે "સૂર્યના પંચાંગ મુજબ ત્રણ દીવસ બાકી હતા ત્યારે."

(૨) અવ૦ **ફ્રાઙ્મિ (ફ્રાંશ)** "આબાદી કરતી," યા "વધારો કરતી." સરખાવો અવ૦ "**હચ હૂ વક્ષાત્ આ-હુ-ફ્રાષ્મો-દાતોઇત.**"

(૩) કસબાને સર્વે ઠેકાણે રોશનીથી ચળકતો જોઇને. (૪) **વિસ્પ સૂરાગ.**

(૫) **પવન આસીપિશ્ન આસીપ્ત ચેગ્વીમૂનેદ.**

(૬) **રાએ-આઑમંદ.** (૭) **મદમ બરિશ્નીહ.**

કામો કરો છેઓ તે બાબે બેપરવાઈ ફેલાવશે, એટલે કે તમારામાં લાચારી (ઉદાસીપણુ) પેદા કરીને બેકારી લાવશે, અને આતુરતાઈ વિનાના[1] તમોને બનાવશે, જેથી તમો કોઇબી ચીજ પોતાને માટે માગી શકશો નહિ, અને તમારે ખાતર કોઇબી બીજો પુરૂષ કંઈ માંગનાર નથી."

(૬૧) એવું જાહેર છે કે ઝરથુશ્ત્રનાં ચઢતે દરજ્જેનાં જન્મની ખબર, અને તેની ભવિષ્યની આગાહી કહેવાની શકતી[2] વિષેની વિખ્યાતી જાણીતા પુરુષો, જેવા કે જમશેદ, ફરેદુન અને બીજા દાનાવ લોકોએ જાહેરમાં ફેલાવી હતી; તે ઉપરાંત પાક હસ્તીઓ (યઝદો)એ ગોસ્પંદોની ઝબાન મારફતે[3] તે ખબર આ દુન્યામાં ફાહેશ કીધી હતી,[4] અને એવા ઇરાદાથી તે ફેલાવી[5] હતી કે તેની પએગંબરી શક-તિનો પુરાવો તેઓબી આપે. (૬૨) તેની મીસાલ એકે, જેમ (દીનમાં) જણાવવામાં આવ્યું છે તેમ, કએ-ઉસનાં (કએ-કાઉસનાં) રાજ્યમાં એક ગોધો[6] હતો, અને યઝદી

---

(૧) અખ્વાયિશ્નીહ, યાનેકે "જીજ્ઞાસા વિનાનું," "વગર મજાહનું;" અવ૦ ઈશ, "ઇચ્છવું." (૨) વક્ષ્વરીહ.

(૩) હૂઝ્વગીહ–અસ્ત, "બોલાયલા હતા," સરખાવો અવ૦ હિઝ્વ, "ઝબાન;" જુઓ વંદીદાદ, ફરગર્દ ૧૯ મી, જ્યાં હુઝવા-ધયત, ઝરથુસ્ત્રના બોલવા વિષે વપડાયલો છે.

(૪) વાંચણુ: દેશ્રુન્ત. DM. મુજબ, સૂત; એમ લેતાં અર્થ: "અને વળી ગાયઢોરની ઝબાંનમાંથી તેઓથી સાંભળવામાં આવ્યો." ડા૦ વૅસ્ત નિચે મુજબ તરજુમો કરે છે:–"પણ પવિત્ર હસ્તીઓનું બોલવું દુન્યામાં જુદે જુદે ઠેકાણે રહેતાં જાણવરોની ઝબાંન મારફતેબી સાંભળી શકાય છે."

(૫) સરખાવો અ૦ રૅતૅરૅ, ફા૦ ગુસ્તર્દન.

(૬) કએ–ઉસના ગોધાની અને સ્રીતની વાત દીનકર્દ પછી લખાયલાં પહલવી "ઝાડ-સ્પરમનાં ચુંટી કાઢેલાં લખાણો" માં વધારે સંપૂર્ણ રીતે આવેલી છે (જુઓ બાબ ૧૨ મો):–"દેશ માંહેલા અથોરનાનોની અરજને અનુસરીને, તથા એક ઉભો થયેલો કજીઓ દાબી દેવાના હેતુથી, દાદાર અહુરમઝદે ઇરાન માટે એક મોટાં કદનો ગોધો પેદા કીધો, જેની મારફતે તેની ખડીનાં જમીન ઉપર ચાલતાં પડેલા આકાર ઉપરથી ઇરાન અને તુરાન વચ્ચેની હદ દેખાડવામાં આવતી હતી. તેને કએ–ઊસએ જંગલમાં રાખ્યો હતો". (વળી તેમાં એમ જણાવેલું છે કે) "સાત ભાઇઓ હતા, જેઓમાંના સાતમાનું નામ સ્રીત હતું, તે સર્વથી મોટા કદનું શરીર અને અંગબળ ધરાવતો હતો. કએ–ઊસના ઉમરાવો તથા ઘણીક બાબદોથી માહીતગાર પુરૂષોમાંનો તે એક હતો. કએ–ઊસએ તેને પોતાની હઝુરમાં બોલાવ્યો, અને નિચે મુજબ ફરમાવ્યું:–"તું જા, અને પેલા ગોધાને જંગલમાં લઈ જઈ મારી નાખ!"...

મદદથી તેના શરિર ઉપર નુર ફેલાયલું હતું, જ્યારેબી ઇરાન અને તુરાનની સરહદ બાબે કંઈ તકરાર ઉભી થતી ત્યારે તે ગોધાને લાવવામાં આવતો, અને ઇરાન તથા તુરાન વચ્ચેની સરહદ તે ખરી રીતે બતાવી આપતો. (૬૩) અને પરિણામ એ આવતું કે, જે કજ્યામાં (ગુનાહ તરીકે) ઠગાઈ થઈ હોય, તેમાં ફેસલો કરવા એક ઇરાની જ્યારે તુરાની સાંમે અરજ કરતો તે વખતે ખચીત પેલા ગોધાથી બતાવવામાં આવેલી સરહદને લીધે પેલો તુરાની હમેશાં લુચ્ચો માલુમ પડી આવતો, અને ઇરાનીઓ તરફથી તેને માર પડતો; એને લીધેજ તે (તુરાની-ઓની) સંઘલી અદેખાઈ કએ-ઊસ સામે અને તેની મીલકત વિષે ઉસ્કેરાયલી હતી; અને તે (પાદશાહ)ની એ અજાયબ જેવી દોલતને ખાતર તુરાનીઓએ પેલા ગોધાને મારી નખાવી તેનો નાશ કરવા એક યોજના ઘડી, અને જાદુઈ અને મન્ત્રથી કએ-ઊસના મનને તે ગોધા સંબંધી ગુંચવાડામાં નાખ્યું; જે ઉપરથી તેણે એક લડવૈયો જેનું નામ **સીત** હતું તેને હુકમ કીધો કે પેલા ગોધાને કતલ કરવો, અને તે આદમી પેલા ગોધાને મારવાને બાહેર પડયો. (૬૪) અને અહીં એક મહાન ચમત્કાર પેલા ગોધા તરફથી જાહેર થયો, જેમ દીનમાં કહ્યું છે તેમઃ-"એક નોંધવા જોગ જવાબ તે ગોધાએ તેને મોઢે બોલી દેખાડ્યોઃ-'અએ **સીત!** તું મને ના માર, તારા વદવાઓની સાતમી પેહડીનો તું છે; જ્યારે ઝરથુશ્ત્ર જે સવાબનો ઘણોજ ખાહેશમંદ છે તે તનોમંદ દુન્યામાં આવશે, અને જ્યારે દીન મારફતે

...પેલા ગોધાને જબેહ કર્યા બાદ.........સીત પાછો ફરી કએ-ઊસ આગળ આવ્યો, અને તે કેમ બન્યું તેની ખબર કીધી, તથા અરજ કીધી કે તેણે (કએ-ઊસએ) તેની (સીતની) જીંદગીનો અંત લાવીને એ કામ પૂરૂં કરવું; કારણ કે (તે બોલ્યોઃ) "મારી જીંદગી હવે મનગમતી નથી." કએ-ઊસએ જવાબ વાલ્યોઃ "શું હું તુને મારૂં, એવી કંઈ ધારણા નહતી!" જે ઉપરથી સીત બોલ્યોઃ "જો તું સાહેબ મને કતલ નહિ કરશે તો હું તુને મારી નાખીશ." કએ-ઊસએ જવાબ વાલ્યો; "મને મારતો ના, કારણ હું તો દુન્યાનો પાદ-શાહ છું." કએ-ઊસ આગળ સીતએ એટલી આજરખ્વાહીથી જીદ કીધી કે પાદશાહને નિચે મુજબ હુકમ કરવાની ફરજ પડીઃ "પેલાં ચોક્કસ જંગલમાં જા, ત્યાં કુતરાનાં આકારમાં એક દાકન રહે છે, તે તુંને મારી નાખશે." સીત તે જંગલમાં ગયો અને તેણે કુતરાના આકારમાં પેલી જાદુગરણીને જોઈ, અને તેણીને એક ફતકો મારતાં બે ભાગમાં તે વહેંચાઈ ગઈ, અને એમ વહેંચાયલા ભાગોને ચાલુ માર્યા કરતાં આખરે તેઓ એક હજાર બન્યા; જેઓના લશ્કરે સામટાં બની સીતને તેજ જગ્યાએ મારી નાખ્યો." જુઓ S. B. E., વૉલ્યુમ ૪૭ મું, પાના ૧૩૫-૧૩૮.

તારાં બુરાં કામો તે જાહેર કરશે ત્યારે તારી કીનાખોર ખાસ્યત માટે તું પસેમાન થશે; અને તારા આત્માને એવું દુઃખ નડશે કે જેને લગતો શ્રાપ નિચલા ફકરામાં આવેલો છે, 'જ્યારે તેનું મોત આવશે, ત્યારે તેને વદગ[1] અથવા એવાજ બીજાઓનો ફેજ મલશે," (૬૫) એમબી જાહેર થયેલું છે કે પેલા (સ્રીત) પુરૂષે જ્યારે ગોધા તરફનો એવો ચમત્કાર જોયો ત્યારે તેણે તેને માર્યો નહિ,[2] પણ તે કર્સ-ઊસ (કર્સ-કાઉસ) આગલ પાછો ફર્યો અને પોતે જે જોયું હતું તે વિષે તેને વાકેફ કીધો. (૬૬) દેવો અને જાદુગરો તરફથી જે ભમાવનારી ફરેબ-બાજી કર્સ-ઊસની તરફ કરવામાં આવી હતી, તેને લીધે તેણે તેજ(સ્રીત) ને પેલા ગોધાને મારવાનો પાછો હુકમ કીધો, અને તે પુરૂષ બીજી વાર ગોધા તરફ ગયો; જોકે તેણે (ગોધાએ આગલ માફક) ઘણીક વિગટે બોલવાનું ચાલુ રાખ્યું છટાંબી[3] પોતાનું ધ્યાણ ત્યાં નહિં આપતાં તેણે (સ્રીતએ) ગોધાને મારી નાખ્યો.

(૬૭) વળી ગાવ્યેોદાદ[4] (એટલે, પહેલાં એકલા પેદા કરવામાં આવેલા ગોધા) વિષે એવું જાહેર થયેલું છે કે અહરમન તરફથી આવેલા ફટકાની સામે થતાં[5] તે નિચે પ્રમાણે બરાદ મારીને બોલ્યો હતોઃ-"ઓ અહરમન! તું બુરાઇનું જ્ઞાન

---

(૧) સરખાવો અવ૦ **વધઘન,** એક બુતપરસ્ત તુરાની પાદશાહનું નામ, જે ઝર-થુસ્ત્રની આગમજ થઈ ગયો હતો. એજ અઝીદહાક (ઝોહાક) નું બીજું નામ છે. **દાદિ-સ્તાને દીની**ની પુરસેશ ૭૧ અને ૭૭ માં વધક્ર નામ ઝોહાકની માએનું છે. વળી પહલવી મીનોખેરદ (બાબ ૫૭, ૨૫) માં **વધગાન** પાદશાહ તે **દહાગ** પાદશાહ પોતે છેઃ– "(ફર્પીન ગુનાહો કરનાર બદકાર આદમીઓમાંની) એક તે **વદગ,** જે ઝોહાકની માએ હતી, જેનાથી પહેલ વહેલાં (આ દુન્યામાં) જનાકારી કરવામાં આવી હતી (યાને બદફેલી શરૂ થઈ હતી)."

(૨) અસલ અર્થઃ "જ્યારે તે માણસ પેલા ગોધા તરફથી એવા મોજેજાની ખાહેશ રાખે છે, ત્યારે તેને તે મારતો નથી."

(૩) **અમત કબદ-ઇચ ઝક ગૂબિશ્ન દેશ્નૂનાં.**

(૪) પહલવીઃ **તોરા ઇ અએવગ-દાદ,** "પહેલ વહેલાં પેદા થયલો ગોધો;" જેમાંથી સઘળાં પ્રાણીઓ અને ઝાડપાનો પ્રગટી નિકલ્યાં હતાં એમ માનવામાં આવે છે. જુઓ **બુન્દહિશ,** બાબ. ૩ જો, ફકરો ૧૮ મો; ૪ થો, ફકરા ૧–૫; ૧૪ મો, ફકરા ૧–૩; ૨૭ મો, ફકરા ૨–૩.

(૫) **પતીરગ ઝનિશની.**

ધરાવનાર,[1] અમારે વિષે એવું ધારે છે કે 'નાશ કરવામાં હું દરેક રીતે ફત્તેહમંદ[2] છું,' પણ તું દરેક રીતે અમારો નાશ કરવામાં કદી ફાવનાર નથી, યાને તારાથી બનવા જોગ નથી કે અમે કદી પાછાં નહિં ઉઠી શકયે[3] એવી રીતે તું અમારો નાશ કરે; તેમજ હમના હું તુને જણાવું છું[4] કે પેલો શખ્સ સ્પીતામ ખાન્દાનનો ઝરથુશ્ત્ર (ધર્મના) છેલ્લા ફેરફાર માટે આવનાર છે, જે દેવોના દેવ (અહરમન)ને તથા તેના મદદગારોને અને બે પગના દરવંદોને[5] ગભરાતમાં નાખશે."[6]

(૬૮) ઝરથુશ્ત્રએ પોતાનાં ખોરેહ અને જ્ઞાનની બરકતથી પોતાના આ દુન્યામાં જન્મવા અગાઉ દેવોને માર માર્યો, જ્યારે જાદુગર ફ્રાસીયાવ[7] તેનું ખોરેહ શોધવા જતાં અજાયબ જેવી રીતે મુશકેલીમાં આવી પડ્યો હતો, તેને લગતા મોજેજા વિષે દીનમાં એમ કહે છે કેઃ "ત્યારે પુશકળ ફરેબબાજ[8] તુરાની અફ્રાસ્યાબ વોઉરૂકશ દર્યા[9] તરફ એક બે અને ત્રણ મરતબે ધસ્યો;[10] અને ઓ સ્પીતામનાં ઝરથુશ્ત્ર! જે ખોરેહ ખાસ ઇરાની મુલકોને લગતું, જન્મેલા તેમજ નહિં જન્મેલાઓનું, અને જે અશો પુરૂષોને લગતું, તે મેલવવા ખાહેશમંદ થયો; પણ તે ખોરેહને તે પોંહોંચી

---

(૧) અહરમનને નિચલાં વિશેષણો વારંવાર લગાડવામાં આવે છેઃ–**પૂર-મર્ગ, દૂશ-દાનાગ, દૂશ-દાદ્, દૂશ-દીનીગ, દ્રવન્દ, શચ્એદાઆન-શચ્એદા, ગેહાન-મર્ન્ચીનીદાર.**

(૨) **મદાર,** "જે પોતાનો હેતુ પાર પાડે છે તે." (૩) **લખ્વાર લા ચેહવૂનીમ.**

(૪) **ફ્રાજ કનુન-ઇચ ચેમલેલૂનમ.**

(૫) સરખાવો અવ૦ **હોરમજદ યશ્ત,** ફકરો ૧૦ મોઃ–**મઇર્યનાંમચ બિઝંગ્રનાંમ, અષેમઓંધનાંમચ બિઝંગ્રનાંમ.** (૬) **તંગીહ્ વહુમૂનેદ.**

(૭) જુઓ પહલવી દીબાચો, ફકરા ૩૧, ૩૯. સરખાવો **આવાં યશ્ત,** ફકરો ૪૨ મોઃ–**યથ અઝેમ્ અવત્ ખ્રેનો અપચેમિ, યિમ્ વઝઈતિ મઇધીમ્ ઝ્રયંઘહો વોઉરૂ કષહે, યત્ અસ્તિ અઇર્યનાંમ્ દખ્યુનાંમ્ ઝાતનાંમ્ અઝાતનાંમચ, યતચ અષઓનો ઝરથુશ્ત્રહે.** વળી જુઓ **ઝમ્યાદ યશ્ત,** ફકરા ૫૬-૬૨.

(૮) સરખાવો અવ૦ **અષ્-વરેચાઓ,** "ઘણી ચાલાકીવાળો," અથવા "ઘણો લુચ્ચો," "યુક્તીબાજ." **કબદ વઝાન,** એટલે "ઘણાં કાર્યવાલો."

(૯) અવસ્તાના વિશેષ નામનું પહલવી **ઝ્રહ-ઈ-ફ્રાખૂ-કર્ત** છે, જે કદાચ **"કાસ્પ્યન સમૂદ્ર"** હોય.

(૧૦) સરખાવો **ઝમયાદ યશ્ત,** ફ૦ ૫૮ મોઃ–**"આઅત્ અવ-પતત્ ફ્રંઘ્રસે, તૂરો અષ્-વરેચાઓ, સ્પિતમ ઝરથુશ્ત્ર! અવિ ઝ્રયો વૉઉરૂકશેમ.**

શકયો નહિં." (૬૯) અને એમ બી કહ્યું છે કે અક્રાસ્યાબ સાતે સાત ખંડો તરફ ફરી વલ્યો હતો, અને ઝરથુશ્ત્રનું ખુરેહ શોધ્યું હતું.[1]

(૭૦) ઝરથુશ્ત્રનાં લાયક વડવાઓની વંસાવળી નિચે વિગટવારે[2] આપવામાં આવી છેઃ—ઝરથુશ્ત્ર (બેન) પઔરૂશાસ્પ (બેન) પતીરીતરાસ્પ (બેન) ઉરૂગધસ્પ (બેન) હુએચતસ્પ (બેન) ચિખ્શનુશ (બેન) પએત્રાસ્પ (બેન) અરેજધરશ્ન (બેન) હરધાર (બેન) સ્પીતામ (બેન) વએદિશ્ત (બેન) નયાઝેમ (બેન) અઇરીચ (બેન) દૂરાસ્રૂબ (બેન) ઇરાનના પાદશાહ માનૂશ-ચીહર (બેન) માનૂશ-ખૂરનર (બેન) માનૂશ-ખુરનાગ જેને નૅરોકસંગે[3] વીઝક જે અઇથૈકની દીકરી તેનો પાલક મુકરર કીધો હતો; અઇથૈક (બેન) થ્રીતક (બેન) બીતક (બેન) ફ્રઝૂશક (બેન) ઝૂશક (બેન) ફ્રગૂઝક (બેન) ગૂઝક, તે ખનીરથના માલેક ફ્રએદુનના બેટા અઇરીચની છોકરી; ફ્રએદુન (બેન) પુર-તોરા આસ્પીગાન (બેન) ન્યોગ-તેરા આસ્પીગાન (બેન) સોગ-તોરા આસ્પીગાન (બેન) બોર-તોરા આસ્પીગાન (બેન) કેરદાર-તોરા આસ્પીગાન (બેન) સીયહ-તોરા આસ્પીગાન (બેન) સ્પએતો-તોરા આસ્પીગાન (બેન) ગેફ્રર-તોરા આસ્પીગાન (બેન) રમક-તોરા આસ્પીગાન (બેન) વનો-ફ્રવીશન આસ્પીગાન જે સાત કેશ્વરના પાદશાહ યિમ (જમશેદ)થી (ઉતરી આવેલો હતો); યિમ (બેન) વીવંગહાન (બેન) અયંઘહદ (બેન) અનંગહદ (બેન) હઑશ્યંગ, તે સાત ખંડનો પેશદાદ શહાનશાહ (બેન) ફ્રવાગ (બેન) સીયામગ (બેન) મશ્યે તે પહેલા ગાયોમર્દનો દીકરો.



(૧) જુઓ **ઝમયાદ યશ્ત,** ફકરો ૮૨ મો. (૨) **અઉશમૂર્દન.**

(૩) અવ૦ **નઇર્યોસંગ,** અહુરમજદ તરફથી પેગામ લાવનાર કાસદનું નામ.

બાબ ૨ જો.

માએને પેટે જન્મેલાં બાલકોમાં તે સર્વેથી બખ્તાવર બાલકના જન્મ પછી અહુરમઝદ સાથ તેણે (ઝરથુશ્ત્રએ દીનને લગતી) મસલહત કીધી ત્યાં સુધીમાં જે જે મોજેજાઓ દેખાયા હતા તે બાબે (આ બાબમાં બયાન આવેલું છે).

(૧-૨) એક (મોજેજો) એવો જાહેર થયો કે તે (બાલક) જન્મ વખ્તે હસ્યું[૧] હતું, જેથી તેની આસપાસ બેઠેલી સાત આયાઓ[૨] તેનાથી ગભરાઈ ગઈ, અને પોતાના ગભરાત[૩] વિષે એવું બોલી: "એમ કેમ હશે? એની મોટાઇના સબબે તે હશે, કે તેનાં કમીનાંપણાંને લીધે હશે?[૪] એક આબરૂ પામેલો[૫] પુરૂષ જેમ પોતાની ઉદ્યોગી મેહનતથી ખુશી થઇને હસે, તેમ એ કીર્તીવંત[૬] ફરજંદ-છોકરો[૭] પોતાના જન્મ વખ્તે હસ્યો." (૩) અને પેલો પઓરૂશાસ્પ બોલ્યો: "આ બાલક-બેટા માટે તમારે નરમ ઉનનાં કપડાં[૮] લાવવાં; આ (બીના) તારે લીધે-તું કે જે દુગદાઊબ તેણીની ભલાઈના પ્રતાપથી-બની છે, [યાને કે આએ છોકરાને ખોરેહ તથા ઝલકાત[૯] પોંહોંચ્યાં છે, જેની આગાહી જન્મ વખ્તે એ હસ્યો તે ઉપરથી મળે છે].[૧૦]

(૪) એક (વધુ મોજેજો) એમ જણાયો છે કે (ઉપલા બનાવ) પછી પઓરૂશાસ્પ, એક કરપ નામે દુરાસ્રૂબ, જે જાદુગરીમાં અતી ઘણો પુર્વીણ હતો તેની આગલ ગયો; અને ઝરથુશ્ત્રના જન્મ વિષેની, અને જે મોજેજો જન્મ વખતે જાહેર થયો હતો તે વિષેની ખબર આપી; અને ઝરથુશ્ત્રને જોવા સારૂ તેને પોતાને ઘર બોલાવી લાવ્યો. (૫) પેલો જાદુગર, ઝરથુશ્ત્રની અંદર ખુરેહ હતું તેથી

---

(૧) જુઓ ફ્રવર્દીન યશ્ત, ફકરો ૯૩ મો, જ્યાં એજ બાબદને મલતો એશારો આવેલો છે.

(૨) અવ૦ દાયંગહ્, "દાઈ, નર્સ, બચાંને ઉછેરનારી;" ફા૦ દાયહ.

(૩) તર્સિશ્ન. (૪) મસીહ્ અયૂક્ તરમીનિશ્નીહ્.

(૫) ગથા ઇ અર્જ-આઓમંદ, અવ૦ અરેજ, "લાયક નિવડવું;" સરખાવો ફા૦ અર્જમંદ, "અમીરી," "મોભાદાર;" ફા૦ અર્જમંદ બાનૂ, "પ્રખ્યાત શાહજાદી."

(૬) વાંચણ:-આવીગ્; સરખાવો ફા૦ આબ્, "ઝલકાત." DM. મુજબ અઝશ્ અથવા અફ્રશ્. (૭) ગથા અપુર્નાયીગ.

(૮) નર્મ્ પાહ્ વસ્તર્ગ્. (૯) અવ૦ ખ્રાથ. (૧૦) ફ્રાજ ખદીતુન્ત.

તેનો બદખાહ બન્યો,[1] અને કાવત્રાં ભરેલી એક યોજના ઘડી;[2] બુરી ધાનતથી તેણે પેલાં પુરખુરેહવાલાં ફરઝંદનું નાજુક[3] માથું પોતાને હાથે[4] કચડી નાખવા[5] અને તેનું મરણ નિપજાવવા ધાર્યું. (૬) અને અહીં એક અગત્યનો મોજેજો ઘણાકોને જાહેર થયો, જેમ કે દીનમાં કહ્યું છે કે પેલા ઘાટકી આદમીના[6] હાથો ઉંધા થઇને પછવાડે ફેરવઈ ગયા [યાને પીઠ આગલ મરડાઈ ગયા],[7] અને તે વખત પછીથી (હમેશાં) તે ક્રુર આદમી તે હાથો વડે મોઢામાં[8] ખોરાક લેવા[9] પામ્યો નહિ, (પણ મોંઢાંથીજ લેવા લાગ્યો). (૭) તે કરપએ, ઝરથુશ્ત્રના શરિર ઉપર કેટલીક નિશાણીઓ હતી તેને લીધે, તે નિશાણોને બુરી નિશાણીઓ તરીકે ઓળખાવી;[10] અને ઝરથુશ્ત્રનો પ્રકાશ[11] રખે ઘટી જાય તે વિષે પઓરૂશાસ્પ ઘણોજ ગભરાયો, અને તેને કોઈ નહિં જોય તેમ (ઝરથુશ્ત્રને) છુપો રાખવાની ઉતાવલ કીધી.[12]

(૮) એક વધુ (મોજેજો) જે જાહેર છે તે એકે પેલા કરપએ જાદુગરીથી પઓરૂશાસ્પના મનમાં ઝરથુશ્ત્ર વિષે એવી તો બીહક ઉત્પન્ન કીધી, અને તેનું મન એવું ઝેરી બનાવ્યું, કે ખુદ પોતાની ધાસ્તીથી[13] તેણે વટીક ઝરથુશ્ત્રને મારી નાખવા પેલા કરપને અરજ કીધી. (૯) તે (બાલક)નું મોત કઈ રીતથી લાવવું તે બાબે તેનાં કુદરતી તેજના ઘટી જવાને લીધે પઓરૂશાસ્પ લાચાર બન્યો, અને દૂરાસ્રૂબને (એ બાબે) પુછ્યું; પેલા કરપએ જાહેર કીધું કે બાલવાનાં લાકડાં એકઠાં કરી ઝરથુ-

---

(૧) **બીશ મત;** સરખાવો અવ૦ **ત્બએષંઘહ્,** "કપત," "બદ-ખાહી."

(૨) **અનાગ ચશીદ્;** અવ૦ **ચષ,** "જોવું;" ફા. **ચશીદન.**

(૩) સરખાવો **કહ્યા ઈ તરૂન,** "કુતલ્યું".

(૪) અવ૦ **ગવ,** "હાથ" (બુરા માણસ માટેજ એ શબ્દ આવે છે).

(૫) **અફશાર્દન,** "દાબવું." (૬) અવ૦ **મઇર્ય,** "સાંપ," "ઘાટકી માણસ."

(૭) **લખ્વાર હુશિકન,** સરખાવો ફા૦ શિકન, "ઘડી વાલેલું," અથવા "ભાંગેલું." અવ૦ "**સ્ચિન્દ્** "ભાંજવું." ડા૦ વૅસ્ટ પ્રમાણે વાંચણઃ-અઉશ્કુન; જેનો અર્થ "ઉંધુ કીધેલું"; "પાછલ ફેરવેલું" એવો થાય છે.

(૮) સરખાવો અવ૦ **ઝફરે** (ધાતુ **ઝફ્,** "અવાચી ખાવી તે").

(૯) **ગૂહાર.** ડા૦ વૅસ્ટ મુજબ: **જલતાર,** સરખાવો અવ૦ જલ "મોંઢાંની અંદર"નો ભાગ. (૧૦) **દશચીદ્,** "બુમ પાડી" (બુરા માણસે યા બુરા દેવે.)

(૧૧) **આપ-દેહશ** અથવા **આપ-દેહીહ.**

(૧૨) એટલે, જાદુગરોની નજર આગળથી દુર લઈ જઈ કોઈ જગ્યાએ છુપાવવા માટે. (૧૩) તેની પોતાની ઝીંદગીની ધાસ્તીથી.

શ્ત્રને તેમાં છુપાવવો[1] અને આતશ તેની ઉપર સલગાવી[2] અને બલતણ રોશન કરી (તેને બાળી નાખવો) એવો ઉપાય સુચવ્યો;[3] અને પઓરૂશાસ્પએ તે મુજબ કીધું. (૧૦) વળી અહીં એક ચમત્કાર ઘણાઓને જાહેર થયો, જેમ દીનમાં કહ્યું છે કેઃ "લાકડાંની વચ્ચે આતશ પુગી શકયો નહિ, [યાને તે ઉપર આવી શકયો નહિ] તેમજ લાકડાંબી બલતું પકડી શકયાં નહિ; પણ તેવામાં તે દીકરાની વહાલી માએ હુશ્યારીથી[4] બાહેર પડી તેની આગલ આવી લાગી, અને સંભાલ ભરી[5] કલાથી તેને (ઝરથુશ્ત્રને) ઉંચકી[6] જમના હાથની કેરપર લઇને જાહેર રસ્તા[7] તરફ તેણી ચાલવા માંડી."

(૧૧) એક મોજેજો પ્રદર્શીત થયો હતો તે એ હતો કે (ઉપલા બનાવ) પછી પઓરૂશાસ્પએ તેને[8] આતશે નહિ બાળી નાખવા વિષે દૂરાસૂબ કરપને જણાવ્યું, અને ઝરથુશ્ત્રનું મોત કેમ લાવવું તે બાબે પાછો સવાલ કીધો; પેલા કરપએ એવું બતાવ્યું કે ઝરથુશ્ત્રને એક સાંકડા રસ્તામાં છુપી જગ્યામાં મુકવો, ઘણાક બલદોને તે રસ્તાપરથી ચલાવવા જેથી રાતને વખતે બલદો તેની ઉપર પગ મુકી તેને કચડી નાખે[9] એવો એલાજ સુચવ્યો; અને પઓરૂશાસ્પએ તે મુજબ કીધું.

---

(૧) **નિપાચીદન;** અવ૦ **નિ-પા,** "બંધાવવું," "ઢાંકવું."

(૨) વાંચણુઃ **આખીઝીદૂન,** એ કદાચ **અંગીઝીદનનું** બગડેલું રૂપ હોય; અને **અઈયાફ્તન** બી વાંચી શકાય.

(૩) અથવા બીજી રીતેઃ **દર્માન્ ચેહલુન્તન વએરાસ્ત,** "એ ઉપાય યોજવામાં આવ્યો હતો."

(૪) એજ શબ્દ **પવન અઓશ,** "બામદાદને વખ્તે", બી લઈ શકાય.

(૫) **હૂશ-આઓમંદ;** અથવા એનો અર્થ એમબી થઈ શકેઃ-"જે જીવતો અથવા સાવધ હાલતમાં પડેલો હતો તેને;" ફા૦ **જાનમંદ.** (૬) **બરા ચેહલુન્ત.**

(૭) ફા૦ **ખૂસ્તક,** "પગ રસ્તો" "જાહેર રસ્તો." અને **અન્દીતગ બી** વાંચી શકાય, જેનો અર્થ "અણુદીઠ," "મીનાઈ," એવો થાય; કદાચ એ બોલ **હૂ-દસ્તગનો** બગડેલો આકાર હોય, જે અવસ્તા **ઝસ્તો ફ્રાન,** "હાથ યા બાજુની નિચેનો ભાગ" ઉપરથી લઈ શકાય, અને તેનો અર્થ એમ થઈ શકેઃ-"પોતાના જમના હાથના આગલા ભાગ ઉપર." વળી એ શબ્દ **ખાનગનું** બીગડેલું રૂપ હોય, જે **ખૂસ્તકને** બદલે **"ઝાદ-સ્પરમના ચુંટી કાઢેલાં લખાણો,"** બાબ ૧૬ મો, ફકરા ૫-૬ માં આવેલો છે. ફારસીમાં **ખૂસ્તનો** અર્થ "આસાયશ," "સગવડ," એવો બી થાય છે. (૮) **ઝરથુશ્ત્ર.**

(૯) અવ. **સ્પર,** "લાત મારી દુર કરવું;" ફા૦ **સેપર્દન;** સરખાવો પહલવી **અસ્પર્દન,** યા **સ્પર્દન.**

(૧૨) અહીંબી ઘણાક લોકોને એક મહાન મોજેજો દેખાયો, જેમ દીનમાં કહ્યું છે (તેમ): "એક ચોક્કસ બલદ જે વધારે સોહામનો, [યાને બીજા કરતાં દેખાવડો[1] અને વધારે ઉંચો હતો] તથા ઉમરમાં વૃદ્ધ હતો, તે આગળ ચાલી આવ્યો [એટલે કે, તેના સરદાર ગોધાનીબી આગલ વધી ગયો], ઝરથુશ્ત્રની આગલ દોડી આવ્યો [યાને તેની બાજુપર ખડો રહ્યો], અને તે (બાલક) આખો દીવસ આ રીતે (મોતથી) બચવા પામ્યું;[2] કારણ કે ત્યાં પહેલો આવનાર અને ત્યાંથી છેલ્લો જનાર તેજ ગોધો હતો, અને બીજાં જાણવરોને તેણે બાજુ રાખ્યાં હતાં; તે બેટાની વહાલી માએ (તેવામાં) સંભાલથી દોડી આવી, અને હુશ્યારીથી તેને ઉંચકી લીધો, અને પોતાના જમના હાથની કેરે બેસાડી ધોરી રસ્તા તરફ દુર તેને લઈ ચાલી."

(૧૩) એક (બીજો ચમત્કારીક બનાવ) એવો જણાયો હતો કે પઓરૂશાસ્પ બીજી વખત પેલા કરપ આગલ ગયો, અને ઝરથુશ્ત્રને પેલા બળદોએ કચદી નહિ નાખ્યો તે બાબે તેને કહ્યું, અને ફરીથી ઝરથુશ્ત્રનું મોત કેમ લાવવું તે બાબે સવાલ કીધો; ત્યારે પેલા કરપે (જવાબમાં) એવો ઉપાય બતાવ્યો કે (તે બાળકને) પાણીના ખબોચ્યા કે ટાંકીના[3] મુખ[4] આગલ તેને સંતાડવો, અને તે પાણી તરફ ઘણાક ઘોડાઓને દોડતા કરવા કે જેથી તે ઘોડાઓની ખડીતળે કચડાઈ જાય; અને પઓરૂશાસ્પએ તે મુજબ કીધું. (૧૪) અને અહીં ઘણાક લોકોને એક જોવા જોગ મોજેજો જાહેર થયો, જેમ દીનમાં કહ્યું છે તેમઃ "જે ઘોડો મજબુત ખડીવાલો હતો, [યાને (બીજા ઘોડાઓ કરતાં) જેની ખડીઓ વધારે જાડી[5] હતી], તેમજ તે

---

(૧) **સવગ-આઓમંદ**; અવ૦ **સવ**, "ફાયદો;" "ખુબસુરતી;" ફા૦ **સવક**, "તનના સોભદતાં કદવાલો;" એજ શબ્દ **સુંબ-આઓમંદ** વાંચ્યે તો તેનો અર્થ "મજબુત મોટી ખડીવાલો" એવો થાય. જુઓ ફકરો ૧૪ મો, જ્યાં એવો અર્થ થાએ છે. તે ઉપરથી **અઈવ-અશ સૂંબ મસ ચેહવુન્ત મીન**........વાંચી શકાય. કદાચ એ શબ્દ **સંગ્-આઓમંદ**, "ઘણી ઉંચાઈવાલો," અથવા "મોટા દરજ્જાવાલો," હોય. ડા૦ વૅસ્ટ પ્રમાણે વાંચણઃ **સોગ-આઓમંદ**, "સોગમાં ગીરફતાર," "દીલગીર."

(૨) **બરા આમૂર્ઝીદ**; સરખાવો અવ૦ **મરૅઝ**, "સાફ કરવું," "દફે કરવું." ડા૦ વૅસ્ટનો અર્થઃ "તેને ઘણી દયા આવી" એવો છે.

(૩) **પવન દેહાન્**, "મોઢાં આગલ;" કદાચ **પવન નીહાન્** એમ વાંચ્યે તો "ન જોયલી ગુપ્ત જગાએ" અર્થ થશે. ડા૦ વૅસ્ટ મુજબ વાંચણઃ **પવન્ ગેહાન**, "દુન્યામાં," "જેહાનમાં."

(૪) સરખાવો ફા૦ **આબ-ખૂર.**

(૫) **સ્તબ્રતર**, "ઘણી મજબુત," "ઘણી કઠણ."

પીલા કાનવાલો હતો, તે પોતે હરોલમાં રહી ચાલ્યો [એટલે, તે પોતાના સરદારની આગળ ચાલ્યો], અને તે નજદીક દોડી આવ્યો [એટલે, ઝરથુશ્ત્રની બાજુએ આવી ઉભો રહ્યો], જે આવનારા ઘોડાઓમાં પહેલો હતો, અને જનારા ઘોડાઓમાં તે છેલ્લો (હતો); (તેવામાં) બેટાની વહાલી માદર આસપાસ નેગાહ રાખી તેની આગલ દોડતી આવી, અને હુશ્યારીથી તેને ઉંચકી લઈ પોતાના જમના હાથની કેર ઉપર બેસાડી જાહેર રસ્તા તરફ ચાલતી થઈ."

(૧૫) એક એવો (મોજેજો) જાહેર થયલો છે કે એકવાર ફરીથી પઓરૂશાસ્પ પેલા કરપ આગલ ગયો, અને ઘોડાઓએથી ઝરથુશ્ત્રને કચડી નહિ નાંખ્યો તે બાબે તેને કહ્યું, અને ઝરથુશ્ત્રનું મરણ લાવવાનો બીજો ઉપાય શુ હતો તે વિષે તેને પુછ્યું; પેલા કરપએ જણાવ્યું કે બીજો ઉપાય એ છે કે કોઇએ તેને એક વરૂનાં ગોફા આગલ નાખવો. જોઇએ કે જ્યાં તેના ન્હાના બચ્ચાંઓને[1] મારી નાખેલાં હોય, જેથી જ્યારે પેલું વરૂ આવી પુગે અને પોતાનાં બચ્ચાને કાપી નાખેલાં જુવે ત્યારે પોકાર કરીને તે પોતાનાં બચ્ચાંના કીનામાં જનુની બની ઝરથુશ્ત્રનાં ટુકડા કરી નાખે;[2] અને પઓરૂશાસ્પેએ એ પ્રમાણે કીધું. (૧૬) અને અહિં ઘણાઓને એક ઉમદા મોજેજો દેખાયો, જેમ દીનમાં કહ્યું છે તેમઃ "જાણવું કે જ્યારે પેલી માદા-વરૂ આવી ત્યારે તે ઘણીજ ઉસકેરાઈ ગઈ,[3] પણ ઝરથુશ્ત્ર ઉપર ખોદાતાલાની યારી હોવાને લીધે તે ગુંથણ પર તુટી પડી,[4] જેથી તેનું મોઢું તેનાજ (મુવેલાં) બચ્ચાંની ઉપર લાગી એક બીજાં સાથે વલગી રહ્યું."

(૧૭) (એક મોજેજો) એવો જાહેર થયો કે ઓષ અશો અને બેહમન (તે બાલક) તરફ ચાલી આવ્યા, અને સાથે એક ઉનવાલાં ઘેટાંને[5] તેની આગલ લાવ્યા; આખી

---

(૧) **બુન-નૂશગાન**, "જે બચ્ચાં માતાનું દુધ ધાવતાં હોય તે;" ફારસી શબ્દબી એજ છે. (૨) **સકુનેત**, સરખાવો હુઝવારેશ **સકીના**, "છરી."

(૩) **ચંદ ચુઝીહુ-અસ્ત;** અવ૦ **ચુઝ**, "ઉસકેરવું," "જોસમાં લાવવું." ડા૦ વૅસ્ટનું વાંચણઃ **ચંદ ચુજ્યાસ્ત**, "કેટલાંક હજાર પગલાં," (**ચુજ્યાસ્ત**, એટલે, "૧૦૦૦ પગલાંની દુરી, તફાવત").

(૪) **ઑલા ગૂર્ગ ઝદ ઝ્નુગ્**, સરખાવો અવ૦ **ઝ્નુ**, "ગુંઠણ." ફા૦ **ઝાનૂ ઝદન**, "ગુંઠણપર પડવું તે." ડા૦ વેસ્ટ મુજબઃ **ઝત્ ગુંગ્**, "મુંગું થઈ ગયેલું," "બોલવાને અશકત તેવું."

(૫) વાંચણઃ **કૂલૂશગ**, એ શબ્દ **કૂલ-રિશગ** ઉપરથી નિકલ્યો છે; સરખાવો. હીબ્રુ **કલ**, "મેંઢું," અને અવ **રઍષ, ફા. રીશ**, "ઉન;" તે ઉપરથી અર્થઃ "ઉનથી ભરેલું એક મેંઢું" જેને તે બચ્ચાંને ગરમી અને દુધ આપવા સારૂં અમેશાસ્પેંદોથી લાવવામાં આવ્યું હતું.

ભયંકર રાત સુધી તે (બચ્ચાં)ને આ રીતે પોશણ મલ્યું[1] હતું. (૧૮) પેલી માંદર જેણી દીકરા તરફ વહાલ રાખતી હતી, તેણી બામદાદને વખતે[2] દોડતી આવી, જ્યાંથી ઉનવાલું મેંઢું પસાર થયું હતું તે માર્ગે આવી પુગી, અને તેણી, કુલ ગેતીની શેઠાણી[3], (મેંઢા તરફ ફરી) બોલી: "એને (ઝરથુશ્ત્રને) પેટભરી પોશણ આપવા[4] માટેજ તું દોડી આવ્યું છે." સબબ તેણીએ (મનમાં) ધાર્યું કે: "મારા તે દીકરા તરફ જેટલું ભલું વરૂ છે, તેટલું મારી તરફ તું છે; કારણ (નહિ તો કે) તારી આંખે હાડકાં અને લોહી સીવાય બીજું કંઈ જોવાનું રહેતે નહિ."[5] (૧૯) તેણીનાં બાળક ઝરથુશ્ત્રની આગળ તેણી ગઈ, અને તેને હુશ્યારીથી ઉંચકી લીધો અને ખોદાની મેહરથી જાહેર રસ્તા તરફ ચાલતી થઈ; અને તે ગેતીની શેઠાણી એમ બોલી કે: "હવેથી, મારા દીકરા! તુને હું છુટો મુકીશ નહિ,[6] રાગ અને નઓંદર બેઉ સાથે થઇનેબી આવે તોબી નહિ."

(૨૦-૨૧) અને (દીનમાં) એમ જાહેર છે કે પાછલથી પેલો કરપ દૂરાસૂબ (પોતાના) ચેલા "કીના"[7] સાથે તેજ દેશમાં આવ્યો, અને ઝરથુશ્ત્ર સઉથી ઉંચે દરજ્જે ચહડશે એવું તેને જણાયું; તેઓ તેને માટે કંઈ ઇજા પેદા કરવા યા તેને મારી નાખવા ને કંઈ યુક્તિ જોઈ શકયા નહિ, પણ (તેઓને જણાયું કે) તેના તનનું તત્વ એટલું તો જોરેમંદ અને અજાયબ જેવું હતું કે જેમ દીનમાં જાહેર થયેલું છે તેમ

---

(૧) વાંચણ: **દાયગાનીનીદ**; સરખાવો અવ૦ **દાયંઘહ**, ફા૦ **દાય**, "દાઈ," "આયા." ડા૦ વૅસ્ટનું વાંચણ: **દાયગાંન જવીત્ હમાક તરસીત્ લેલ્યા** એવું છે, તે મુજબ અર્થ "આયાઓ (તેના હસ્વાથી) બીહ ગઈ, અને આખી રાત તેનાથી દુર રહી."

(૨) **લેલ્યા** શબ્દનાં સબંધમાં લેતાં એને **પવન અઉશ**, "બામદાદ" અહીં વાંચ્યો છે.

(૩) **ઝન-ઈ-ગેહાન**, સરખાવો ફા૦ **જેહાન કદખુદાય.**

(૪) સરખાવો અવ૦ **ઉતયૂઇતિ**, "જોર;" તે ઉપરથી પહલવી **ઉતયૂતન**, "મજબુત બનાવવું," "પોશણ આપવું."

(૫) ડા૦ વૅસ્ટ મુજબ તરજુમો: "તું વધારે ને વધારે જોશથી દોડે છે," કારણ કે તેણીએ માન્યું કે "તું મારા તરફ જેટલી ભલાઈ દેખાડે છે તે કરતાં વધારે બેહતર રીતે પેલું વરૂ મારા દીકરાના બાબમાં છે; જ્યારે હું તારી નજર આગલ તેનાં હાડકાં અને લોહી દેખાડીશ (ત્યારે એમ માલુમ પડશે)."

(૬) **ફ્રાજ પેહલુનમ.**

(૭) પહલવી **હાવીશ્ત કીન**, અસલ અર્થ "(તેનો) ચેલો 'કીનો'," "તેની પુઠે ચાલનારૂં 'કપત' ડા૦ વૅસ્ટનો અર્થ:-"એક કીનાખોર ચેલા સાથે." સરખાવો અવ૦ **હાવિશત** અને **કર્યન**; એ બોલોનો સાર "બદખાહ સોબતીઓ" બી થાય.

બ્રાત્રૂગ-રીશ કરપ પોકાર કરી[1] બોલ્યો કે: "જોકે હું આપણા મુલકનાં લોકોમાં જાદુગર તરીકે ઘણોજ દુરઅંદેશ છું, છતાં એ લોકોના (સ્પીતામનાં) મુલકને આગલ વધતો[2] હું જોઉ છું; (તે દેશ) સારી હકુમત રાખનાર [યાને હકુમત કેમ રાખવી તે તે જાણે છે];[3] તે ખીલતો જાએ છે [યાને તેનો વધારો ઘણો અને ઘણો થતો જાએ છે, તેમજ વળી થતો રહેશે]; તે સારાં ગાયઘોર ધરાવનારો છે [યાને ગોસ્પંદો કેમ જાલવવાં તે ત્યાંના લોકો જાણે છે]; તે સારો રસાલો રાખનારો છે[4] [યાને પરદેશી રસાલાને વટીક કેમ સંભાલવો તે ત્યાંના લોકો જાણે છે]; તે સારી રીતે કઉવત આપનારો છે[5] [યાને પરદેશીઓને વટીક મદદ કરવાનું તે જાણે છે];[6] તે અચ્છી રીતે લડનાર છે [યાને લડાઈ કેમ ચલાવવી તે તે જાણે છે]; અને તે સારી રીતે ઉદાર છે[7] [યાને સખાવતનાં નેક કામો કરતાં તેને આવડે છે]. (૨૨) તે (ઝરથુશ્ત્ર) તેની માદરને પેટે જન્મ લે તેની ત્રણ રાત[8] આગમજ પઓઁરૂશાસ્પના તે દુકતા વિષે[9] (એવું હું ધારૂં છું કે) તે બાલક તરફ હાદમંદ દુન્યામાં બેહમન (અમેશાસ્પેંદ

---

(૧) સરખાવો ફા. **ગરરીદન**, "ઘુરકવું;" અવ૦ **ગ્રમ**. કદાચ એ શબ્દ **દબ્ચીત**) હોય તો અર્થ અવ૦ **દવત** ઉપરથી બી "પોકાર કરી બોલ્યો" એવો થશે.

(૨) **ફ્રાજ**.

(૩) અથવા, પોતાની રૈયતને કેમ દોરવવી, યાને કે શું શું હુકમો અને ફરમાનો બાહેર પાડવાં તે વિષે તે જાણે છે.

(૪) અથવા, વફાદાર રૈયત.

(૫) વાંચણ:-**હૂ-આયૂઝીશ્ન**, સરખાવો અવ૦ **આયુજ**, "કઉવત આપવું." "જોડાઈ જવું;" અથવા **યુજેન** (**યઝિશ્ન**, હા ૪૬ મો). ડા૦ વૅસ્ટ મુજબ:-"સારી રીતે મહેનત કરનાર."

(૬) અસલ અર્થ "બીજાઓનું કામ કરવાનું બરાબર આવડે છે." ડા૦ વૅસ્ટ મુજબ:-"જે કામ બીજાના કરતાં બેહતર હોય તે તે સમજે છે."

(૭) **હૂ-રાદી**, "સારી રીતે કીધેલી સખાવત;" અવ૦ **હુ-રાધતિ**. ડા૦ વૅસ્ટ:-"સંપૂર્ણ રીતે ઉદાર, યાને પરમાર્થી સખાવત કરતાં આવેડે તેવો." આ આખો પહલવી ટેક્સ્ત અવસ્તા ઉપરથી કીધેલો તરજુમો લાગે છે જેની અંદરની શરેહ તરીકેનાં વાકયો અને શબ્દોને મેં આવા કૌંશ [ ]માં મુકયા છે.

(૮) **મદમ સે લેલ્યા વદ મિન અબીતરાંન બરા લાલા ઝેરખૂન્ત.** પહલવી **અબીતરાન** શબ્દ માએ તેમજ બાપ બેઉ માટે વપડાય છે, પણ અહીં ખાસ કરી માવતર માટેજ વપડાયો છે.

(૯) **ખુન-નૂશાગ** (અહીં ધીક્કાર બતાવવા વાપડયો છે).

આવશે [યાને ઝરથુશ્ત્ર આગલ બેહમન આવશે], અને (અહુરમઝદ) સાથ ગોફ્તોગુ કરવા માટે તેને લઈ જશે, (અને) આ હફ્તકેશ્વર જમીન ઉપર તેની દીન ફેલાશે; અને વળી મનમાં હું એવી યોજના યોજી રાખીશ[1] કે હું તેનું ક્યાં અને કેમ મોત લાવનાર છું તે બીના તે સમજી શકે નહિ;[2] આ બીના ખરીજ છે [યાને સાચ્ચું જ બોલાયું છે] તેની નિશાણ[3] એ કે હું તે અગમચેતી તરીકે કહું છું, અને જ્યારેથી તમોને એવી બાતમી સંભલાય ત્યારે ખરી વિગટો સમજવા પછી તુરતજ જલદી આગલ વધજો.[4]"

(૨૩–૨૫) પઓૅરૂશાસ્પ ત્યારે ચાર ઘોડાની ગાડી[5] હાંકી ગયો, યાને આવી બીના સાંભલીને, અથવા તેઓના સાંભલવામાં એ વિગટ આવી ત્યારે, પઓૅરૂશાસ્પ ચાર ઘોડાની ગાડી હંકારી આગલ વધ્યો; અને પઓૅરૂશાસ્પએ બ્રાત્રૂગ–રીશ કરપને કહ્યું; "ઓ કરપ બ્રાત્રૂગ–રીશ! જેથી ફરઝંદને માણસો જન્મ વખતે જુવે છે તે રડે છે; એક માંદું આદમી[6] જે મરણની ઘડીએ[7] હોય છે (અને બચ્ચાંને જન્મ આપે છે) તેનું બચ્ચું વટીક રડે છે, એવું (લોકો) જુએ છે;[7] તો મારો છોકરો જે મારે ત્યાં જન્મ્યો છે તે જ્યારે જન્મ્યો[8] ત્યારે હસ્તો દેખાયો[9] કાં હશે? તારે ત્યાં તારો દીકરો જન્મ્યો ત્યારે શું

---

(૧) **લા બરા–ઈચ દહીનમ.** અહીં **લા** તથા **બરા** બેઉ શબ્દો નકાર દર્શક છે તે ઉપરથી અહીં હકાર બતાવે છે. **દહીનમ** શબ્દ દાદન, "સ્થાપવું," ઉપરથી પ્રયોજક રૂપ થયો છે,

(૨) બીજી રીતે લેતાં: " તે જાણતો નથી કે હું તેને કઈ રીતે મારી નાખીશ (**મર્ગીનીદન**)."

(૩) **દખ્શગ ઈ હુના મન્દવમ.** (૪) **ફ્રનામીદ**, સરખાવો અવ૦ **ફ્ર** અને **નમ**, "જવું."

(૫) અવ૦ **ચથ્રુયુખ્ત** (જુઓ **વંદીદાદ**, **ફ.** ૭ મી, ફ૦ ૪૧ મો) અને **રથ**, બેઉ શબ્દો મળી અર્થ "ચાર ઘોડાની ગાડી." પહલવી તરજુમો: **અયૂજીશ્ન રસ–ઈ.**

(૬) **અર્મઍશ્ત**, સરખાવો અવ૦ **અર્મઍશ્ત**, "સ્થિર;" પહલવીમાં માદાં અને **અશકત** માણસ માટે એ બોલ વપડાય છે; જેમકે **ગાસ ઈ અર્મઍશ્ત**, "બીમાર આસામી માટેની જગા."

(૭) બેહતર વાંચણ:–**પવન મર્ગીહ ફ્રાજ ખદીતુન્ત.**

(૮) **ઝેર્ખૂનીશ્ન.** (૯) પહલવી **ફ્રાજ ખદીતુન્ત અમત–શ પવન ઝર્ખુનિશ્ન બરા ખન્દીદ;** અસલ અર્થ: "જ્યારે પોતાના જન્મ વખ્તે તે હસ્યો ત્યારે જોયો."

તેથી હસ્તો જણાયો હતો કે ?"[1] (૨૬) હાદમંદ દુન્યામાં તે ઝરથુશ્ત્રને બેહમન અમેશ-સ્પેન્દ આવી મળશે તે બાબદ પઓરૂશાસ્પએ પાછા ફરતી વખતે બ્રાત્રૂગ–રીશને કહિઃ "અરે! તું કે જે એક પ્રવીણ કરપ છે, તેણે મારા છોકરાને જોયો છે [યાને (તેને) ચગોર ચશ્મે તેં જોઈ લીધો છે]." (૨૭–૨૮) અને કરપ તૂર બ્રાત્રૂગ – રીશે – જ્યારે પઓરૂશાસ્પએ સવાલ પુછ્યો કેઃ–"તારા મનમાં શું હતું કે[2] જે વખતે તુને મારા બેટા આગલ લઈ જવામાં આવ્યો[3] ત્યારે તેનો ઉમદા દમામ અથવા હશ્મત તળે લાંબો વખત સુધી કંઈ ઉમદા ચીજ તરફ જોતો હોય તેમ તેની તરફથી ઉંચે તેં શું ધ્યાણથી જોયા કીધું? તેનાથી દુર સુધી છેક નિચે વટીક ઉંડું[4] જોયા કરીને જુદા જુદા પ્રદેશો તરફ નજર ટાંકી રાખી તેનું કારણ શું હતું?"– ત્યારે તેણે જવાબ આપ્યોઃ– "જ્યારે તેવી હશ્મતવાલા તારા દીકરા આગલ મને લઈ જવામાં આવ્યો ત્યારે મેં કંઈ ઉમદા ચીજ તેની ઉપરથી ઉંચે લાંબો વખત જોયા કીધી, અને પછી જે ઝલકાત તથા ખોરેહ તે સામટું ધરાવતો[5] હતો, અને જે સુરજ સુધી લંબાયલાં હતાં, તે તરફ મેં નજર કીધી, (પણ) તેના તેજ[6] અને ખોરેહનો છેડો મને નહિ જણાયો; એટલું તો મેં માન્યું[7] [યાને એવું મને માલુમ પડ્યું] કે માણસો તેની મીનોઈ શક્તિ સાથેજ મસલેહત રાખીને ખોરશેદ–પાયા (બહેશ્ત)ને[8] લગતો દરજ્જો મેળવે છે, પણ ગરોથ્માનના ઇન્સાફનો ધોરણ[9] કેવો છે તે વિષે હું ખુલ્લે ખુલ્લું જોઈ શકયો નહિ.[10] (૨૯) જ્યારે તારા દીકરાની બુલંદ હશ્મત તલે તેની આગલ મને લઈ જવામાં આવ્યો, ત્યારે મારૂં ધ્યાણ તેનાથી બીજી ગમ દોડ્યું અને લાંબો વખત સુધી છેક નિચે મેં જોયા કીધું, અને તે આગળથી

---

(૧) આ વાક્યનાં તરજુમામાં ડા૰ વૅસ્ટથી હું જુદો પડું છું. (૨) એટલે; "તારો વિચાર શું હતો?" (૩) **પવન મદમ બરિશ્નીહ અફ્રશ્ બૂર્દ.** (૪) **પવન નિગૂનીહ** કૂદ; સરખાવો ફા૰ **નિગૂન–તશ્ત**, "આસ્માન;" અસલ અર્થ એકદમ નિચે યાને જમીનનાં પેટાં સુધી, આસ્માનની નિચેની ઊંડાઈ સુધી.

(૫) **હમ–દાશ્ત**, અસલ અર્થ, "સાથે રાખતા હતો."

(૬) **રાએ;** સરખાવો પહલવી **રાએ–આઓમંદ**, અવ૰ **રએવંત**, "ચલકતું."

(૭) **મદમ હમ–બૂદ**, "આ વિષે મારી ખાતરી છે." (૮) બહેશ્તના ત્રણ જાણીતા તબક્કામાંનો એક. એ ત્રણ તબક્કાઓને અહીં **ખોરશેદ–પાઈગ, માહ–પાઈગ, અને સ્તર–પાઈગ** કહે છે.

(૯) **દાદિસ્તાન.** (૧૦) અસલ અર્થઃ "હું જોઈ શકયો નહિ."

આ પૃથ્વીનાં છેક નિચલાં ભુવન (આકાશ) સુધી મેં જોયું, ત્યારે તેનાં તેજ અને ખોરેહ, જે સામટાં તે ધરાવતો હતો, તેની ઉપર મે નજર કીધી, (પણ) તેનાં તેજ અને ખોરેહ જે તે ધરાવતો હતો અને જે આસમાન[1] સુધી લંબાયલાં હતાં, તેનો છેડોજ મને જણાયો નહિ; વળી અહીંથી તે આસમાન ઉપરનાં ઇન્સાફનાં ધોરણને હું ખુલ્લે ખુલ્લું સમજી શક્યો નહિ. (૩૦) અને જ્યારે ઉમદા મીનોઈ અસર ધરાવનાર તારા બેટા આગલ મને લઈ જવામાં આવ્યો, ત્યારે તેની તરફથી લાંબો વખત સુધી જુદી જુદી બાજુ મેં જોયા કીધું; અને તેનામાંથી (પ્રગટી નિકલતાં) તેજ અને ખોરેહ જે સામટાં આ પૃથ્વીના સણગાર માટે તે ધરાવતો હતો તેઓની તરફ ચોકસઈથી જોયું, પણ તેનો પ્રકાશ અને તેનું ખોરેહ છેડા વિનાનું (હતું); એ વિષે મારી એમ ખાતરી થઈ [યાને મેં એમ માન્યું] કે એની ચાલાક વૃત્તિથી 'તનુ-ઇ-પસીન' થશે; પણ 'તનુ-ઇ-પસીન'ને લગતું ઇન્સાફનું ધોરણ મને ખુલ્લું સમજ પડ્યું નહિં. (૩૧) તારો આ દીકરો એમ ધારે છે કે 'બીજા કોઇબી શખ્સ કરતાં આ તનોમંદ દુન્યામાં વધારે મોહન ચીજ હું કરી બજાવીશ;' પણ ધ્યાન રાખજે કે તું જ્યાંબી જશે ત્યાં એ તેવી ચીજ બજાવશેજ, અને તારો એ દીકરો તારી સાથે નહિ (પણ) પોતાના મુરબ્બી ગુશ્તાસ્પ (પાદશાહ)ની સાથે રહેશે."

(૩૨) એક (મોજેજો) જે વિષે જણાવવામાં આવ્યું છે તે આ છે કે જ્યારે ઝરથુશ્ત્ર સાત વર્ષનો થયો ત્યારે દૂરાસ્રૂબ, પેલા બ્રાત્રૂગ-રીશ કરપએ ઝરથુશ્ત્રને આગળ બરાબર નહિં જોયલો તેને લીધે, પઑરૂશાસ્પને કસબે જઇ તેની સાથ જોડાયો, અને તેઓએ ઝરથુશ્ત્રને પોતાની નજદીકમાં ધ્યાણ આપી જોયો, જ્યારે બીજાં છોકરાઓ સાથે તે ઘર[2] (જેવું,રમકડું) બનાવતો હતો; બુરી દયાનત સાથે તે લોકોએ જાદુગરી હીકમતથી ઝરથુશ્ત્રનાં મનને ઝેર દેવાની[3] (યાને બગાડવાની) કોશેશ કીધી,[4] અને તેટલાવાસ્તે તેઓએ છોકરાઓની ઉપર બીહક અને ધાસ્તીની અસર કીધી.

---

(૧) **આસીમાન.**

(૨) **લેવતા અપુર્નાએ-ઈગાન્ કાતગ કર્દ** (બહેતર વાંચણ: **કતગ્ કર્દ**; સરખાવો ફા૦ **કદહ**); **કાતગ્** લઇએ તો અરબી **કાદીહ**, યાને "અભ્યાસી" એવા અર્થનાં બોલની સાથ સરખાવી શકાય, અને તરજુમો ફેરવીને કરતાં:-"(તેના વર્ગનાં) બીજાં છોકરાંઓ સાથ અભ્યાસમાં ગુંતાયલો હતો (ત્યારે)" એવો અર્થ થઈ શકે.

(૩) **વિનાસીદન.**

(૪) એ **ચેતીબુનસ્ત**નો અર્થ એક ખાસ ફારસી ભાષાની રૂઢી મુજબ થાય છે. સરખાવો ફા૦ **બર દર ઇ દેલહા નિશસ્તન**, "લોકોના દીલ જીતવાની કોશેશ કરવી તે."

(૩૩) અહીં એક આલી ચમત્કાર તેઓના જોવામાં આવ્યો કે જે ઝરથુશ્ત્રના મજબુત મન, સ્વ-કાબુ, જાતી હીંમત અને પ્રતાપમાંથી (જાહેર થયો હતો), જેમ દીનમાં જણાવે છે તેમઃ "જ્યારે (બેઉ કરપોની) બેહુંડી વાતોથી[1] સઘળાં છોકરાં એકદમ[2] ઘણાજ હેબતાઈ ગયાં હતાં, ત્યારે ઝરથુશ્ત્રએ પોતાની મનની નજર તેઓથી જરાબી બંધ કીધી નહિ હતી."[3]

(૩૪-૩૫) એક (વધુ) એવો મોજેજો જાહેર થયો કે જ્યારે તે બેઉ કરપો પઓરૂશાસ્પના ઘરમાં સાથે મલ્યા ત્યારે પઓરૂશાસ્પે ખોરાક[4] તૈયાર કરાવી, તે તૈયાર કરેલું ખાણું ઘોડીના દુધથી ભરેલાં પ્યાલાં સાથે તેઓ આગલ મુક્યું,[5] અને તેણે દુરાસ્રૂબને નિચે મુજબ કહ્યું:-"તું મારા મુલકના રેહેવાસીઓમાં[6] સર્વેથી ચુસ્ત દેવ-પરસ્ત છે, તો મારા આ (દેવતા)ની તું બંદગી કર."[7] (૩૬) (પણ અહીં) જેમ દીનમાં જાહેર કર્યું છે તેમ, તેવણનાં બચપણમાં એક ઉમદા ચમત્કાર ઝરથુશ્ત્રના ડહાપણને લીધે પ્રદર્શીત થયો, તે એકે ઝરથુશ્ત્રએ પોતાનાં પીતાને નિચે મુજબ જવાબ વાળ્યો: "ઓ પીતા! હું એ (તમારા દેવતા)ની પરસ્તેશ નહિ કરવાનો,[8] પણ જે બંદગીને લાયક મારો (અહુરમઝદ) ખોદા છે તેની બંદગી તમારે કરવી જોઇએ."[9] (૩૭) અને (તે ઉપરથી) પઓરૂશાસ્પ બોલ્યો: "જો તું એ મારા (દેવતા)ની બંદગી નહિબી કરશે તોબી મારો (દેવતા) મારા જેવાઓથી[10] પૂજાવાનોજ." (૩૮) ત્રણ વખત તે બેઉ જણાઓએ

---

(૧) **સખૂન ઇ હુરેદીહ**; સરખાવો અવ૦ **હુરેધી**. (૨) **પવન ફ્રાજ્હુ**.

(૩) **ઝક્ ઇ ઑલા દોઇસ્ર ઇ પવન્ મીનિશ્ન**; સરખાવો અવ૦ **દોઇથ્ર** (ધાતું દી: "જોવું"), "આંખ;" "ચશમ."

(૪) સરખાવો અવ૦ **ગંગહુ**, (બુરા માણસનું) "ખાવું." (૫) **ફ્રાજ્-અશ્ દેહીદ**.

(૬) અસલ અર્થ "મારા તાલુકાના માણસોમાંથી." દુરાસ્રૂબને અહીં આગલા આર્યન દેવલોકોનો ચુસ્ત પૂજારો જણાવ્યો છે; આવા દેવોની પૂજા તોડવા સારૂં ઝરથુશ્ત્રનો ધર્મ સ્થાપવામાં આવ્યો હતો. (૭) યાનેકે; "આ મારા (દેવતા) ની પૂજા કરીને (જમવાની બાજ ધર)." હું માનું છું કે પઓરૂશાસ્પ કોઈ ચોક્કસ આર્ય દેવની પૂજા કરનારો હશે, અને તેથી દુરાસ્રૂબને પોતાના માનીતા દેવની પૂજા કરવા તે અરજ કરે છે.

(૮) દુરાસ્રૂબને જે શબ્દો પઓરૂશાસ્પે કહ્યા તે સાંભળતાંજ ઝરથુશ્ત્ર બાહીંમત પોતાના બાપના ધર્મી તરીકાને માનવાની સાફ ના પાડે છે. (૯) યાને, "(અહુરમઝદ) જે આરાધનાને લાયક (સાચો દાદાર) છે, તેની તમોએ બંદગી કરવી જોઇએ."

(૧૦) મારાથી અને બીજાઓથી.

એજ પ્રમાણે બોલવું ચાલું રાખ્યું,[1] તે પછી ઝરથુશ્ત્ર ઉભા થયા અને પોતાનો જમનો પગ વાલી[2] (મુંહણુ ઉપર પડી નમન કરતાં) તેઓની નજદીક નિચલા સખુનો બોલ્યા: "હું અશો નર અને નારીઓને[3] માન આપું છું; હું નીતિમાન ગરીબો-માંના નર અને નારીઓને માન આપું છું, નહિ કે બુરાં મરદો અને ઓરતોને; જ્યારે[4] પઔર્‌શાસ્પ સાથે કોઇબી પુરૂષ જોડાશે, અને જ્યાં ખરી બંદગી કરવામાં (ભાગ લેશે), ત્યાં દરેક બંદગી આખરેબી ખોદાની પરસ્તેશ કરનારાઓને લાયકની બનશે, એટલે કે જેની આરાધના થવી જોઇએ તેનીજ ભકતી (આખરેબી) થશે."

(૩૯) એક (વધુ મોજેજો) નિચે મુજબ જણાયો હતો કે, તે પછી કરપ દૂરા-સૂબે ઝરથુશ્ત્રને કહ્યું:[5] "તનોમંદ હૈયાત પુરૂષોમાં નઓંદર અને રાગ ને વટીક ગણતાં,[6] તારાં નસીબની બરકતને લીધે તું સર્વથી શ્રેષ્ઠ[7] છે, છટાં તારૂં મોત તુને રીબાવીને લાવવાનું હતું,[8] (પણ તેમ બન્યું નહિ તેથી) હું તે (તારૂં બખ્ત) તારી પાસથી છીનવી લેવશ;[9] હું તારો જાન લેવશ (અને તેમ કરવાથી) હું પોતે વધારે લાયક બનશ,[10] [યાને કે તારૂં બુલંદ તાલે મારાથી ખુંચવી લઈજવામાં આવશે;] હમના આંખના એક પલકારામાં, તું કે જે બુલંદીએ પહોંચેલો છે તેનો જીવ હું લેવશ, અને એવું બનશે કે મારી ખુની આંખોથી[11] જે મકાન કે તારૂં નથી તે મકાનમાં

---

(૧) અંદર્ગ બૂર્દ; અહીં પહલવી શબ્દ **અન્દર્ગ** તે અવસ્તા **અન્તરે** ઉપરથી **અન્દરે** બનીને **અંદર્ગ્** થયો છે; **અંદર્ગ્ બૂર્દન** સાથ સરખાવો ફારસી **દર-બુર્દન**, "અંદર લઈ જવું;" "દાખલ કરવું."

(૨) **પવન ઝફ્-ઇ દશ્નો રેગલા ફ્રાઝ્-શફ્રસ્ત.** ડા૦ વૅસ્ટ મુજબ તરજુમો:- "અને તેવણ અમર રહેલા સખુનો ઉચ્ચારી ઉઠયા." ડા૦ વૅસ્ટનું વાંચણ:-"**સખુન ઇ લેયલમિન્.**"

(૩) અથવા, "મરદો અને ઓરતોને."

(૪) **અમત;** અથવા "એવી મકસદથી કે," "એવા હેતુથી કે."

(૫) **દ્રાયીદ્**, બુરા માણસોનું બોલવું; જે ઉપરથી "બડાઈ કીધી."

(૬) **બઍન્;** અસલ અર્થ:-"**રાગો** અને **નોદરે**ની અંદર." (૭) **મૂન્ તર્ ફ્રતૃમ.**

(૮) ડા૦ વૅસ્ટ મુજબ:-"તારી ગણત્રી આફ્તની હતી."

(૯) **મિન્ બાહર બરિશ્નીહ.**

(૧૦) **અશ્ દેશ્નૂનમ, ફ્રાઝ્ અર્જાનીગીનીદ્ હુવાઓમ.**

(૧૧) અથવા. "ખુનખાર. આંખો સાથે;" યાને, "બુરી દાનતથી ભરેલી આંખો સાથે." અહીં દૂરાસૂબ કુદરતી રીતે બ્રાત્રુગ-રીશને હાથે થનારાં ઝરથુશ્ત્રના ખુન બાબે વગર

હું તુને જોવશ." (૪૦) અને અહીં એક મહાન ચમત્કાર ઝરથુશ્ત્રના બાબમાં જાહેર થયો, કે જ્યારે પેલા પાપી નાપાકને ઘણીજ ચાલાકી સાથે આટલી નાજુક ઉમરે—જેમ દીનમાં જણાવ્યું છે તેમ—નિચે મુજબ ઝરથુશ્ત્રએ જવાબ વાલ્યો: "પણુ આંખના એક પલકારામાં, ભલી વૃદ્ધી અને સંપૂર્ણ ભક્તિભાવથી (હુ કહું છું કે), હું ખુલ્લે ખુલ્લી રીતે તું નાપાકનું ફેજ જોઈ શકું છું, એટલે કે, જે દોજખ તારૂં છે તે મકાનમાંજ હું તુને જોવું છું."[1]

(૪૧) એક (વધુ મોજેજો) ઝરથુશ્ત્રએ તે દુરાસ્રૂબ કરપને[2] વિષે આપેલા જવાબ ઉપરથી જાહેર થયો, (જેને વિષે) જેમ દીનમાં જણાવ્યું છે તેમ:—"દસ ઘોડીઓનુ દુધ દોહવવા[3] સારૂં એકજ દુધ દોહનાર હોય અને જેટલો વખત તે લગાડે, તેટલા લાંબા વખત[4] સુધી પેલો ઘાટકી (દ્રવંદ) અશક્ત[5] અને ગભરાયલો[6] પડી રહ્યો."

(૪૨) બીજો ચમત્કાર જે જોવામાં આવ્યો તે આવો હતો:— "જ્યારે તે જાદુગર ગભરાતમાંથી મુક્ત થયો[7] ત્યારે ઝરથુશ્ત્રને તેણે ઉપલાજ સખુનો પાછા કહ્યા, અને ઝરથુશ્ત્રએ પાછો તેજ જવાબ વાલ્યો, (જે સાંભળતાં) દુધાલી વીસ ઘોડીઓ જેનો દુધ કાઢનાર એકજ હોય, તેણે તેઓને દોહવતાં જેટલો વખત લાગે તેટલોવાર નવેસરથી તે ઘાટકી પુરૂષ પાછો અશક્ત અને ગાફેલ થઈ પડ્યો."

(૪૩) ત્રિજો ચમત્કાર જાહેર થયો તે નિચે મુજબ હતો:—"જ્યારે બીજીવાર તે જાદુગર બેભાનીમાંથી બાહેર આવ્યો ત્યારે તેણે તેવીજ રીતે ઝરથુશ્ત્રને પાછુ કહ્યું, અને ઝરથુશ્ત્રએ પાછો તેને તેજ જવાબ દીધો, (જે સાંભળી) દુધાલી ત્રીસ ઘોડીઓને દોહવતાં એકજ દુધ દોહનારને જેટલો વખત લાગે તેટલો વખત સુધી તે કપીંણુ આદમી ફરીથી નીર્બલ અને ગભરાયલો થઈ પડયો."

ધ્યાણે બોલી દે છે. ડા૦ વૅસ્ટનું વાંચણુ:—એકતુનેદ, અને તરજુમો "તે ઉપરથી મને લાગે છે કે બુરી નજરથી એ તુને તે ઘરમાં મારી નાંખશે."

(૧) યાને, બુરાં આસામીઓ જે ઘરમાં જાય છે તેમાં (યાને દોજખની સરજત ભોગવતો) તેને ઝરથુશ્ત્ર જુવે છે.

(૨) **મદમ્ ઑલ્ કરપન.**

(૩) **દૂસિશ્‌ન** કે **દૂસીદાર**; સરખાવો અવ૦ **દુહ**, **દુઘ**, "દુધ દોહવું તે."

(૪) હું એ શબ્દને **દરેંગ્** વાંચું છું, જે અવ૦ **દરેઘ** ઉપરથી નિકલ્યો છે, સામાન્ય રીતે એ શબ્દ **દીરંગ** વંચાય છે.   (૫) **અકાર.**

(૬) **સ્તર્દ**; સરખાવો અવ૦ **સ્તેરેત**, "બીધેલો" (ધા. **સ્તર**, "પંથરાઈ જવું," "વીખેરાઈ જવું.")   (૭) **ફ્રાજ્ ચેહુબૂન્ત.**

(૪૪) એક મોજેજો નિચે મુજબ જણાયો હતો કે જ્યારે પેલો જાદુગર ગભરાતમાંથી સાવધ થયો ત્યારે નિચે મુજબ તે બોલી ઉઠયોઃ–"મારો પેલો ઘોડો હાંકીને લઈ જવા સારૂં[1] તમારે તેને ગાડી[2] સાથ જોડવો, [યાને તેને સામન નાંખી તૈયાર કરવો[3]], કારણ કે મને જે મારનાર છે તે માંથ્રની મદદથી, તેમજ પોતાની સત્તાના બળથી,[4] આ દુન્યામાં આવી પોહોંચતાં મારૂં મરણ નિપજાવશે;" જે સાંભળી પેલા ઘોડાને હંકારી લઈ જવા વાસ્તે તેઓએ તેને એક ગાડી સાથ જોડ્યો. (૪૫) અને આ વખતે ઘણાઓને એક સરસ મોજેજો દેખાયો, જેમ દીનમાં કહેલું છે તેમઃ "જ્યારે કેટલાક યુજયાસ્ત[5] જેટલે દુર બીજાઓની સાથે દુરાસૂબ આગલ ચાલ્યો,[6] ત્યારે એક દરદે તેની ઉપર હુમલો કીધો;[7] તે એકદમ ગભરાઈ ગયો, જેથી મેં જેમ આગળ કહ્યું છે તેમ એમ બન્યું કે, તેની મની એટલી જોસભર બહાર કુટી નિકલી[8] [એટલે કે, તે ચામડીની ઉપર સુધી કુટી નીકલી, અને તેની ચામડી ફાટી ગઈ], અને જેથી તેની જાંગ આગલથી કમર છુટી પડી ગઈ,[9] અને તે પછી તે નિચે તુતી પડીને મરી ગયો;[10] અને તે બાદ તેનાં ફરઝંદો,[11] અને તે બાદ તેનાં ફરઝંદોનાં ફરઝંદો[12] મરી ગયાં."

---

(૧) પ્રયોજક ક્રીયાપદ; અવ૦ **વઝ,** "હાંકવું," "ઉતાવલે જવું." (૨) અવ૦ **રથ.**

(૩) **બઍન્ અસ્નૂનીદ;** સરખાવો ફા૦ **દર બસ્તન,** "બાંધવું."

(૪) **દાદિસ્તાન આઓંમંદીહ્.**

(૫) એજ શબ્દને બીજી રીતે **યૂજીસ્ત** અથવા **યૂજીસ્તા** વાંચવામાં આવ્યો છે, એનો **અર્થ** હીંદી યા સંસ્કૃત ભાષા પ્રમાણે **યોજન** નામનું લંબાઇનું માપ દેખાડે છે. ઇરાનીઓનો એક માઇલ તે એક હજાર પગલાં જેટલો હતો, અને એક **યૂજીયાસ્ત** તે રોમનં ૧૬ માઇલ જેટલો લાંબો તફાવટ હતો. (૬) **બરા મત.**

(૭) **બઍન્ યેગવીમૂનાદ્;** સરખાવો ફા૦ **દર ઈસ્તાદન,** "શરૂ કરવું," "હુમલો લઈ જવો."

(૮) **નસહુન્તન;** "બગાડી નાંખવું," "બેશીકલ કરવું," "મરડી નાંખવું."

(૯) **વ પાહલૂગ્ અઝશ્ વિસસ્ત્ મિન રાન;** સરખાવો ફા૦ **ગુસસ્તન.**

(૧૦) અસલ અર્થ, "અને પછી નિચે પડીને મરી ગયો," "ઉંધે મસ્તક પડીને મરી ગયો." (૧૧) ફા૦ **ખુન-નૂશહ,** અસલ અર્થઃ "દુધ પીતુ બાળક."

(૧૨) **અદીન જક્ ઇ ઑલા ખુન-નૂશગાન ખુન-નૂશગ;** જુઓ પહલવી "**ઝાદ-સ્પરમનાં ચુંટી કાઢેલાં લખાણો,**" પ્રકરણ ૧૯ મું, ફકરા ૧–૮, જ્યાં અહીં કરતાં સહેજ ફેર સાથે એ બીના જણાવી છે.

(૪૬-૪૭) એક મોજેજા વિષે એવું જણાયલું છે કે:-"(અહુરમઝદ સાથ) દીનને લગતી પુછપરછ કરવા જવા અગાઉ જરથુશ્ત્રમાં[૧] એક એવી મન શક્તિ દેખાતી હતી કે જે આખી દુન્યાનાં આદમીઓનાં (મન) કરતાં વધારે ઓહોલી,[૨] અને સઘળી બાકી દોલત કરતાં વધારે ઉમદા હતી; તેવણુની સમજ શકતી[૩] સર્વથી સરસ કઉવત ધરાવતી હતી, તે સાથે તેવણુનું બુદ્ધી બળ સઘળું પારખી શકે તેવું હતું,[૪] તેવણુનું ડહાપણનું બળ[૫] દરેક ચીજ પીછાની લેવામાં શ્રેષ્ઠ હતું;[૬] (તે સાથે) કયાની ખોરેહ જેનું રક્ષણ બહુ ઓહોલું હતું તે, અને અથોરાનાનોનું ખોરેહ જે પવિત્રાઈની અને ઉપયોગી કોશેશો તથા સત્તાની સંપુર્ણ ખાહેશવાલું હતું તે, અને બાહદુરી તેમજ કીર્તીની[૭] બુલંદી, એ સર્વે તેવણુનામાં જોડાયલાં હતાં; અને ખુબસુરત દેખાવડું અને જોરેમંદ શરિર[૮] જેમાં જરથુશ્ત્રના ચાર પેશા-જે આથ્રવન, લડવૈયા, ખેડુત અને હુન્નર ઉદ્યોગના ધંધાને લગતા-હતા તેઓની સઘળી ખાસ્યતો સમાયલી હતી; (તે સાથે વળી) પવિત્ર યઝદી હસ્તીઓ અને ભલાં માણસો સાથની ઉત્તમ દોસ્તી, અને દેવો તથા બુરા માણસો તરફનો સખ્ત ધીક્કાર તેવણુનામાં હતો. (૪૮-૪૯) બે પગાં[૯] માણસોમાં જેવણુ એક યઝદ[૧૦] હોય તેવણુનો ખવાસ[૧૧] એવોજ હોય; પવિત્ર હસ્તીઓ (યઝદો)નાં શ્રેષ્ઠ ગુણો અને અહુરમઝદ તરફની લાયકાતને[૧૨] લીધે આવતી સંપૂર્ણતાની હાલત તેવણુનામાં હતી, જેનાથી (ખોદા સાથની) એકયતા શણુગાર પામે છે તે તેમની હતી, તેથી જેઓ હાલમાં હૈયાત છે, જેઓ હૈયાતી ભોગવી ગયા, અને જેઓ હવે પછી હસ્તી ભોગવશે, તે

---

(૧) **મદમ-અશ;** અસલ અર્થ "તેને વિષે".

(૨) **ફ્રાખૂ-તર,** "વધારે પહોલી થયલી."

(૩) અથવા "બુદ્ધિ."

(૪) અથવા, "જેના કઉવતથી દરેક ચીજનું બરાબર તોલ થઈ શકે છે."

(૫) **પતૂગ્,** "કઉવત"; અવ૦ **પઇતિ** અને **તૂ.** (૬) **હમાગ-અચાવ્,** "સઘળું મેલવતું."

(૭) **તગીગીહ** વ **અર્વંદીહ્;** સરખાવો અવ૦ **અઉર્વન્ત,** "વખાંણાયલું", "પ્રકાશીત"; એનો અર્થ "દબદબો" અથવા "બહાદુરી"બી થઈ શકે.

(૮) અસલ અર્થ: "શરીરનો ખુબસુરત દેખાવ, તથા તેના પુરતાં કઉવત સાથનું."

(૯) સરખાવો અવ૦ **પઇતિશ્તાન,** સંસ્કૃત **પ્રતિષ્ઠાન,** "પગ".

(૧૦) અહીં **યેઝતીહ** શબ્દ **યેઝત-ઈ**ને બદલે આવ્યો છે.

(૧૧) **ચીગુનીહ્.** (૧૨) **સજીગીહ** (**સજાગીહ** ને બદલે).

સઘળાઓ કરતાં તેવણની ઘણી ચઢતી બુલંદીને સારૂં યઝદી શક્તિઓએ, તેવણની અહુરમઝદ સાથની દોસ્તીને લીધે આ દુન્યામાં થનારી આમદ વિષે, સારી ખબર ચોમેર ફેલાવી હતી;[1] તેમજ આ દુન્યાના તે અહુ અને રતુ[2] ની કીર્તી, તથા તે અશો ડાહ્યો પુરૂશ જે તે જમાનાનો સંપૂર્ણ નેકીવાલો અને દુન્યાને જરાબી દુઃખ નહિ દેનારો[3] હતો, તેની ઝબાનનાં બહોલાં જોરની મદદથી,[4] ખરાબી લાવનાર (અહરમન) તરફથી જરાબી હેરાન થયા વીનાની હાલતમાં તેવણ તરફથી થનારો આદમીઓનો છુટકારો[5] તે યઝદી શક્તિઓએ સર્વેને જાહેર કર્યો હતો. (૫૦) વલી દેવો ભલા લોકોની સાથે દોસ્તી રાખવા અને તેમની નજદીક પહોંચવા[6] લાગ્યા, એવી (મતલબ)થી કે તેઓનાં ઘણા કીગો અને કરપો ભલા માણસોને આગલ પાડી[7] ઝરથુશ્ત્રને મુશ્કેલીમાં નાખી તેવણને હરાવશે.

(૫૧-૫૨) અને ઝરથુશ્ત્ર ત્રીસ વર્ષની ઉમરના થયા ત્યારે વોહુમન અમેશ-સ્પેન્દ, અહુરમઝદનાં સુલ્લેહનાં કાસદ તરીકે, તેવણની આગલ આવ્યા, જે વખતે કે ઝરથુશ્ત્ર એક નદીની શાખામાંથી[8] હોમની ક્રિયા કરવાને માટે પાણી[9] લાવતા હતા; જેમ દીનમાં કહ્યું છે તેમઃ–"જ્યારે તે (ઝરથુશ્ત્ર) ત્રીજી શાખા નદી, જે વંઘુહી-દાઇત્ય[10]ની હતી, તે તરફ આવી પુગા ત્યારે તેની અંદર થઇ આગલ ચાલવા મંડ્યા;

---

(૧) ઝક-અશ્ સ્રોબો દેશ્નૂનાન્દ. (૨) ગેતી અને મીનોઈ દુન્યાના ગુરૂ.

(૩) અવિઝન્દીહ-ઇગ્ં. (૪) પવન હૂઝવાન્ ઇ કબદ સ્રાતગ્ દાનાગ્.

(૫) બૂજાઝીહ્.

(૬) વાંચણઃ **મહ્ન્ દારત;** એનેજ બીજી રીતે **મિત્રો દારત્** વાંચી શકાય, જેનો અર્થ "દોસ્તી રાખી" થાય.

(૭) **સારીનીદન્;** સરખાવો અવ૦ **સાર,** "કોઇને પોતાનો સરદાર બનાવવો તે"; જુવો અવ૦ **સાર, સારૅમ્નો** (એ શબ્દના ઉપયોગ માટે જુવો પ્રકરણ ૧ લું, ફકરો ૯ મો). ડા. વૅસ્ટ મુજબઃ "સારાં માણસોપર અસર કરવી."

(૮) **અઍવતાગ્,** ઘણું કરીને **દાઇત્ય** "નદીની એક શાખા, અથવા નેહર".

(૯) પહલવી; **મયા ઇ હુઑમીગાન,** સરખાવો **વિસ્પરદ,** હા ૧૧ મો, ફકરો ૨ જો. **"દ્યાંમ આપૅમ હુઑમ્યાંમ",** જેનો પહલ્વી તરજુમોઃ **"મયા ઈ હુઑમી-ગાંન્"** કરેલો છે. એનો સાર એ કેઃ હઓમની ક્રીયાને સારૂ એક નદીમાંથી ઝરથુશ્ત્ર પાણી લાવતા હતા ત્યારે.

(૧૦) અવ૦ **દાઇત્ય,** ઇરાનવેજની એક નદીનું નામ. **બુન્દહિશ્** (૨૪,૧૪) મુજબ બધી નદીઓ કરતાં મોટી એ નદી હતી.

અને (તેનું પાણી લઈ) ત્યાર પછી પાછું ફરતાં તે નદીના કીનારા ઉપર ચઢતા હતા,[૧] તેવામાં દક્ષીણ[૨] દીશાથી આવતા એક માણસને તેવણે જોયો; તે મર્દ વોહુમન (બેહમન અમેશસ્પેન્દ) હતો; અને તે વોહુમન તનોમંદ હાલતનો એક નમુનેદાર[૩] આદમી જેવો હતો, [યાને બીજા કરતાં શારીરીક બાબદમાં ઉત્તમ દેખાવ[૪] તેનો દેખાતો હતો]; તે નેકીમાં પ્રવીણ [એક નકલ કરવા યોગ્ય નમુનો તે દરેક ચીજ માટે હતો]; અને ઉંચાઇમા તે ત્રણ ભાલા જેટલી લંબાઇવાલા આદમીનાં કદનો[૫] લાગતો હતો; અને તે વોહુમન સરોવરના ઝાડની[૬] એક ડાખલી પોતાના હાથમાં લઈને જાણે આવતા હોય તેમ જણાયા, જેવણને તે ઝાડ લાવતાં કંઈબી તે ઝાડથી ઈજા[૭] થઈ નહતી; એ મઝદયસ્ની દીનનું મીનોઈ ઝાડ હતું,[૮] જે ઉપરથી એવું સાબેત થતું હતું કે મઝદયસ્ની દીનની મદદથી આ દુન્યામાં એવીજ વગર ઈજાની હાલતે[૯] આગળ વધવાનું આદમીને બનવા જોગ હતું." (૫૩) એક (લખનાર) એમ કહી ગયો છે કે મીનોઈ શાંતિનું[૧૦] તે[૧૧] (એક ચીન્હ) હતું, અને તે એવું દેખાડતું હતું કે આ દુન્યામાં દરેક માણસ સાથે સુલ્લેહ સંપજથી રહી શકાય એવી રીતે વગર ઈજાએ આગલ વધવાની દરેક આદમીની ફરજ છે.

(૫૪) જ્યારે ઝરથુશ્ત્ર દાઈત્યની ચોથી શાખા નદી આગળ આવ્યા, અને **અરીખ્સન-રૂદ,**[૧૨] જે વેહદાઇતી નદીનું બીજું નામ છે, ત્યાં સુધી આવી પોંહોંચ્યા

---

(૧) યાને કે, જ્યારે પાછો ફરતાં દાઇત્ય નદીના કીનારા ઉપર તેવણ ચહડતા હતા ત્યારે તેવણે બેહમનને માણસના આકારમાં જોયો.

(૨) **રપિથ્વિનતર્.** (૩) સરખાવો હાલનો ફારસી શબ્દ **પીશ,** "એક નમુનો".

(૪) **પવન્ તન્ ચશ્મતર્.** બીજી રીતે: "તેનું શરીર આંખને ખુશ કરનારૂં હતું."

(૫) **ચંદ્ ઝક્ ઇ સે ગબ્રા નઍઝગ્ બાલાએ.**

(૬) સરખાવો. ફા. **સર્વ્,** "સરોવરનું ઝાડ" (સરખાવો પહલવી **બેહમન યશ્ન,** પ્રકરણ ૧ લું). ડા. વૅસ્ટ મુજબ **અરૂસ્ તાક્,** "એક ચલકતી ડાંખલી."

(૭) અવ૦ **રઍશ, ફા. રિશ્,** "જખમ." (૮) **ઝક્ મઇનૂગ્ તાક ઇ દઍન યેહુવૂન્ત.** (૯) **અરીશીદારીહા.** અહીં જે ઉંચો વિચાર દર્શાવવામાં આવ્યો છે તે એ કે: જેમ બેહમન દીનનું ઝાડ (સરોવર) પોતાના હાથમાં લઇને ચાલતાં ઇજા પામ્યા નહિ, તેમ કોઇબી પુરૂષ તે ઝાડ હાથમાં ધરે–યાને દીનને વલગી તે પ્રમાણે ચાલે–તો તે આ દુન્યામાં કંઇબી હાની પામે નહિં.

(૧૦) **મઇનૂગ્ આશ્તગીહ.** (૧૧) સરોવરનું ઝાડ.

(૧૨) સામાન્ય નામ **દાઈત્ય.** એ નદીને **ઍરૅખ્સીસ** પણ કહે છે.

તથા તેની અંદર થઈને હોમની યઅશ્ને માટે ચોખું પાણી લાવવા ગયા, અને પછી ત્યાંથી કીનારા ઉપર[1] પાછું ફરતાં પોતાનો જમનો[2] પગ અરીખ્સન નદીની બાહેર કાઢી તેવણ કપડાં પહેરતા હતા,[3] તે દરમ્યાન બેહમને તેવણને નજદીક આવવા અને સન્મુખ થવા[4] બાહેશ દેખાડી.[5] (૫૫) ત્યારે તે માણસે (બેહમને જરથુશ્ત્રને) નિચે મુજબ પુછ્યું:–"તું કોણ છે! અને કોણની ઓલાદથી છે?[6]" (ઝરથુશ્ત્રએ જવાબ વાલ્યો): "હું સ્પીતમના ખાન્દાનનો ઝરથુશ્ત્ર છું."

(૫૬) બેહમનનો બીજો સવાલ (નિચે મુજબ હતો)[7]:– "અએ સ્પીતમના ખાન્દાનના ઝરથુશ્ત્ર! તારી ઉમદા[8] જેહમત શાને માટે છે?[9] [યાને શાને ખાતર તુને મેહનત વેઠવાની જરૂર છે?] તારી ઊમદા જાતી મેહનત શાને ખાતર છે? અને શાની તરફ તારી ઇચ્છાની વલણ[10] છે?" (૫૭) ઝરથુશ્ત્રનો જવાબ નિચે મુજબ (હતો): "મારી જેહમત પવિત્રાઇને ખાતર છે, મારી ઉમદા જાતી કોશેશ પવિત્રાઇને ખાતર છે, અને મારી ઇચ્છા પવિત્રાઇ તરફ વલણ (ધરાવે છે), [યાનેકે એવી જ ચીજ

---

(૧) **લાલાઇહ.** (૨) અવ૦ **દશિન.**

(૩) **અફ્રશ્ મદમ્ લેબૂશીહ નિહૂફ્ત,** (અસલ અર્થ: "તેવણ પોતાને કપડાંથી ઢાંકતા હતા)"; અરબી લોગત **લેબાસ્** "પોશાક."

(૪) **પીશ્ નર્યમગ્ પદીરગ્.**

(૫) **આયૂબીહ્;** સરખાવો ફા. **યૂબીદન્,** "ઇચ્છવું."

(૬) **ઉશ્તવઇતી ગાથા** (હા. ૪૩,૭) માંથી આ પહલવી વાક્ય ટાંકવામાં આવ્યું છે

(અવસ્તા) **હ્યત્ મા વોહૂ પઇરિ જસત્ મનંઘહા,**
પૅરૅસત્ચા મા: "ચિશ્ અહી કહ્યા અહી?"

(અવસ્તાનો તરજુમો) "જ્યારે મારી આગલ બેહમન આવ્યો, અને પુછ્યું: "તું કોણ છે? અને કોણનો તું છે?" ઉપલા ગાથાના સ્લોકનો પહલવી તરજુમો નિચે મુજબ છે:–

અમત્ અવો લિ વોહૂમનો બરા મત્, પૂર્સીદ્–અશ્ મિન્
લિ અઇધ્: "મૂન હુવા–આઍ, વ મિન મૂન હુવા–આઍ?"

[ઉપલાં પહલવી તરજુમાનો અર્થ અવસ્તાના તરજુમા બરાબરનો છે]. બેહતર વાંચણ: **મૂન હુવા આએ, મિન્ અઇધ્ હુવા આએ?** "તું કોણ છે અને કયાંથી (આવેલો) છે?" (DM. માં **અઇધ્**ને બદલે ઝક લખાયલો મલે છે.)

(૭) **મિલયા ઇ વોહૂમનો,** અસલ અર્થ: "બેહમનના સખુનો અથવા વચણો."

(૮) ફારસી **ફ્રાજ્,** "ઉંચે દરજ્જેની." (૯) **રંજગ્ બરા યેહવૂનીહ્.**

(૧૦) **લફ્ કામગ્–દહિશનીહ્.**

તરફ વલણ રાખવાની મને જરૂર છે], અને જ્યાં સુધી હું (સચ્ચાઈનો) એક શોધક છું ત્યાં સુધી હમેશાં અશોઇ ઉપરજ મારૂં ચીત હું રોકી રાખીશ."[1]

(૫૮) તે ઉપરથી બેહમનના સખુનો નિચે મુજબ (હતા):–"અએ સ્પીતમનાં ખાન્દાનના (નબીરા) ઝરથુશ્ત્ર! જે ચીજને પવિત્રાઇ (તું કહે છે) તે એક ખરી સત્યતા છે, [યાને કે જે કંઇ વસ્તુ ખરી (છે) તે પવિત્રાઇ ના જેવી છે]; જેથી કરીને એક શખ્સ જે કાંઈ પવિત્રાઇ છે તેની સાથ એક મલતો થઇને, તેને પોતાની બનાવે છે." (૫૯) તે ઉપરથી ઝરથુશ્ત્ર એમ બોલ્યા કે: "એક ખરી સચ્ચાઇ તેજ પવિત્રાઇ છે, અને તે બાબે મને સંપૂર્ણ રોશ્ની અને જ્ઞાન મલેલું છે કે જે કંઈ પવિત્રાઇ છે તેને બેહમન મારફતે એક (અશો) પુરૂષના બાબમાં કેમ મેલવવી?"[2]

(૬૦) જે ઉપરથી બેહમને નિચે મુજબ ઝરથુશ્ત્રને કહ્યું:–"અએ સ્પીતમનાં ખાન્દાનના ઝરથુશ્ત્ર! આ (માણસાઈ શરીરનો) પોશાક[3] જેમાં તું ફરે છે[4] તે (તનો-મંદ) પહેરણ તું કાઢી નાખ, જેથી[5] આપણે તે (ખોદાતાલા) સાથ મસલેહત કર્યે,[6] કે જેણે તુને બનાવ્યો છે, અને જેનાથી હું પેદા થયો છું, જે સર્વેથી વૃદ્ધી કરનાર મીનો છે, જે હસ્તીઓમાં સર્વેથી વધારે કૃપાલુ છે; અને હું જે બેહમન છું તે તેનો પ્રતિનીધિ[7] છું [યાને હું તે ખોદાનો દોસ્ત[8] છું]." (૬૧) ત્યારે ઝરથુશ્ત્રએ નિચે પ્રમાણે મનન કીધું;–"જે પેદા કરનાર દાદાર છે તે ભલો છે, અને આ (તેના) મીત્ર (બેહમન) કરતાં તે બેહતર છે." (૬૨) ત્યાર પછી બેહમનની યારીથી[9] ઝરથુશ્ત્ર અને બેહમન આગળ ચાલ્યા, (બેહમન પહેલાં અને) ઝરથુશ્ત્ર તેની પુઠે.[10]

---

(૧) **વ યશરાદશ્ લિ ચંદ્ ખ્વાસ્તાર્ હુવાઑમ્ મિનમ,** "અને પવિત્રાઈ ઉપરજ હું મનન કરૂં છું, જ્યાં સુધી હું (સત્યનો) શોધક છું (ત્યાં સુધી હું તેમજ કરતો રહીશ)." આ વાક્ય **ઉશતવઈની ગાથા** (હા ૪૩.૯) ના પહલવી તરજુમામાંથી ટાંક્યું છે.

અવસ્તા **અષહ્યા મા અવત્ ઇસાઈ મન્યાઇ.**

પહલવી: **યશરાદશ્ ચંદ્ લિ ખ્વાસ્તાર હુવાઑમ મીનમ.**

(૨) અહીં લખાણ બેવડા અર્થવાલું અને ગુંચવણ ભર્યું છે. કદાચ બીગડેલું હોય.

(૩) બેહતર **જામગ્ ઇ દહ્.** **દહ્** તેમજ **પેહ્યૂન્** બન્ને ક્રીયાપદ તરીકે એક સરખા અર્થના હોવાથી નકલ કરનારે **દહ્** શબ્દને અહીં કહાડી નાખેલો લાગે છે. સરખાવો ફા૦ **દહ્** "માણસનું શરિર યા બંધારણ." (૪) **દેહ્યૂન–આએ,** "તૂ પહેરે છે."

(૫) અથવા "તે પછી," "એ માટે." ફા૦ શબ્દ **ચૂન,** જે જુદે જુદે અર્થે વપડાય છે, તે તપાસો. (૬) **હમ–પૂર્સીમ.** (૭) **ગૂબાક્,** સરખાવો ફા૦ **ગવા,** "સાક્ષી."

(૮) અવ૦ **આખ્શ્ત.** (૯) **પવન્ અવાગીહ્ ઇ વોહૂમનો.** સરખાવો અવ૦ **અવંઘહ્.** (૧૦) **ઝરથુશ્ત્ર આખર.**

GLOSSARY OF SELECT WORDS.



VOLUME XIII.

[Pahlavi] (an-hâl), Book VI., E., § XXII., 6, p. 10, l. 3; *adj.*, "not smooth", "rough," "ખડબચડું" "સફાઇદાર નહિં તે;" comp. Pers. هاله (*hâlah*) "smooth."

[Pahlavi] (av-bars), Bk. VI., E., § XXVII., p. 12, l. 1; "bewilderment," "distraction"; "ગભરાટ," "અકુલામણ," "ટલવલાટ;" Av. [Avesta], (Av. [Avesta] in *Zamyâd Yasht*, 34) Skr. *bhras*, "to fall down through giddiness"; Pers. برس (*bars*) "a halter," "a spur." The Persian reading of the Pahlavi word [Pahlavi] according to DM., is هوبره (*hûbrah*), "distraction."

[Pahlavi] (ared), Bk. VI., E., § XLV., 6, p. 32, l. 1, *n.*, "struggle," "ઝેહે-મત," "લડાઇ;" comp. Av. [Avesta] "to torment." Another reading is *alag*, Arabic حلق (*halaq*) "the throat."

[Pahlavi] (Aîb-dad), Bk. VII., Intro., § 5, p. 3, l. 3, *n.*, "Blemish-giver," "ઐબ આપનાર (અહરમન)." It can be read otherwise: Aîb-gat (Av. [Avesta]) or Khayâ-bîd, "Life-stinger."

[Pahlavi] (ahû-garîh), Bk. VII., Intro., § 14, p. 6, l. 11, *n.* "house-building," "ઘર બાંધવાનો હુનર;" comp. Av. [Avesta] "abode"; Pers. خانگری *khân-garî*. It can be read: âhan-garîh, "the working in iron."

[Pahlavi] (hû-ârîstân), Bk. VI., E., § XXXVIII., 12, p. 25, l. 6, *n.*, "very able men," "ઘણાં શક્તીવાન આદમીઓ;" comp. Pers. آرست (*ârast*) "ability," "power."

[Pahlavi] (âshnô), Bk. VII., chap. I., § 24, p. 28, l. 4, *n.*, "a nest," "પક્ષી-નો માળો;" comp. Pers. آشیانه (*âshyânah*) "nest."

[Pahlavi] (aûz-sâyaginîdan). Bk. VII., chap. I., § 10, p. 23, l. 8; *inf. verb*, "to remove one from one's (parents') house," "મુરબ્બીનાં સાયામાંથી બાહાર કાઢવું;" comp. Av. [Avesta] or [Avesta] and Per. سائیدن (*sâyidan*) "to shelter."

[Pahlavi] (âp-khûr), Bk. VII., chap. II., § 13, p. 49, ll. 8-9; *n.*, "a water-tank or pool," "જાણવરોને પાણી પીવાનો આવારો;" Pers. آبخور (*âb-khûr*).

[Pahlavi] (âyûjishn), Bk. VII., chap. II., § 23, p. 53, l. 12; *v.*, "yoked," "જોડેલા;" [Pahlavi] is the Pahl, rendering of the Avesta [Avesta] "a chariot and four."

[illegible] (armaêshta), Bk. VII., chap. II., § 24, p. 54, l. 5; *adj.*, "invalid (person)," "બીમાર (આદ-મી)"; comp. Av. [illegible] "stagnant," "motionless."

[illegible] (arvandîh). Bk. VII., chap. II., §§ 46-47, p. 62, l. 6; *n.*, "renown," "નામદારી," "કીર્તિ;" comp. Av. [illegible] "renowned," "grandeur."

[illegible] (âyûbidan), Bk. VII., chap. II., § 54, p. 65, l. 4, *inf. v.*, "to wish," "ઇચ્છવું;" Pers. يوبيدن (*yûbîdan*).

[illegible] (avâgîh), Bk. VII., chap. II., § 62, p. 66, l. 11; *n.*, "help," "મદદ;" Av. [illegible], rt. [illegible] "to help."

[illegible] (aûrûsvar), Bk. VII., Intro., § 25, p. 10, l. 5; *n.*, "womb," "ગર્ભસ્થાન;" comp. Av. [illegible], [illegible] "womb."

[illegible] (akhdagîh), Bk. VII., Intro., § 27, p. 11, l. 2; *n.*, "infecttion," "ઝેરી દર્દનો ચેપ;" Av. [illegible]

[illegible] (khûstag), Bk. VII., chap. II., § 10, p. 48, l. 2; *n.*, "માણસો યા જાનવરોનાં પગલાંથી દબાએલો રસ્તો;" "a trodden track;" comp. Pers. خوستک (*khûstak*).

[illegible] (khun-nûshagân), Bk. VII., chap. II., § 15, p. 50, l. 11; *n.*, "cubs," "વરૂનાં બચ્ચાં;" comp. Pers. خون نوشه (*khûn-nûshah*) "the young ones that are suckling their mother's milk."

[illegible] (hanpâr), Bk. VII., Intro., § 32, p. 13, l. 2; *v.*, "swallowing," "ગળપ કરતો," "ખાઇજતો," *inf.* [illegible]; comp. Av. [illegible]

[illegible] (han-châpishn), Bk. VII., Intro., § VI., p. 18, l. 9; *n.*, "collapse," "એકદમ પડી ભાગવું;" Av. [illegible] or [illegible] (*skap*) "to be ruined;" comp. Pers. انجیدن!

[illegible] (gaôtar), Bk. VI., E., § I., 1, p. 1, l. 3; *n.*, "a fawn," "a calf;" "વાછરડું." Skr. गोतर, Pers. گودر. (*gaôdar.*)

[illegible] (gaôkârishn), Bk. VI., E., § XIX., p. 8, l. 1, *abs. n.*, "digestion;" "ખોરાકને પચાવવો તે;" Pers گواریدن (*gavârîdan*), "to digest."

[illegible] (gayân), Bk. VII., Intro., § 5, p. 3, l. 2, *n.*, "of life," "જીંદગીના;" Av. [illegible], rt. [illegible] "to live."

[illegible] (gâzarîh), Bk. VI., E., § XXII., 6, p. 9, l. 11, *n.*; "the profession of a bleacher," "ધોબીનું કામ;" comp. Pers. گازري (*gâzarî*) "bleaching."

[illegible] (gûdan), Bk. VII., chap. I., § 24, p. 28, l. 4, *v.*, "to devour," "ગળપ કરવું," "ખાવું;" comp. Av. [illegible]; Skr. *ghas*, "to eat" (used for evil beings); Pers. گودن (*gûdan*), "to devour."

[illegible] (gâvîyôt), Bk. VII., chap. I., § 29, p. 29, l. 9; *n.*, "pasture-ground," "ઘાસચારાની જગા;" Av. [illegible], Skr. *gavyuti*, "a grazing ground for cattle." It is also spelt [illegible] or [illegible] in Pahlavi.

[illegible] (yâna), Bk. VII., Intro., § 28, p. 11, l. 6; *n.*, "gift," "ભેટ," "બક્ષેશ;" comp. Av. [illegible] "blessing." It can be read jân, "life."

[illegible] (dîsîḍ), Bk. VII., Intro., § 38, p. 15, l. 3; *v.*, "appeared," "દેખાયો" "હસ્તીમાં આવ્યો;" comp. Pahl. [illegible] dîs, "appearance," "resemblance."

[illegible] (îsmag), Bk. VII., chap. I., § 4, p. 21, l. 9; *n.*, "fuel," "બાળવાના લાકડાં;" comp. Av. [illegible], Pers. هیزم (*hîzam*).

[illegible] (yâvastan), Bk. VII., chap. I., § 32, p. 30, l. 7; *inf. v.*, "to put on," "to tie," "બાંધવું;" "આસપાસ વિંટાળવું;" comp. Av. [illegible] "bound with the *kûstî*," or [illegible], from [illegible] [illegible] "the *kûstî*," or [illegible] "putting on the *kûstî*."

[illegible] (gangîḍan), Bk. VII., chap. II., § 15, p. 50, l. 12; *inf. v.*, "to devour," "ખાઈજવું;" comp. Av. [illegible], Skr. *ghas* "to eat" (as the eating of evil beings).

[illegible] (garyîḍan), Bk. VII., chap. II., § 20, p. 52, l. 7; *inf. v.*, "to growl," "ઘુરકવું"; comp. Av. [illegible], Pers. گریدن (*garrîdan*) "to growl." It may be read davyaîḍan, comp. Av. [illegible].

[illegible] (yûzîh-astan), Bk. VII., chap. II., § 16, p. 51, l. 2; *v.*, "to become excited," "ઉસકેરાઇ જવું;" comp. Av. [illegible] "to agitate", "to excite."

[illegible] (dâyagânînîḍan), Bk. VII., chap. II., § 17, p. 51, l. 7; *denom. v.*, "to cause to be nursed," "બચ્ચાંની પરવરશી કરાવવી;" comp. Av. [illegible] "a nurse," Pers. دایه (*dâyah*).

[illegible] (daûrag), Bk. VII., § 34, p. 58, l. 2; *n.*, "goblet," "પીઆલું;" Pers. دوره (*daûrah*) "a wine-measure."

[illegible] (dûsîḍâr), Bk. VII., chap. II., § 41, p. 60, l. 4; *n.*, "milker" "દુધ દોહનાર;" Av. [illegible] "to milk," Skr. *duh*, Pers. دوشیدن (*dûshîdan*) or دوختن (*dûkhtan*).

[illegible] (ni-ûzîh-êḍ), Bk. VII., chap. I., § 42, p. 33, l. 5; *v.*, "tied round," "આસપાસ સીકડી લીપેટું;" comp. Pers. آوزیدن (*aûzîdan*) "to suspend."

[illegible] (ûstakhânîh), Bk. VI., E. § VII., p. 3, l. 11, *n.*; "constancy"; "સ્થિરતા," "દ્રઢતા;" comp. Pers. وستوخواني (*ûstûkhvânî*) "integrity" "steadiness."

(nisang), Bk. VI., E., § XXXV., 1, p. 21, l. 4; *n.*, "a compendium," "a book", "ચોપડી," "કિતાબ." It is the pahlavicised form of the Av.

(nîrmad), Bk. VI., E., § XLV., 2, p. 30, l. 10; *n.*, "a share," "હિસ્સો," "ભાગ;" technically the share of the income of a *panthak*, which the head-priest allots to his colleague.

(vishgar), Bk. VI., E., § XXX. 11, p. 18, l. 3; *n.*, "a lonely, place," "a jungle;" "એકાંત જગ્યા," "જંગલ." In the Vendidâd VIII, 95, it is the Pahlavi rendering of the Avesta "a hunting ground."

(vizâyîdan), Bk. VI., E., § XLIII., 2, p. 28, l. 8; *v.*, "to afflict," "to distort;" "દુઃખ દેવું," "બગાડવું;" comp. Pahl. or , Pers. ویختن (*vîkhtan*) or بیختن (*bîkhtan*) "to twist."

(nipâyîdan), Bk. VII., chap. II., § 11, p. 48, l. 5; *inf. v.*, "to hide," "to shelter," "છુપાવવું," Av. "to protect under something."

(ûtayûtan), Bk. VII., chap. II., § 18, p. 51, l. 9; *v.*, "to strengthen," "કૌવતમંદ કરવું", "જોરાકથી કૌવત આપવું"; comp. Av. "strength," + + where the rt. means "to support."

(vâzîdan), Bk. VII., chap. II., § 44, p. 61, l. 2; *inf. v.*, "to be driven," "હંકારવું;" comp. Av. "to drive," "to hasten away."

(vas-aôj), Bk. VII., Intro., § 25, p. 10. l. 8; *adj.*, "of much strength," "ઘણું કઉવતવાળું;" comp. Av. . It can be read nisîvich, "depraved," or nas'-hunich, "decaying."

(vîkhîz), Bk. VII., Intro., § IV., p. 18, l. 5; *n.*, "departure," "ગુજરવું;" a corruption of âkhîz, "rising," "ascension."

(vârag), Bk. VII., chap. I., § 1, p. 20, l. 4; *n.*, "a series," "માળા;" "હાર;" Pers. واره (*vârah*), "a row," "a series."

(kishn), Bk. VI., E., § I., 1, p. 1, l. 4; *n.*, "tillage;" "ખેતી;" comp. Pahlavi (kishtan) "to till."

(kûrvârgarîh), Bk. VI., E., § XXII., 6, p. 9, l. 10; *n.*, "the work of a carder of cotton," "કાંતવાનો ધંધો; comp." Pers. کلن (*kuln*), "carded cotton."

(kûlûshag), Bk. VII., chap. II., § 17, p. 51, l. 6; *n.*, "a woolly sheep," "ઘણું ઉનવાળું [illegible];" comp. Hebrew *kal* "a sheep," and Av. , Pers. ریش (*rîsh*) "wool," originally (kûl-rîshag), then (kûlrishag).

[illegible] (karîch-ih), Bk. VII., chap. I., § 16, p. 25, l. 7; *n.*, "a roof," "a house," "છાપરું," "ઘર;" Pers. کریچ (*karîch*).

[illegible] (charag), Bk. VI., E., § I, 1, p. 2, l. 1; *n.*, "nourishing pasture;" "ગોચરણની જગ્યા;" Skr. गोचरण; Pers. چرا or چرا کردن "to graze," "to pasture."

[illegible] (zâb), Bk. VI., E., § IX., p. 4., l. 11; *n.*, "property," "possession;" "માલ, મીલકત"; Pers. زاب "property," "fountain."

[illegible] (zadîḍan), Bk. VII., Intro., § 13, p. 6, l. 4; *inf. v.*, "to urge," "to beseech," "તાકીદ કરવી," "અરજ કરવી;" comp. Av. [illegible] "to solicit;" Pers. جستن (*jastan*).

[illegible] (zafra), Bk. VII., chap. I., § 27, p. 29, l. 2; *n.*, "the jaw," "જડબું;" Av. [illegible] "mouth," rt. [illegible] or [illegible] "to yawn," comp. [illegible]

[illegible] (znug), Bk. VII., chap. II., § 16, p. 51, l. 3; *n.*, "the knee," "ઘુંટણ"; comp. Av. [illegible], "the knee;" Pahl. [illegible] [illegible] (znug zaḍan), Pers. زانو زدن (*zânû zadan*) "to kneel down."

[illegible] (tarsh), Bk. VI., E., § XXXV., 5, p. 22, l. 3; *n.*, "sorrow," "sadness;" "દલગિરી," "બલાપો;" Pers. ترشی (*turshî*), "sad," or ترش (tursh) "sour," "morose." It can be read *tarîh*, "contempt."

[illegible] (taraft), Bk. VI., E., § XLV., 20, p. 35, l. 4; *v.*, "lost," "ગયું રહેલું," "ગુમ થયલું;" comp. Av. [illegible] "to snatch away" (see Av. [illegible], *Yasna* XI., 5).

[illegible] (patûg), Bk. VI., E., § XXIX., 12, l. 9; *n.*, "food," "ખોરાક;" Av., Skr. [illegible], [illegible] "nourishment."

[illegible] (frûḍ-mânand), Bk. VI., E., § XLIII., 3, p. 29, l. 3; *adj.* or *n.*, "a position of great degradation," "ઘણોજ હલકો દરજ્જો"; comp. Pers. فرومانده (*frû-mândah*), "dejected," "oppressed."

[illegible] (paragânînîḍan), Bk. VII. Intro., § 10, p. 5, l. 2; *inf. v.* "to encompass," "આટોપી લેવું;" comp. Pers. پرگار "compass."

[illegible] (pôrû-shaétîh), Bk. VII., Intro., § 20, p. 9, l. 2; *n.*, "full of happiness," "સુખથી ભરપુર;" comp. Av. [illegible] "prosperity," "affluence." It can be read pôrû-shîtîh, "full of habitations," Av. [illegible] "residence," [illegible] "to live."

[illegible] (franâmishn), Bk. VII., chap. I., § 25, p. 28, l. 6; *n.*, "salutations," "સલામ;" comp. Skr., प्रनाम.

[illegible] (parshn), Bk. VII., chap. I, § 4, p. 21, l. 7; *n.*, "flight," "ઉડવું;" comp. Av. [illegible] "going for-

ward;" Pers. پرش (*parsh*) "flight."

(pâîmish), Bk. VII., chap. I., § 54, p. 37, l. 7; *v.*, (pâîmûdan), "to quaff," "to drink," "ગટગટાવવું," "પી જવું;" comp. Pers. باد پیمودن (*bâd paêmûdan*) "to quaff wine,"

(*frâshma*), Bk. VII., chap. I., § 56, p. 37, l. 12; *adj.*, "prosperity-causing," "આબાદી કરનારી; comp. Av. (rt.).

(prashnân), Bk. VII., Intro., § 36, p. 14, l. 10; *n.*, "questions," "સવાલો;" comp, Av. , Skr. *prashna.*

(bûrdâr), Bk. VII., Intro., § 25, p. 10, l. 5; *n.*, "mother," "માઈ;" comp. Av. "the female that bears children."

(an-basânînîdan), Bk. VII., chap. I., § 6, p. 22, l. 5; *inf. verb*, "to conflict," "અથડાઅથડી કરવી;" comp. Pers. بسان (*basân*) "like," "similar."

(brîshtan), Bk. VII., chap. I., § 54, p. 37, l. 5-6; *inf. v.*, "to roast," "ઘીમાં પકાવવું; Pers. بریشتن (*brishtan*).

(mûshîdan), Bk. VI., E., § XLV., 21, p. 35, l. 10; *inf. v.*, "to injure," "to grieve;" "દુઃખકરવું," "આઝુર્દેહ થવું"; comp. Av. , Skr. मुष, "to injure," "to plunder;" Pers. موش (*mûsh*), "grief," "lamentation."

(manîtuntag), Bk. VII., Intro., § 8, p. 4, l. 6; Huzvaresh *v.*, "to repeat," "to enumerate," "ફરીફરીને ગણાવવું," "વિગતે ગણાવવું."

(Malkôshân), Bk. VII., Intro., § 24, p. 10, l. 2; *adj.*, "deadly," "dire," "ભયંકર;" comp. Av. "death." See footnote 10, p. 9 of the English translation.

(mâd-gasht), Bk. VII., chap. I., § 1, p. 20, l. 4; *n.*, "material conditions," "તનોમંદ હાલત;" Pers. مادہ (*mâdah*) "material," and گشت (*gasht*) "surroundings."

(maêsha), Bk. VII., chap. I., § 2, p. 20, l. 9; *n.*, "the constellation of Aries," "મેષ રાશિ;" Av. .

(mâshyâ), Bk. VII., chap. I., § 54, p. 37, l. 5; Huzvaresh *n.*, "butter," "માખન." The word is Semetic.

(rasan), Bk. VI., E., § I, 1, p. 1, l. 4; *n.*, "a piece of rope," "દોરડું;" Pers. رسن

(râm-shah), Bk. VII., Intro., § V., p. 18; l. 8; *n.*, "an obedient king," "(અહુરમઝદનાં ફરમાનને) તાબેદાર પાદશાહ"; comp. Pers. رام (*râm*), "submissive," "faithful."

رسی (*ras-î*), Bk. VII., chap. II., §

23, p. 53, l. 12; *n.*, "a chariot," "રથ;" comp. Av., Skr. [Avestan] *ratha*.

[Pahlavi] (lebûshîh), Bk. VII., chap. II. § 54, p. 65, l. 3; *n.*, "clothes," "કપડાં"; Arabic لباس (*libâs*) "dress."

[Pahlavi] (spardan), Bk. VII., chap. II., § 11, p. 48, l. 7 ([Pahlavi]); *inf. v.*, "to trample," "પગતળે કચડી નાખવું;" comp. Av. [Avestan] "to spurn," Pers. سپردن (*spardan*).

[Pahlavi] (savag-âômand), Bk. VII., chap. II., § 12, p. 4, l. 10; *adj.*, "beautiful," "ખુબસુરત"; Av. [Avestan] "profit," "beauty"; Pers. سوک (*savak*) "having a symmetrical body."

[Pahlavi] (stavratar), Bk. VII., chap. II., § 14, p. 50, l. 1; *adj.*, "thicker," "ઘણી સખત;" comp. Av. [Avestan] "solid."

[Pahlavi] (sakûntan), Bk. VII., chap. II., § 15, p. 50, l. 12; *inf. v.*, "to cut to pieces." "કતકે કરવા;" "કાપી નાખવું." A semetic verb; comp. Pahl. [Pahlavi] (sakînâ) "a knife."

[Pahlavi] (sarvîg), Bk. VII., chap. II., § 52, p. 64, l. 4; *n.* (for [Pahlavi] sarvîh) "the cypress tree," "સરૂ-વરનું ઝાડ;" comp. Pahl. [Pahlavi], Pers. سرو

[Pahlavi] (sârinishn), Bk. VII., chap. I., § 9, p. 23, l. 4; *n.*, "instigation," "ઉશ્કેરણી:" comp. Av. rt. [Avestan] "to influence." "to make one as the leader of"; comp. Av. *sâra*, *sâremnô*, Pers. سار (*sâr*) "incitement," "affliction" (*vide* chap. II., § 50).

[Pahlavi] (shastan), Bk. VII., chap. I., § 38, p. 32, l. 4; *inf. v.*, "to cast," "ફેંકવું;" "નાખવું;" Pers. شستن (*shastan*).

[Pahlavi] (sûbârishn), Bk. VII., chap. I., § 39, p. 32, l. 7; *n.*, "the pouring of the water," "વરસાદની પાણીનું વરસવું;" comp. Pers. سوب (*sûb.*) "water," and باریدن (*bârîdan*).

[Pahlavi] (shasp), Bk. VI., E., § XXXV., 2, p. 21, l. 7; *adj.*, "jumping down," "કુદકા મારતું ઉંચેથી પડવું;" Pers. شسپ (*shasp*) "skipping."

[Pahlavi] (shivanî), Bk. VI., E., § XII., p. 6, l. 1; (for [Pahlavi] shivanig) *adj.*; "grieved," "દુઃખગિરીભરેલો;" [Pahlavi] also means "lamentation."

ADDITIONS, ALTERNATIVES AND CORRECTIONS.

Pahlavi Text and Transliteration.—Book VI., page 2, line 6, w. 1, for [Pahlavi] DM [Pahlavi].—Page 10, l. 4, w. 2, for [Pahlavi] DM. [Pahlavi].—P. 15, l. 8 (trans.), w. 4. read Garô-demâna for Garôtmân—*Ibid,* l. 9, w. 1 (trans.), read bîsh-*î*.—P. 16, footnotes, l. 1, read K. adds [Pahlavi].—P. 17, l. 11, w. 7, for [Pahlavi] DM. [Pahlavi].—P. 17, l. 4 (trans.), w. 4, read ʻAmat-am... —*Ibid,* l. 10, w. 8 (trans.), read anâ*g*-kâma*g*.—P. 20, l. 2, w. 4, for [Pahlavi] DM. [Pahlavi].—P. 21, l. 7, w. 9, read [Pahlavi].—*Ibid,* l. 10 (trans.), w. 4, read avârîg.—P. 24, l. 3 (trans.), w. 8, read yegavîmûnêḍ.—P. 28, l. 9, w. 3, read [Pahlavi].—P. 28, l. 8 (trans.), w. 11, read ô*l*.— P. 30, l. 4, w. 1, for [Pahlavi] DM. [Pahlavi].—P. 34, footnotes, l. 1, read vêshîshn.—P. 35, l. 8 (trans.), w. 3, read arataêshtârîh.—P. 36, l. 3, w. 3, for [Pahlavi] DM. [Pahlavi].

Book VII., p. 4, l. 4, w. 4, for [Pahlavi] read [Pahlavi].—P. 6, l. 11, w. 4, for [Pahlavi] DM. [Pahlavi].—P. 13, ll. 4 and 11, (trans.), read marenchînîḍâr.—P. 25, l. 7, w. 2, for [Pahlavi] DM. [Pahlavi].—P. 40, l. 1, w. 5-6, read [Pahlavi].—In the transliteration read Ameshûspendân or Amaesûspendân, Pôrûshâsp, or Paôrûshâspô.